અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૫ ડિસેમ્બર ૨૦૨૪, રવિવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, માગશર પૂનમ | અંક : ૧૬૪ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ચર્ચા માટે JPCમાં મોકલવાની તૈયારી

# સોમવારે સંસદમાં વન નેશન વન ઈલેક્શન બિલ રજૂ કરશે સરકાર

## JPC તમામ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે વિગતવાર ચર્ચા કરશે અને આ પ્રસ્તાવ પર સામૂહિક સર્વસંમતિની જરૂરિયાત પર ભાર મૂકશે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।**

કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલ સોમવારે લોકસભામાં વન નેશન વન ઈલેક્શન બિલ રજૂ કરશે. સરકારી સૂત્રોએ જણાવ્યું કે, આ બિલને ચર્ચા માટે JPC પાસે મોકલવામાં આવશે. લાંબી ચર્ચા અને સર્વસંમતિ માટે સરકાર આ બિલને સંયુક્ત સંસદીય સમિતિ (JPC) પાસે મોકલશે. JPC તમામ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે વિગતવાર ચર્ચા કરશે અને આ પ્રસ્તાવ પર સામૂહિક સર્વસંમતિની જરૂરિયાત પર ભાર મૂકશે.

દેશમાં હાલમાં અલગ-અલગ રાજ્યોમાં અલગ-અલગ સમયે ચૂંટણી યોજાય છે. કાયદો બન્યા બાદ દેશમાં એક સાથે ચૂંટણી કરાવવાની તૈયારી છે. જો કે, સરકારના આ પગલાનો કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી જેવી ઘણી I.N.D.I.A. બ્લોકની પાર્ટીઓએ વિરોધ કર્યો છે. વિપક્ષનો આરોપ છે કે આનાથી કેન્દ્રમાં સત્તારુઢ પાર્ટીને ફાયદો થશે. નીતિશ કુમારની JDU અને ચિરાગ પાસવાન જેવા પ્રમુખ NDA સહયોગીઓએ એક સાથે ચૂંટણી યોજવાનું સમર્થન કર્યું છે. 'વન નેશન વન ઈલેક્શન'ને વારંવાર ચૂંટણીઓ સાથે જોડાયેલી ખર્ચ અને વિક્ષેપોને ઘટાડવા માટે એક મહત્વપૂર્ણ સુધારા તરીકે જોવામાં આવી રહ્યું છે.



વન નેશન વન ઈલેક્શન પર વિચારણા માટે બનેલી ઉચ્ચ સ્તરીય સમિતિએ જણાવ્યું કે, આ પ્રસ્તાવને લઈને ૩૨ રાજકીય પાર્ટીઓએ સમર્થન આપ્યું છે, જ્યારે ૧૫ પાર્ટીઓએ તેનો વિરોધ કર્યો છે. આ ઉચ્ચ સ્તરીય સમિતિની અધ્યક્ષતા પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે કરી હતી. રામનાથ કોવિંદે ઓક્ટોબરમાં ૭મા લાલ બહાદુર શાસ્ત્રી સ્મૃતિ વ્યાખ્યાન દરમિયાન કહ્યું હતું કે, વિરોધ કરનારી ૧૫ પાર્ટીઓમાંથી કેટલીક પાર્ટીઓએ 'વન નેશન વન ઈલેક્શન'ના વિચારનું સમર્થન કર્યું હતું. પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે 'વન નેશન વન ઈલેક્શન' સાથે જોડાયેલી અનેક મહત્વ પૂર્ણ બાબતો જણાવી છે. તેમણે જણાવ્યું કે, આ રિપોર્ટ તૈયાર કરવામાં લગભગ ૬ મહિનાનો સમય લાગ્યો છે. ૩ મહિના તો ઈન્વિટેશનમાં લાગી ગયા. ત્યારબાદ અમે ઈન્ટરેક્શન શરૂ કર્યું. ૨ મહિના ડે ટૂ ડે બેસિસ પર ઈન્ટરેક્શન કર્યું. આ રિપોર્ટ ૧૮ હજારથી વધુ પેજનો છે. મને જાણકારી આપવામાં આવી કે, આજ સુધી ભારત સરકારની કોઈ કમિટીએ આટલો મોટો રિપોર્ટ સબ્મિટ નથી કર્યો. આ અહેવાલ ૨૧ વોલ્યૂમ્સમાં બનાવવામાં આવ્યો છે. આ માટે અમે લોકો પાસેથી સૂચનો માગ્યા હતા. આ માટે ૧૬ ભાષાઓમાં ૧૦૦થી વધુ જાહેરાતો આપવામાં આવી હતી. ૨૧૦૦૦ લોકોએ તેના પર પ્રતિક્રિયા આપી હતી. ૮૦% લોકો તેના પક્ષમાં છે. આ સિવાય અમે પૂર્વ ચીફ ઈલેક્શન કમિશનરને પણ ફોન કર્યો હતો. ફિક્કી, આઈસીસી, બાર કાઉન્સિલના પ્રતિનિધિઓને પણ બોલાવવામાં આવ્યા હતા.

### મોદી સરકારની ખેડૂતોને નવા વર્ષની ભેટ

# ૧ જાન્યુઆરીથી કોઈપણ ગેરંટી વિના ૨ લાખ સુધીની લોન મળશે

## ખેતીના વધતા ખર્ચ વચ્ચે નાના અને સીમાંત ખેડૂતોને મદદ કરવા માટે આ પગલું લેવામાં આવ્યું છે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।**

ખેડૂતો માટે સારા સમાચાર છે. ભારતીય રિઝર્વ બેંકે નવા વર્ષ પર ખેડૂતોને મોટી ભેટ આપી છે. RBIએ ખેડૂતોને ગેરંટી વગરની લોનની મર્યાદા વધારીને ૨ લાખ રૂપિયા કરી દીધી છે. પહેલા આ મર્યાદા ૧.૬૦ લાખ રૂપિયા હતી. આ યોજનાથી દેશના કરોડો ખેડૂતોને ફાયદો થશે.



ખેડૂતોને રાહત આપતા, ભારતીય રિઝર્વ બેંક (RBI) એ ૧ જાન્યુઆરી, ૨૦૨૫ થી ખેડૂતો માટે ગેરંટી વિના લોનની મર્યાદા ૧.૬ લાખ રૂપિયાથી વધારીને ૨ લાખ રૂપિયા કરી દીધી છે. ખેતીના વધતા ખર્ચ વચ્ચે નાના અને સીમાંત ખેડૂતોને મદદ કરવા માટે આ પગલું લેવામાં આવ્યું છે. તમને જણાવી દઈએ કે ૨૦૧૦માં આરબીઆઈએ કોઈપણ ગેરંટી વિના કૃષિ ક્ષેત્રને ૧ લાખ રૂપિયા આપવાની મર્યાદા નક્કી કરી હતી. બાદમાં ૨૦૧૯માં તે વધારીને ૧.૬ લાખ રૂપિયા કરવામાં આવી હતી. નવા નિર્દેશમાં દેશભરની બેંકોને કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિ માટે લોન લેનાર દીઠ રૂ. ૨ લાખ સુધીની કોલેટરલ અને માર્જિનની જરૂરિયાતો માફ કરવા કહેવામાં આવ્યું છે.

કૃષિ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ નિર્ણય વધતા ખર્ચને સંબોધવા અને ખેડૂતો માટે લોનની પહોંચ સુધારવા માટે લેવામાં આવ્યો છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, આ પગલાથી ૮૬% થી વધુ નાના અને સીમાંત જમીનધારક ખેડૂતોને ઘણો ફાયદો થશે. બેંકોને દિશાનિર્દેશોનો ઝડપથી અમલ કરવા અને નવી લોન જોગવાઈઓ અંગે વ્યાપક જાગૃતિ સુનિશ્ચિત કરવા સૂચના આપવામાં આવી છે. આ પગલાથી કિસાન ક્રેડિટ કાર્ડ (KCC) લોનની સરળ ઍક્સેસની સુવિધા અપેક્ષિત છે અને સરકારની સુધારેલી વ્યાજ સબવેન્શન સ્કીમને પૂરક બનાવશે.

આ યોજના હેઠળ, સરકાર ૪% અસરકારક વ્યાજ દરે ૩ લાખ રૂપિયા સુધીની લોન આપે છે. તમે કોઈપણ બેંકમાં જઈને ૨ લાખ રૂપિયા સુધીની આ કોલેટરલ ફ્રી લોન માટે અરજી કરી શકો છો. આ માટે ખેડૂતે કોઈપણ પ્રકારનું કંઈપણ ગીરો રાખવાની જરૂર રહેશે નહીં. જો કે, તમે આ લોન માટે ૧ જાન્યુઆરી, ૨૦૨૫થી જ અરજી કરી શકશો. તે પહેલાં નહીં. આરબીઆઈના આ પગલાથી કિસાન ક્રેડિટ કાર્ડ (KCC) લોનની માંગમાં વધારો થવાની સંભાવના છે.

### લોકસભામાં રાહુલ ગાંધીએ એકલવ્યનું દ્રષ્ટાંત આપી સરકાર પર કર્યા પ્રહાર

# કેન્દ્ર સરકાર યુવાનો અને ગરીબોના અંગૂઠા કાપી રહી છેઃ રાહુલ ગાંધી

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।**

ભારતના બંધારણને અપનાવવાની ૭૫મી વર્ષગાંઠ પર ચર્ચા દરમિયાન લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ સરકાર પર જોરદાર નિશાન સાધ્યું હતું. આ દરમિયાન, રાહુલ ગાંધીએ ભાજપ-RSS અને સાવરકર પર જોરદાર નિશાન સાધ્યું હતું. રાહુલ ગાંધીએ કહ્યું કે, વીડી સાવરકરે કહ્યું હતું કે, બંધારણમાં કંઈ પણ નથી, મનુ સ્મૃતિ કાનૂન છે.



ગાંધીએ કહ્યું કે, આપણું બંધારણ નવા ભારતનું બંધારણ છે. બંધારણમાં આપણા નવા ભારતના વિચારો છે. ભારતમાં બે વિચારોની લડાઈ ચાલી રહી છે. રાહુલ ગાંધીએ કહ્યું કે, હું મારા ભાષણની શરૂઆત સર્વોચ્ચ નેતાના નિવેદનને ટાંકીને કરવા માંગુ છું, જેઓ ભાજપના નહીં પરંતુ RSSના વિચારોના આધુનિક દુભાષિયા છે, ભારતના બંધારણ વિશે અને તેઓ માને છે કે, ભારતને કેવી રીતે ચલાવવું જોઈએ, તેના વિશે કહે છે – "ભારતના બંધારણની સૌથી ખરાબ વાત એ છે કે, તેમાં ભારતીય કંઈ નથી. મનુસ્મૃતિ એ શાસ્ત્ર છે, જે વેદ પછી આપણા હિંદુ રાષ્ટ્ર દ્વારા સૌથી વધુ આદરણીય છે અને જે આપણી પ્રાચીન સંસ્કૃતિ, રિવાજો, વિચારો અને વર્તનનો આધાર છે. આ પુસ્તકે સદીઓથી આપણા રાષ્ટ્રની આધ્યાત્મિક અને દૈવી યાત્રાને સંહિતાબદ્ધ કરી છે. આજે મનુસ્મૃતિ કાયદો છે. આ સાવરકરના શબ્દો છે. સાવરકરે તેમના લખાણોમાં સ્પષ્ટપણે કહ્યું છે કે, આપણા બંધારણમાં ભારતીય કંઈ નથી. તેમણે સ્પષ્ટ કહ્યું છે કે, જે પુસ્તક ભારત ચાલે છે તેને આ પુસ્તકમાંથી બદલી દેવું જોઈએ. આ બાબતની લડાઈ છે." હાથરસનો મુદ્દો ઉઠાવતા રાહુલ ગાંધીએ કહ્યું કે, "હાથરસમાં ચાર વર્ષ પહેલા એક દલિત બાળકી પર બળાત્કાર થયો હતો. ગુનેગારો બહાર ફરતા હોય છે, જ્યારે પીડિતાના પરિવારો જેલવાસની જીંદગી જીવી રહ્યા છે. બંધારણમાં આ ક્યાં લખ્યું છે? ક્યાંય નહીં. યુપીમાં બંધારણ નહીં, મનુ સ્મૃતિ અમલમાં છે. રાહુલ ગાંધીએ કહ્યું કે, "જ્યારે તમે ધારાવીને અદાણીને વેચો છો, ત્યારે તમે ધારાવીના લોકોને દુઃખ પહોંચાડો છો. જ્યારે તમે અદાણીને મદદ કરો છો, ત્યારે તમે દેશના લોકોને નુકસાન પહોંચાડો છો. લેટરલ એન્ટ્રી દ્વારા તમે પછાત, દલિતોનો અંગુઠો કાપ્યો છે. તમે અગ્નિવીર અને પેપર લીકથી યુવાનોને નુકસાન પહોંચાડો છો. લોકસભા અધ્યક્ષે કહ્યું કે, તમારી પાસેથી અપેક્ષા છે કે, તમે બંધારણ પર પણ બોલશો. રાહુલે જવાબ આપ્યો કે, બંધારણમાં એકાધિકાર અને ભેદભાવનો કોઈ ઉલ્લેખ નથી.

રાહુલ ગાંધીએ કહ્યું કે, "જ્યારે તમે બંધારણને બચાવવાની વાત કરો છો, ત્યારે તમે તમારા નેતા સાવરકરની મજાક ઉડાવો છો. જે રીતે દ્રોણાચાર્યએ એકલવ્યનો અંગૂઠો કાપી નાખ્યો હતો, તેવી જ રીતે તમે ભારતના લોકોના યુવાનોનો અંગૂઠો કાપી રહ્યા છો.' રાહુલ ગાંધીએ કહ્યું કે, 'બંધારણમાં આંબેડકર અને ગાંધી નેહરુના વિચારો છે. એ વિચારોના સ્ત્રોત શિવ, બુદ્ધ, મહાવીર, કબીર વગેરે હતા.

# વક્ફની સંપત્તિ છીનવી લેવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે

## આજે ધર્મ પરિવર્તનનો અધિકાર ખતમ કરવામાં આવી રહ્યો છે, જો બાબા સાહેબ હોત તો તેમને પણ મંજૂરી લેવી પડી હોત

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।**

લોકસભામાં શનિવારે પણ સંવિધાન પર તમામ રાજકીય પાર્ટીઓના પ્રતિનિધિઓની ચર્ચા થઈ હતી. આ દરમ્યાન AIMIMના અધ્યક્ષ અસદુદ્દીન ઓવૈસીએ ફરી એક વાર રાજકારણમાં દલિતો અને અલ્પસંખ્યકોના પ્રતિનિધિત્વના મુદ્દાને જોરશોરથી ઉઠાવ્યો હતો. અસદુદ્દીન ઓવૈસીએ કહ્યું કે, "બાબા સાહેબે આજથી પંચોતેર વર્ષ પહેલા જે વાત પર ચિંતા વ્યક્ત કરી હતી, તે સમસ્યા આજે પણ છે." તેમણે દેશનો રાજકીય માહોલ જોતા ત્યારે કહ્યું હતું કે, "કોઈ પાર્ટી નથી ઈચ્છતી કે રાજકારણમાં અલ્પસંખ્યકોનું પ્રતિનિધિત્વ વધે." ઓવૈસીએ કહ્યું કે, "બાબા સાહેબનું એ કથન આજે પણ સાચું સાબિત થઈ રહ્યું છે." અસદુદ્દીન ઓવૈસીએ બાબા સાહેબ આંબેડકરના કથનનો ઉલ્લેખ કરતા કહ્યું કે, "તેમણે સંવિધાનમાં અલ્પસંખ્યકો અને દલિતો માટે હકની જોગવાઈ આપી હતી. પણ બાદમાં રાજકારણમાં અલ્પસંખ્યકોને કેટલું મહત્વ આપવામાં આવ્યું, સૌ જાણે છે." તેમણે આ દરમ્યાન કહ્યું કે, "આજે ધર્મ પરિવર્તનનો અધિકાર ખતમ કરવામાં આવી રહ્યો છે, જો બાબા સાહેબ હોત તો તેમને પણ મંજૂરી લેવી પડી હોત." ઓવૈસીએ આ દરમ્યાન સ્કૂલ, કોલેજોમાં મુસ્લિમ યુવતીઓને હિજાબ પહેરતા રોકવાનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો.



તેમણે કહ્યું કે, "આખરે કયા સંવિધાન અંતર્ગત રોકવામાં આવી રહી છે." તેમણે ખાવા, પીવા, પહેરવા પર રાજકારણ થઈ રહ્યું છે, તેના પર હુમલો કર્યો. તેમણે કહ્યું કે, "કેટલાય રાજ્યોમાં આવું જોવા મળી રહ્યું છે." ઓવૈસીએ આ દરમ્યાન મોબ લિંચિંગ અને ધર્મ પરિવર્તનનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. અસદુદ્દીને લોકસભામાં કહ્યું કે, 'વડાપ્રધાન કહે છે કે વક્ફનો સંવિધાન સાથે કોઈ સંબંધ નથી. તમે સંવિધાનનો અનુચ્છેદ ૨૬ વાંચી લો. તમે તમારી શક્તિના જોર પર તેને છીનવી લેવા માંગો છો. ઉર્દૂને નાબૂદ કરી દેવામાં આવી. ભાજપનું કલ્ચરલ રીવોલ્યુશન એ હિન્દુત્વ છે.

વધમાં તેમણે જણાવ્યું હતું કે, 'વક્ફની સંપત્તિ છીનવી લેવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. મુસ્લિમો ચૂંટણી જીતી શકતા નથી. મુસ્લિમ દીકરીઓને હિજાબ પહેરવાથી રોકવામાં આવી રહી છે. મસ્જિદો હવે જોખમમાં છે. અને ગૌરક્ષકો હત્યા કરી રહ્યા છે.'

### અલ્લુ અર્જુને કાયદાકીય કાર્યવાહીમાં સંપૂર્ણ સહકાર આપવાનું વચન આપ્યું

**। હૈદરાબાદ, તા.૧૪ ।**

સાઉથના સુપરસ્ટાર અલ્લુ અર્જુનને આજે ૧૪ ડિસેમ્બરના રોજ સવારે ૭ વાગ્યે જેલમાંથી મુક્ત કરવામાં આવ્યો છે, ત્યારબાદ તેની પ્રથમ ઝલક બહાર આવી છે. 'પુષ્પા ૨' એક્ટર જેલમાંથી બહાર આવતાની સાથે જ પહેલા તેમના પત્ની અને બાળકોને મળ્યો અને પછી મહિલાના મૃત્યુ અંગે મૌન તોડ્યું હતું. જેલમાંથી બહાર આવ્યા બાદ અલ્લુ અર્જુનનું પહેલું નિવેદન ચર્ચામાં આવ્યું છે, જેમાં તેને કાયદાના સન્માન અને સંધ્યા થિયેટર સ્ટેમ્પેડ કેસમાં વાત કરતા સાંભળી શકાય છે. આટલું જ નહીં શનિવારે જેલમાંથી છૂટ્યા બાદ અભિનેતાએ પોલીસ અધિકારીઓને અને કાયદાકીય કાર્યવાહીમાં સંપૂર્ણ સહકાર આપવાનું પણ વચન આપ્યું હતું.

### ૨૪ કલાકમાં વધુ એક પાકિસ્તાની દિગ્ગજ ક્રિકેટરે નિવૃત્તિ લીધી

**। ઈસ્લામાબાદ, તા.૧૪ ।**

પાકિસ્તાનના ઝડપી બોલર મોહમ્મદ આમીરે ફરી એકવાર આંતરરાષ્ટ્રીય ક્રિકેટને અલવિદા કહી દીધું છે. આમિરે તેની કારકિર્દીમાં બીજી વખત આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી છે. ૨૪ કલાકની અંદર પાકિસ્તાનના બે દિગ્ગજ સૈનિકો નિવૃત્ત થયા છે. આ પહેલા ૧૩મી ડિસેમ્બર શુક્રવારના રોજ ઓલરાઉન્ડર ઈમાદ વસીમ સંન્યાસની જાહેરાક કરી હતી. મોહમ્મદ આમિરે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને નિવૃત્તિની જાહેરાત કરી છે. આમિરે લખ્યું, "ઘણા વિચાર કર્યા પછી, મેં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સંન્યાસ લેવાનો મુશ્કેલ નિર્ણય લીધો છે.

### પહેલા દિવસે ફક્ત ૮૦ બોલનો ખેલ

# બ્રિસ્બેનમાં વરસાદે ત્રીજી ટેસ્ટ મેચની મજા બગાડી

**। (એજન્સી) બ્રિસ્બન, તા.૧૪ ।**

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ૫ ટેસ્ટ મેચની સિરીઝની ત્રીજી મેચ બ્રિસ્બનમાં શરૂ થઈ ગઈ. મેચના આજે પહેલી દિવસે ટીમ ઈન્ડિયાના કેપ્ટન રોહિત શર્માએ ટોસ જીતીને પહેલા બોલિંગનો નિર્ણય લીધો. વરસાદના કારણે પહેલા દિવસે ફક્ત ૧૩.૨ ઓવર ફેંકાઈ. પહેલા સેશનમં આ ઓવર ફેંકાઈ હતી. ત્યારબાદ આખા દિવસનો ખેલ થઈ શક્યો નહીં.

સતત વરસાદ જોતા એમ્પાયરોએ દિવસની રમતના અંતની જાહેરાત કરી દીધી. સ્ટમ્પ સમયે ઉસ્માન ખ્વાજા ૧૯ રન અને નાથન મેકસ્વીની ૪ રન બનાવીને રમતમાં હતા. ઓસ્ટ્રેલિયાનો સ્કોર ૨૮ રન શૂન્ય વિકેટ હતો. ત્રીજી મેચમાં ટીમ ઈન્ડિયાએ બે ફેરફાર કર્યા છે.

દિગ્ગજ સ્પીનર રવિચંદ્રન અશ્વિન અને ફાસ્ટ બોલર હર્ષિત રાણાની જગ્યાએ ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજા અને ફાસ્ટ બોલર આકાશ દીપને તક આપવામાં આવી છે. ભારતે સિરીઝની પહેલી મેચ પર્થમાં જીતી હતી. ત્યારે મેજબાન ટીમને ૨૯૫ રનથી હરાવીને બધાને ચોંકાવી દીધા હતા. કારણ કે ટીમ ઈન્ડિયા ઘરેલુ મેદાન પર ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ ૦-૩ના અંતરથી હાર્યા બાદ ઓસ્ટ્રેલિયા પહોંચી હતી. તે વખતે કોઈને આવા પ્રદર્શનની આશા નહતી.

### ખેડૂતો પર ટીયર ગેસના શેલ છોડવા પર ભડક્યા બજરંગ પૂનિયા

# શંભુ બોર્ડરને પાકિસ્તાન બોર્ડર જેવી બનાવી દીધી

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।**

MSP સહિતની વિવિધ માગણીઓને લઈને દિલ્હી તરફ કૂચ કરી રહેલા ૧૦૧ ખેડૂતો અને પોલીસ વચ્ચે શંભુ બોર્ડર પર ઘર્ષણ થઈ ગયું હતું. જ્યારે ખેડૂતોએ પોલીસ દ્વારા લગાવેલા બેરિકેડ્સને હટાવવાનો પ્રયાસ કર્યો ત્યારે પોલીસે ટીયર ગેસના શેલ છોડ્યા અને વોટર કેનનનો પણ ઉપયોગ કર્યો, જેમાં ઘણા ખેડૂતો ઘાયલ થયા છે. આંદોલનકારી ખેડૂતો ૧૩મી ફેબ્રુઆરીથી શંભુ બોર્ડર પર વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. હવે આ ઘટનાને લઈને પહેલવાન અને કોંગ્રેસ કિસાન મોર્ચાના રાષ્ટ્રીય અધ્યક્ષ બજરંગ પૂનિયાએ કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું છે.



તેમણે કહ્યું કે, એક તરફ સરકાર કહી રહી છે કે, અમે ખેડૂતોને રોકી નથી રહ્યા પરંતુ બીજી તરફ તેઓ ટીયર ગેસના શેલ અને વસ્તુઓનો ઉપયોગ કરી રહ્યા છે. બજરંગ પૂનિયાએ આગળ કહ્યું કે, શંભુ બોર્ડર પર એવું કરવામાં આવી રહ્યું છે જેવું પાકિસ્તાન બોર્ડર પર કરવામાં આવે છે. જ્યારે નેતાઓ વિરોધ કરવા માટે દિલ્હી જાય છે તો શું તેઓ મંજૂરી લે છે? ખેડૂતો માત્ર પોતાના પાક માટે MSP ઈચ્છે છે. અમે હંમેશા ખેડૂતોનું સમર્થન કરીશું. હરિયાણાથી ભાજપના રાજ્યસભા સાંસદ રામચંદ્ર જાંગડાએ વિવાદાસ્પદ નિવેદન આપતા કહ્યું હતું કે, જ્યાં ખેડૂતોએ વિરોધ કર્યો હતો ત્યાંથી ૭૦૦ છોકરીઓ ગાયબ થઈ ગઈ છે.

### ભાજપના સાંસદ અનુરાગ ઠાકુરનો પલટવાર

# અંગૂઠા કાપવાવાળાની વાત કરનારાના રાજમાં શીખોના ગળા કાપવામાં આવ્યા

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।**

લોકસભામાં બંધારણ પર ચાલી રહેલી ચર્ચામાં હવે ભાજપના સાંસદ અનુરાગ ઠાકુરે રાહુલ ગાંધી પર પલટવાર કરતા જડબાતોડ જવાબ આપ્યો છે. અનુરાગ ઠાકુરે કહ્યું કે, રાહુલ ગાંધી સતત બંધારણ બતાવી રહ્યા છે પરંતુ મેં અગાઉ કહ્યું તેમ તેમને એ પણ નથી ખબર કે બંધારણમાં પાના કેટલા છે. આજે આ લોકો બંધારણને બચાવવાની વાત કરે છે, ભાજપ પર અંગૂઠો કાપવાના મનઘડત આરોપો લગાવે છે. તેઓ ભૂલી જાય છે કે, તેમના રાજમાં શીખોના ગળા કાપવામાં આવ્યા હતા. ત્યારે કોંગ્રેસ પાર્ટીની જ સરકાર હતી જ્યારે દેશના લોકતંત્રનું ગળું દબાવીને કટોકટી લાદવામાં આવી હતી.' લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી પર સીધો પ્રહાર કરતા ઠાકુરે કહ્યું કે, આજે તમે બંધારણને ખિસ્સામાં લઈને ફરો છો, પરંતુ માત્ર તેને લઈને ફરવાથી કંઈ નથી થવાનું. હું તે તમને કહું છું કે, તેને વાંચીને પણ જુઓ, ત્યારે તમને સમજાશે કે ગાંધી પરિવાર અને કોંગ્રેસ પાર્ટીએ કેવી રીતે બંધારણના ધજિયા ઉડાવવાનું કામ કર્યું છે. રાહુલ ગાંધીની એકલવ્યની સ્ટોરીનો જવાબ આપતા ઠાકુરે કહ્યું કે, આજે આ લોકો ભાજપ પર મનઘડત આરોપો લગાવે છે. પરંતુ હું એ યાદ અપાવવા માંગુ છું કે, કોંગ્રેસ પાર્ટીના રાજમાં જ શીખોના ગળા કાપવામાં આવ્યા હતા.

## પોલીસની નિષ્ક્રિયતાનો વધુ એક કિસ્સો । આરોપીનો આ વિસ્તારમાં આતંક વધતા હવે વેપારીઓએ એક જૂથ થઇને પોલીસ પાસે મદદ માગી છે

# દરિયાપુરનો 'દાદો' હોવાનું કહી વેપારીઓ પાસે ખંડણી માગનારે આતંક મચાવ્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૪ ।

અમદાવાદ શહેર પોલીસના રાજમાં ગુનેગારો બેફામ બન્યા હોવાનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. શહેર પોલીસનો ખોફ હવે ગુનેગારોમાં રહ્યો ન હોય તેવી એક બાદ એક ઘટના બની રહી છે.

દરિયાપુર દરવાજા પાસે આવેલા વાહન બજારમાં વેપારીઓને ધમકાવીને ખંડણી માગનાર શખ્સનો આતંક વધી ગયો હતો. શરૂઆતમાં વેપારીઓ આ શખ્સના આંતકને વશ થઈને હપ્તો પણ આપતા હતા, પરંતુ તેનો આતંક વધતા પોલીસને જાણ કરાઈ હતી. જેને લઈને ખંડણી માગનાર ટપોરી વિરુદ્ધ માધવપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ છે. ઉલ્લેખનીય છે કે, આરોપી વિરુદ્ધ અગાઉ પણ વેપારીઓએ ફરિયાદ કરી હતી. જેને લઈને તે ફરીથી ગયો હતો અને વેપારીઓને ધમકાવીને નાણાં માગવા લાગ્યો હોવાનું સામે આવ્યું છે. સરદારનગરની સાંઈબાબા સોસાયટીમાં રહેતા મનોજ રાજાણી દરિયાપુર દરવાજા બહાર ઓટો કન્સલ્ટ દુકાન ધરાવીને ટુવ્હીલર લે-વેચનો ધંધો કરે છે. મનોજ અને તેનો ભાઈ હરીશ દુકાન પર આવ્યા ત્યારે લક્ષ્મીચંદ ઘાંચીની ચાલીમાં રહેતો સુરેશ ઉર્ફે સૂર્યા નાડિયા આવ્યો હતો. સુરેશ બુલેટના આરાવાળું લોખંડનું વ્હીલ ઉપાડીને ઓફિસમાં ધસી આવ્યો હતો. બાદમાં તમે બધા વેપારીએ અગાઉ મારા વિરુદ્ધ ફરિયાદ કરી હતી, જેમાં કોર્ટમાં વકીલનો ખર્ચો થયો છે. તમારે આ વિસ્તારમાં વેપાર કરવો હોય તો મને દર અઠવાડિયે પાંચ હજાર રૂપિયા આપવા પડશે, નહીં તો તમને જાનથી મારી નાખીશ અને કાયમી ધંધો બંધ કરાવી દઈશ તેવી ધમકી આપી વિસ્તાર બાનમાં લીધો હતો. બાદમાં સુરેશે વધુમાં ધમકી આપતા કહ્યું હતું કે, હું આ એરિયાનો દાદા છું, મારું બીજા કોઈ લોકો કશું બગાડી લેશે નહીં. જેથી મનોજે તું અમને કેમ હેરાન કરી રહ્યો છે તેમ કહેતા જ સુરેશે લોંખંડનું વ્હીલ મારવાની ધમકી આપતા મનોજે પાંચ હજાર આપ્યા હતા. બાદમાં તેણે આસપાસની દુકાનોમાંથી પણ માર મારવાની ધમકી આપી રૂપિયા પડાવ્યા હતા. વેપારીઓએ આ મામલે પોલીસને જાણ કરતા માધવપુરા પોલીસે સુરેશ સામે ગુનો નોંધ્યો છે. ખંડણીખોર એવા બની બેઠેલા ડોન સુરેશને માધવપુરાપોલીસકેટલાસમયમાંઝડપીપાડી વેપારીઓને સુરક્ષાનો અહેસાસ કરાવી શકે છે તે જોવાનું રહેશે.

આરોપી સુરેશ ઉર્ફે સૂર્યા નાડિયાએ અગાઉ પણ મુલો ઉર્ફે મોહીતભાઈ વાઝવાણી તથા બીજા વેપારીઓને ડરાવી ધમકાવીને બેથી પાંચ હજાર પડાવ્યા હતા. ગઈકાલે પણ આરોપીએ મનોજભાઈ સહિત અન્ય વેપારીઓ પાસેથી નાણાં પડાવ્યા હતા. આરોપીનો આ વિસ્તારમાં આતંક વધતા હવે વેપારીઓએ એક જૂથ થઈને પોલીસ પાસે મદદ માગી છે ત્યારે પોલીસ શું કાર્યવાહી કરે છે તેના પર સૌની નજર છે.

## સુરત ખાતે એકાઉન્ટન્ટ યુવકની આંગળીઓ કપાઈ

। (એજન્સી) સુરત, તા.૧૪ ।

સુરતમાં એકાઉન્ટન્ટ યુવકની આંગળીઓ કપાઈ જવાની ઘટના બની છે. જેને પગલે અમરોલી પોલીસ યુવકની આંગળીઓ શોધવા ધંધે લાગી ગઈ છે. વેડ રોડ-ડભોલીના યુવક સાથે આ વિચિત્ર ઘટના બની હતી. યુવકને ચક્કર આવી ગયા હતા. બાદમાં તે બેભાન થઈ ગયો હતો. ૧૫ મિનીટ પછી તે ભાનમાં આવ્યો હતો. ભાનમાં આવ્યા બાદ તેણે જોયું તો તેની આંગળીઓ કપાઈ ગયેલી જોવા મળી હતી. તેના ડાબા હાથની ચાર આંગળીઓ કપાઈ ગઈ હતી. આ દ્રશ્ય જોઈને યુવક ગભરાઈ ગયો હતો અને આ ઘટના કેવી રીતે બની તે સમજી શક્યો ન હતો. જેને પગલે મયુર તારાપરા નામના આ યુવકે પોલીસમાં અરજી આપી હતી. યુવક મયુર મૂળ વઢવાણ તાલુકાના ખારવા ગામનો વતની છે. ગત રાત્રે સુરતના વરિયાવ બ્રિજ પાસે તેણે બાઈક ઉભી રાખી હતી. બાદમાં તે લઘુશંકા કરવા ગયો હતો અને અચાનક બેભાન થઈ ગયો હતો. મયુર જેમ્સ નામના કારખાનામાં એકાઉન્ટન્ટ તરીકે કામ કરે છે.

## સુરતનો એક ખાડો ૨ લાખનો, 3 વર્ષમાં રસ્તા રિપેરીંગ પાછળ રૂ.૨૫૦ કરોડનો ખર્ચ

। (એજન્સી) સુરત, તા.૧૪ ।

ચોમાસા દરમિયાન શહેરમાં અનેક રસ્તાઓ બિસ્માર થયાં હતા તેના કારણે સુરતીઓને ભારે હેરાનગતિ થઈ હતી. રસ્તા પર પડેલા ખાડા પર શાસકો- મ્યુનિ. કમિશનર ફોટા મુકી વિરોધ પક્ષે વિરોધ પ્રદર્શન કર્યું હતું. ત્યારે બાદ ગુરૂવારે વિરોધ પક્ષે છેલ્લા ત્રણ વર્ષમાં રસ્તાની કામગીરી પાછળ ૨૫૦ કરોડનો ખર્ચ થયો છે તેવા આંકડા જાહેર કરીને રસ્તાની કામગીરીમાં ભ્રષ્ટાચાર ચાલતો હોવાના આક્ષેપ કર્યા હતા. સુરત શહેરમાં દર વર્ષે ચોમાસા દરમિયાન રસ્તાની હાલત કફોડી થઈ જાય છે અને આ રસ્તાના કારણે સુરતીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. આ અંગે આજે પાલિકાના વિરોધ પક્ષના ઉપનેતા રસ્તાની કામગીરી અંગે માહિતી આપતા કહ્યું હતું કે ત્રણ વર્ષ દરમિયાન પાલિકાએ વર્ગ ૩ અને ૪ તેમજ સુપરવિઝન સ્ટાફના પગાર પાછળ અંદાજે ૧૨ કરોડ જેટલો ખર્ચ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત મશીનરીઓ ઉપયોગમાં લેવાય છે તેની પાછળ અંદાજે ૧૪.૭૯ કરોડ, રોડ રસ્તા મરામતમાં જે મટિરિયલ વપરાય છે તેની પાછળ અંદાજે ૪૬.૪૦ કરોડ તેમજ રોડ રસ્તા મરામત કરનારી વિવિધ એજન્સીઓને ૨૬.૮૦ કરોડ જેટલી માતબર રકમની ચુકવણી પાલિકા દ્વારા કરવામાં આવ્યું છે.

**તેરા તુજ કો અર્પણ : ગુજરાત પોલીસની એક અનન્ય પહેલ**




બે વર્ષમાં ૨૮૦૨ કાર્યક્રમો યોજી ગુજરાત પોલીસે રૂ. ૧૮૦.૩૭ કરોડથી વધુ કિંમતનો મુદ્દામાલ મુળ માલિકોને પરત કર્યો.

## ભારે પવનના કારણે રોપ-વે સેવા બંધ

# ગિરનાર રોપ વેને ભારે પવનના કારણે બંધ કરવામાં આવ્યો

### પ્રતિ કલાક ૬૫ કિ.મી.ની ઝડપે પવનની ગતિ હોવાના પગલે રોપ-વે સેવા હાલ પુરતી બંધ કરવામાં આવી છે

। (એજન્સી) જૂનાગઢ, તા.૧૪ ।

જૂનાગઢના ભવનાથમાં આવેલા અને એશિયાનો સૌથી લાંબા ગિરનાર રોપ વેને ભારે પવનના કારણે બંધ કરવામાં આવ્યો છે. વહેલી સવારથી ભારે પવન હોવાના કારણે આ સેવા ફરી બંધ કરવામાં આવી છે. પ્રતિ કલાક ૬૫ કિ.મી.ની ઝડપે પવનની ગતિ હોવાના પગલે રોપ-વે સેવા હાલ પુરતી બંધ કરવામાં આવી છે. જેના પગલે ભક્તોને પગથિયા ચડીને જ ગિરનાર પર જવાની ફરજ પડી રહી છે. રોપ-વે તંત્રના જણાવ્યા અનુસાર પવનની ગતિ ધીમી પડતા રોપ-વે સેવા ફરી કાર્યરત કરવામાં આવશે. જૂનાગઢમાં ગિરનાર પર્વત પર ભારે પવનના કારણે રોપ વે સેવા ખોરવાતા મુસાફરોની ભારે હાલાકી થઈ રહી છે. જો કે શ્રદ્ધાળુઓની સલામતીને ધ્યાનમાં રાખીને રોપ વે સેવા બંધ રાખવામાં આવી છે. પ્રતિ કલાકે ૬૫ કિ.મી.ની ઝડપે પવન ફુંકાવાના પગલે રોપ વે સેવા બંધ રહેતા ઘણા શ્રદ્ધાળુઓ અટવાયા છે. ગિરનાર પર્વત ન ચઢી શકતા મોટી ઊંમરના લોકો તેમજ બાળકોને લઈને આવેલા લોકો મુશ્કેલીમાં મુકાયા છે. એવુ નથી કે ગિરનારની રોપ વે સેવા પહેલી વાર ખોરવાઈ હોય, આ અગાઉ અનેક વાર ભારે પવન અને વરસાદમાં પણ અનેક વાર ઘણા દિવસો સુધી ગિરનાર રોપ-વે સેવા બંધ રાખવાની નોબત આવેલી છે.જુનાગઢ, ગિરનાર તેમજ આસપાસમાં ગાઢ જંગલો આવેલા છે.

જેના કારણે અહીં વારંવાર પવનની ગતિ તેજ રહે છે. તેમજ ચોમાસામાં વરસાદ પણ વધુ પડે છે. જેના કારણે રોપ વે બંધ રાખવાની ફરજ પડે છે અને શ્રદ્ધાળુઓને હાલાકી ભોગવવી પડે છે.

### વેપારીઓએ સ્થાનિકથી માંડીને મુખ્યમંત્રી સુધી રજૂઆત કરી

## મેટ્રોની કામગીરીના કારણે અને લોકોના વેપાર ધંધો ઠપ્પ થઈ ગયો

। (એજન્સી) સુરત, તા.૧૪ ।

સુરત શહેરમાં મેટ્રોની કામગીરીના કારણે અને લોકોના વેપાર ધંધો ઠપ્પ થઈ ગયા છે. ટાવર વિસ્તારના વેપારીઓનો વિરોધ સાથે હવે ભાગળ વિસ્તારના અન્ય વેપારીઓ પણ વિરોધ પ્રદર્શનમાં બહાર આવી રહ્યાં છે. ગઈકાલે મેટ્રોની કામગીરી વેપારીઓએ અટકાવી છે ત્યારબાદ આજે સતત બીજા દિવસે વેપારીઓએ મેટ્રોની કામગીરી અટકાવી છે. વેપારીઓએ સ્થાનિક થી માંડીને મુખ્યમંત્રી સુધી રજૂઆત કરી પણ વળતર આપવા માટે વાયદો મળ્યો છે પણ તેનું પાલન થતું ન હોવાથી વેપારીઓ મરણીયા બન્યા છે. સુરતના રાજ માર્ગ પર આવેલા ટાવર વિસ્તાર એક સમયે વેપાર ધંધા માટે પ્રખ્યાત હતો પરંતુ મેટ્રોના કારણે લોકોના વેપાર ધંધા ઠપ્પ થઈ ગયાં છે એટલું જ નહી પરંતુ આ વિસ્તારમાં રહેતા લોકોને પણ ભારે હાલાકી થઈ રહી છે. ટાવર વિસ્તારના વેપારીઓ અને વખત મેટ્રોની કામગીરી સામે વિરોધ કરી ચુક્યા છે. ગઈકાલે ગુરુવારે ભાગળ વિસ્તારમાં આવેલા આર્યમન આર્કેડના વેપારીઓએ પણ મેટ્રોની કામગીરી સામે રોષ વ્યક્ત કર્યો હતો. આ કોમ્પ્લેક્ષમાં ૩૨૫ જેટલી દુકાનો છે અને મેટ્રોના કારણે ગ્રાહકો દુકાન સુધી જઈ શકતા નથી. અને વેપારીઓને મોટું આર્થિક નુકસાન થઈ રહ્યું છે. આ વેપારીઓએ આજે પણ મેટ્રોની કામગીર અટકાવી છે વેપારીઓએ આક્રોશ પુર્ણ રીતે કહ્યું હતું કે, અમારા વેપાર ધંધા બંધ થઈ ગયાં છે વળતર આપવા કે રોડ ખોલી આપવા માટે છેલ્લા ૨૦ મહિનાથી રજુઆત થઈ રહી છે પરંતુ કોઈ પરિણામ ન આવતા વેપારીઓની ધીરજ ખૂટી રહી છે.

## ૧૦૦ કરોડ રૂપિયાનું કચરા કૌભાંડ : પાછલા ચાર વર્ષથી AMCમાં કચરા કૌભાંડ ચાલી રહ્યાનો કોંગ્રેસનો આરોપ

। અમદાવાદ, તા.૧૪ ।

અમદાવાદમાં પીરાણા ડમ્પિંગ સાઈડ અંગે કોંગ્રેસે મોટો ખુલાસો કર્યો છે. શહેરમાં પાછલા ચાર વર્ષથી કચરા કૌભાંડ ચાલી રહ્યું હોવાનો આરોપ AMC કોંગ્રેસ વિપક્ષના નેતા શહેજાદ પઠાણે લગાવ્યો છે. ૧૦૦ કરોડના ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે ૧૦૦ કરોડની ચૂકવણી છતાં કચરાના ઢગલાઓની સ્થિતિ યથાવત્ છે. વિપક્ષી નેતાએ જણાવ્યું હતું કે, કરોડો રૂપિયા ખર્ચ્યા પછી પણ કચરાનો નિકાલ થઈ શક્યો નથી. શહેજાદ પઠાણે અમદાવાદ મ્યુનિસિપલના અધિકારીઓ પર ગંભીર આરોપો લગાવ્યા છે. અમદાવાદની પીરાણા ડમ્પિંગ સાઈટને સંપૂર્ણ રીતે સાફ કરવાની વાત થઈ હતી. પરંતુ છેલ્લા ઘણા સમયથી કચરાના ઢગલા સાફ ન થતા સરકારની તિજોરીમાં સરકારી વેરાના ૧૦૦ કરોડ રૂપિયાનું બિલ બની ગયું છે.

ભાજપના શાસનમાં ભ્રષ્ટાચાર અટકવાનું નામ નથી લઈ રહ્યો. આ દરમિયાન તેમણે હાટકેશ્વર બ્રિજ અને ખારી નદીના કૌભાંડ અંગે પણ વાત કરી હતી. શહેજાદ પઠાણે કહ્યું કે સૌથી શરમજનક બાબત એ છે કે ભારતીય જનતા પાર્ટીની સરકારમાં અમદાવાદ મ્યુનિસિપલમાં કચરાના નામે પણ ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે. AMCએ કોન્ટ્રાક્ટરોને એક વર્ષમાં ૨૫ કરોડ રૂપિયા આપ્યા હોવા




છતાં બહુ ઓછું કામ થયું છે. છેલ્લા ચાર વર્ષમાં ૧૦૦ કરોડ રૂપિયા ચૂકવવા છતાં જેસીને વૈસી જેવો માહોલ જોવા મળી રહ્યો છે. આમ એવું લાગે છે કે ભારતીય જનતા પાર્ટીને સામાન્ય લોકોના સ્વાસ્થ્યની કોઈ ચિંતા નથી. બીજી તરફ કોન્ટ્રાક્ટરો દ્વારા ખિસ્સા ભરવામાં AMC આંખ આડા કાન કરી રહી હોય તેવું લાગી રહ્યું છે. પીરાણા ડમ્પિંગ સાઈડના મુદ્દા પર સત્તામાં બિરાજમાન બીજેપીની સાથે-સાથે છસ્ઝની કામગીરી ઉપર પ્રશ્ન ઉભા થઈ રહ્યા છે. કેમ કે આ ભ્રષ્ટાચારથી જનતાના પૈસાનું વેડફાડ થવાની સાથે-સાથે તેમના સ્વાસ્થ્ય સાથે પણ ચેડા થઈ રહ્યા છે.

## અમદાવાદમાં ગેસ રિફિલિંગ કરતા 3 આરોપીઓની પોલીસે કરી ધરપકડ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૪ ।

અમદાવાદમાં ગેસ રિફિલિંગ કરતા ૩ આરોપીઓની ધરપકડ કરવામાં આવી. શહેરમાં ગુનાહિત પ્રવૃતિઓમાં વધારો થઈ રહ્યો છે. સૈજપુર વિસ્તારમાંથી ગેસ રિફિલિંગ કરનારા ૩ આરોપીનીઓને પોલીસે અટકાયત કરી. આ સાથે જ ૫૩ ગેસ સિલીન્ડર જપ્ત કર્યા. આરોપીએ સૈજપુરમાં ખુલ્લી જગ્યામાં ગેસ રિફિલિંગ કરતા હતા. નારોલ પોલીસે રંગેહાથ આરોપીઓને પકડી ગેરરિતીનો ગુનો નોંધ્યો. શહેરમાં હાલમાં કૌભાંડોના પર્દાફાશ થઈ રહ્યા છે. BZ સ્કેમ અને ખ્યાતિ કાંડે શહેરમાં ચકચાર જગાવી છે. BZ સ્કેમમાં કહેવાતા સજ્જનો એવા શિક્ષકોએ લોકોને લાલચ આપી જાળમાં ફસાવ્યા. અને આ સ્કેમમાં પોલીસ અધિકારીઓની પણ સંડોવણી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. જ્યારે ખ્યાતિ કાંડમાં સરકારી યોજનાનો ખોટી રીતે લાભ લઈ હોસ્પિટલ દ્વારા જ ગેરરિતી આચરવામાં આવી હતી.

# રાષ્ટ્રીય પંચાયત પુરસ્કાર ૨૦૨૪: ગુજરાતની વધુ એક સિદ્ધિ, પંચમહાલ જિલ્લાની વાવકુલ્લી-૨ બની દેશની સર્વશ્રેષ્ઠ "સુશાસન યુક્ત પંચાયત"

## દેશની ૪૫ એવોર્ડ વિજેતા પંચાયતોને ડિજિટલ ટ્રાન્સફર દ્વારા કુલ ૪૬ કરોડની રકમ એનાયત કરવામાં આવી

। (માહિતી) ગાંધીનગર ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતે રાષ્ટ્રીય પંચાયત એવોર્ડ્સ ૨૦૨૪માં તેની શ્રેષ્ઠતા પુરવાર કરીને સમગ્ર દેશમાં સુશાસનનો સર્વશ્રેષ્ઠ દાખલો બેસાડ્યો હતો. પંચમહાલ જિલ્લાની વાવકુલ્લી-૨ ગ્રામ પંચાયતે દીન દયાલ ઉપાધ્યાય પંચાયત સસ્ટેનેબલ ડેવલપમેન્ટ એવોર્ડ (DDUPSVP) થીમ અંતર્ગત "સુશાસન યુક્ત પંચાયત" શ્રેણીમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. ૧૧ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે આયોજિત કાર્યક્રમમાં ડૉ. ગૌરવ દહિયા, એડિશનલ ડેવલપમેન્ટ કમિશનર (ગુજરાત સરકાર)ને માનનીય રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂના હસ્તે એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, ગુજરાતના સુશાસનમાં વધુ એક સિદ્ધિનો ઉમેરો એવા સમયે થયો છે જ્યારે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે તેમના કાર્યકાળના બે વર્ષ પૂર્ણ કર્યા છે. ગુજરાતને મળેલા આ રાષ્ટ્રીય સન્માનને કારણે મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં ગુજરાતના સુશાસન અને વિકાસમાં નવો સીમાચિહ્ન સ્થાપિત થયો છે.



**વાવકુલ્લી-૨ ગ્રામ પંચાયતે દેશમાં સુશાસનનો સર્વશ્રેષ્ઠ દાખલો બેસાડ્યો**

દેશમાં વિકાસના મોડલ તરીકે પ્રખ્યાત ગુજરાત સામાન્ય રીતે તેના શહેરી વિકાસ અને શહેરોની આધુનિક સુવિધાઓ માટે ઓળખાય છે. પરંતુ, ગુજરાતને મળેલા આ સન્માનથી એ સાબિત થઈ ગયું છે કે રાજ્ય સરકાર શહેરોની સાથે ગ્રામીણ વિસ્તારોમાં, ખાસ કરીને પંચાયત સ્તરે તમામ સુવિધાઓ અને વહીવટી વ્યવસ્થા સુધારવા માટે પ્રતિબદ્ધતા સાથે કામ કરી રહી છે. ગુજરાતના પંચમહાલ જિલ્લાની વાવકુલ્લી-૨ ગ્રામ પંચાયતને મળેલો આ એવોર્ડ વર્ષ ૨૦૨૨-૨૩માં નાગરિક કેન્દ્રિત સુવિધાઓ બાબતે કરવામાં આવેલી ઉત્કૃષ્ટ કામગીરી બદલ આપવામાં આવ્યો છે. ડૉ. ગૌરવ દહિયા, એડિશનલ ડેવલપમેન્ટ કમિશનરે આ વિશેષ સિદ્ધિ અંગે વધુ માહિતી આપતાં જણાવ્યું હતું કે, "આદરણીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત ગ્રામીણ વિકાસ અને ગ્રામ પંચાયતોને આધુનિક સુવિધાઓથી સજ્જ કરવામાં ખૂબ જ પ્રશંસનીય કાર્ય કરી રહ્યું છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી રાજ્ય સરકાર ગ્રામ પંચાયતોમાં વહીવટી પ્રક્રિયાઓમાં ઈ-ગવર્નન્સનું અનુપાલન વધારવા અને ગ્રામીણ વિસ્તારોમાં પણ ઈઝ ઓફ લિવિંગને પ્રોત્સાહન આપવા જેવી બાબતોને પ્રાથમિકતા આપી રહી છે. આ માટે રાજ્ય સરકાર, ખાસ કરીને ગ્રામ પંચાયતોમાં નાગરિક કેન્દ્રિત સેવાઓ પર વધુ ધ્યાન આપી રહી છે, જેના પરિણામે પંચમહાલ જિલ્લાની વાવકુલ્લી ૨ ગ્રામ પંચાયત આજે દેશની સૌથી "સુશાસન યુક્ત ગ્રામ પંચાયત" બની ગઈ છે. ગુજરાતને મળેલું આ સન્માન આપણા સૌ માટે ગૌરવની ક્ષણ છે."

**૪૫ એવોર્ડ વિજેતા પંચાયતોને ડિજિટલ ટ્રાન્સફર દ્વારા ૪૬ કરોડની રકમ એનાયત**

રાષ્ટ્રીય પંચાયત એવોર્ડ્સ ૨૦૨૪માં ૪૫ એવોર્ડ વિજેતા પંચાયતોને કુલ ૪૬ કરોડની ઈનામી રકમ ફાળવવામાં આવી હતી, જે સીધી તેમના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવી હતી. તેમાંથી દીન દયાલ ઉપાધ્યાય પંચાયત સસ્ટેનેબલ ડેવલપમેન્ટ એવોર્ડ (DDUPSVP)ના ૨૭ વિજેતાઓ માટે સૌથી વધુ ૨૦.૨૫ કરોડની રકમ નિર્ધારિત કરવામાં આવી હતી. ૨૭ વિજેતા પંચાયતોને સંયુક્ત રીતે પ્રાપ્ત થયેલી આ રકમમાંથી ગુજરાતનો હિસ્સો પણ ડિજિટલ માધ્યમથી ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવ્યો છે.

**૯ થીમમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારી ગ્રામ પંચાયતોને સન્માન પ્રાપ્ત થયું**

પંચાયતોને ૯ વિષયક્ષેત્રમાં તેમની કામગીરીના આધારે રેન્કિંગ અને સન્માન પ્રાપ્ત થયા હતા. તેમાં ગરીબી મુક્ત અને ઉન્નત આજીવિકા યુક્ત પંચાયત, સ્વસ્થ પંચાયત, બાળ મૈત્રીપૂર્ણ પંચાયત, જળ પર્યાપ્ત પંચાયત, સ્વચ્છ તેમજ હરિત પંચાયત, આત્મનિર્ભર માળખાકીય સુવિધાઓ યુક્ત પંચાયત, સામાજિક રીતે ન્યાય સંગત અને સામાજિક રીતે સુરક્ષિત પંચાયત, સુશાસન યુક્ત પંચાયત અને મહિલા-મૈત્રીપૂર્ણ પંચાયત, આ ૯ વિષયનો સમાવેશ થાય છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨



મુંબઈમાં બિહાર બીજેપીના પ્રદેશ પ્રમુખ દિલીપ કુમાર જયસ્વાલ મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસને નિવાસસ્થાને મળ્યા.

### સત્તાધારી કોંગ્રેસ પર નિશાન સાધ્યું

# અલ્લુ અર્જુનની ધરપકડ બાદ નેતાઓએ તંત્રની ટીકા કરી

## કેન્દ્રીય મંત્રી અશ્વિનીએ આ ઘટના માટે રાજ્ય સરકાર-વહીવટીતંત્રને જવાબદાર

। (એજન્સી) હૈદરાબાદ, તા.૧૪ ।



ફિલ્મ સ્ટાર અલ્લુ અર્જુનની તાજેતરની ફિલ્મ ‘પુષ્પા ૨’ના પ્રીમિયર દરમિયાન એક મહિલાના મોતના મામલામાં ધરપકડ કરવામાં આવ્યા બાદ રાજકીય ખળભળાટ મચી ગયો છે. ભાજપ સહિત વિપક્ષી દળોએ તેલંગાણામાં સત્તાધારી કોંગ્રેસ પર નિશાન સાધ્યું હતું અને ફિલ્મ સ્ટાર સાથે કરવામાં આવતા વ્યવહાર પર સવાલો ઉઠાવ્યા હતા. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે આ ઘટના માટે રાજ્ય સરકાર અને વહીવટીતંત્રને જવાબદાર ઠેરવ્યા છે. તેમણે X પર લખ્યું કે, ‘સંધ્યા થિયેટરમાં બનેલી ઘટના સ્પષ્ટપણે વહીવટી બેદરકારીનું પરિણામ હતું. કોંગ્રેસ સરકારે પોતાની નિષ્ફળતા છુપાવવા માટે અભિનેતા પર નિશાન સાધ્યું છે. કોંગ્રેસને ક્રિએટિવ ઈન્ડસ્ટ્રી માટે કોઈ સન્માન નથી.’ કેન્દ્રીય મંત્રી જી’. કિશન રેડ્ડીએ પણ અલ્લુ અર્જુનની ધરપકડને બિનજરૂરી અને અન્યાયી ગણાવી હતી. તેમણે રાજ્ય સરકાર પર ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા લોકોને હેરાન કરવાનો આરોપ લગાવતા કહ્યું કે, ‘આયોજકોએ પોલીસ અને પ્રશાસનને પહેલેથી જ જાણ કરી દીધી હતી. કાયદો અને વ્યવસ્થા પોલીસની જવાબદારી છે. આવી સ્થિતિમાં અભિનેતાની ધરપકડ માત્ર એક વ્યક્તિને નિશાન બનાવવાનો પ્રયાસ છે.’ આ બાબતે શોક વ્યક્ત કરતા આંધ્રપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી વાયએસ જગન મોહન રેડ્ડીએ પીડિત પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. અભિનેતાની ધરપકડની ટીકા કરતાં તેમણે કહ્યું, અલ્લુ અર્જુને આ અકસ્માત પર સંવેદના વ્યક્ત કરી છે અને પીડિત પરિવારને મદદની ખાતરી પણ આપી છે.

## ન્યૂઝ બ્રિફ

### સ્વિટ્ઝર્લેન્ડે ભારત પાસેથી પરત ખેચ્યો MFNનો દરજ્જો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

ભારતીય કંપનીઓને સ્વિત્ઝર્લેન્ડમાં બિઝનેસની દૃષ્ટિએ મોટો ફટકો પડ્યો છે. સ્વિટ્ઝર્લેન્ડે ભારતને આપેલો વિશેષ MFN દરજ્જો પાછો ખેંચી લીધો છે. આવી સ્થિતિમાં ભારતીય કંપનીઓએ હવે ત્યાં તેમની કમાણી પર વધુ ટેક્સ ચૂકવવો પડશે. તેનાથી સ્વિટ્ઝર્લેન્ડના રોકાણને પણ અસર થઈ શકે છે. વાંચો આ નિર્ણય પાછળનું કારણ શું છે.સ્વિટ્ઝર્લેન્ડે ભારતને આપેલો મોસ્ટ ફેવર્ડ નેશનનો દરજ્જો પાછો ખેંચવાનો નિર્ણય લીધો છે. સ્વિસ સરકાર દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, આ નિર્ણય ૧ જાન્યુઆરીથી અમલમાં આવશે. આ નિર્ણયની અસર એ થશે કે સ્વિટ્ઝર્લેન્ડ અને યુરોપિયન યુનિયનમાં કાર્યરત ભારતીય કંપનીઓએ ત્યાં તેમની કમાણી પર પહેલા કરતા વધુ ટેક્સ ચૂકવવો પડશે. આનો અર્થ એ થયો કે સ્વિટ્ઝર્લેન્ડ ૧ જાન્યુઆરી, ૨૦૨૫થી અહીં ભારતીય કંપનીઓની કમાણી પર ૧૦ ટકા ટેક્સ લગાવશે. સ્વિત્ઝર્લેન્ડના નાણા વિભાગે ૧૧ ડિસેમ્બરના રોજ એક નિવેદનમાં જણાવ્યું હતું કે ભારત સાથે ડબલ ટેક્સેશન એવોઈડન્સ એગ્રીમેન્ટ (DTAA)ના કિસ્સામાં MFN સ્ટેટસ સસ્પેન્ડ કરવામાં આવ્યું છે. સ્વિત્ઝર્લેન્ડે આ નિર્ણય સુપ્રીમ કોર્ટના નિર્ણયને ધ્યાનમાં રાખીને લીધો હતો, જેના હેઠળ તેને DTAA લાગુ કરવા માટે આવકવેરા કાયદા હેઠળ સૂચિત કરવાનું કહેવામાં આવ્યું હતું.

### અલ્લુ અર્જુન જેલમાંથી ઘરે આવતા પત્ની અને બાળકો ભાવુક થયા



। (એજન્સી) હૈદરાબાદ, તા.૧૪ ।

તેલુગૂ અભિનેતા અલ્લુ અર્જુન જેલમાં એક રાત વિતાવ્યા બાદ શનિવારે સવારે તેના હૈદરાબાદના ઘરે તેના પરિવારને મળ્યો હતો. જેલમાંથી બહાર આવ્યા બાદ તે સીધો તેના પિતાની ઓફિસ ગીતા આર્ટ્સ ગયો હતો. અભિનેતા ઘરે પહોંચતાની સાથે જ તેની પત્ની તેને ગળે લગાવી રડી પડી હતી. બાળકો પણ દોડી આવ્યા હતા. તેની પત્ની અને પુત્રીને ફરી મળ્યાના ઘણા વીડિયો પણ સામે આવ્યા છે. અલ્લુ અર્જુન કારમાંથી બહાર આવતાની સાથે જ તેના પરિવારના સભ્યો તેની તરફ દોડી આવ્યા હતા. તેમજ પત્ની સ્નેહા રેડ્ડી તેને ગળે લગાવતી વખતે ભાવુક થતી જોવા મળી હતી. તેનો પુત્ર અયાન તેની તરફ દોડ્યો અને બાદમાં અભિનેતા તેની પુત્રી અરહાને તેના હાથમાં પકડીને તેને ગળે લગાવતો જોવા મળ્યો. પુષ્પા અભિનેતા જેલમાંથી ઘરે પહોંચતા તેની માતા અને પરિવારના સભ્યોને મળ્યો હતો. વીડિયોમાં તે ઘરમાં પ્રવેશતા પહેલા એક વૃદ્ધ મહિલાના પગને સ્પર્શ કરતો પણ જોવા મળે છે. ઘરે પહોંચતાની સાથે જ અલ્લુ અર્જુને મીડિયાને સંબોધિત કર્યું અને ચાહકોને તેમની સુખાકારી વિશે ખાતરી આપી. તેમજ ચાહકોના અતૂટ સમર્થન બદલ આભાર પણ વ્યક્ત કર્યો હતો. વહેલી સવારે જેલમાંથી મુક્ત થયા બાદ અભિનેતા અલ્લુ અર્જુને કહ્યું કે, ‘મીડિયા સાથેની વાતચીતમાં અલ્લુ અર્જુને ચાહકોનો આભાર માનતા કહ્યું હતું કે તમારા બધાના પ્રેમ અને સહયોગ માટે આભાર.

### મહારાષ્ટ્ર સરકારના કેબિનેટ વિસ્તરણ અંગે ચર્ચા થઇ । મુખ્યમંત્રી સહિત વધુમાં વધુ ૪૩ સભ્યો હોઈ શકે

# ફડણવીસ અને એકનાથ શિંદે અને અજિત પવાર વચ્ચે બેઠક યોજાઇ

। (એજન્સી) મુંબઈ, તા.૧૪ ।

મહારાષ્ટ્ર વિધાનસભાના શિયાળુ સત્રની શરૂઆતના એક દિવસ પહેલા ૧૫ ડિસેમ્બરના રોજ નાગપુરમાં મંત્રીમંડળનું વિસ્તરણ થઈ શકે છે. આ સ્થિતિમાં શુક્રવારે રાત્રે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ, ડેપ્યુટી સીએમ એકનાથ શિંદે અને અજિત પવાર વચ્ચે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કેબિનેટ વિસ્તરણ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. મહાયુતિના સૂત્રોના જણાવ્યા અનુસાર, મહારાષ્ટ્ર સરકારના કેબિનેટ વિસ્તરણમાં લગભગ ૩૫થી ૪૦ ધારાસભ્યોને મંત્રી પદની શપથ લેવડાવીને કેબિનેટમાં સ્થાન આપવામાં આવી શકે છે. જેમાં ભાજપના ૧૮-૨૦ મંત્રીઓ, શિવસેના શિંદે જૂથના ૧૦-૧૨ અને NCP અજીત જૂથના ૮-૧૦ મંત્રીઓ શપથ લેશે. જો મંત્રાલયોની વાત કરીએ તો ભાજપ ગૃહ વિભાગ, કાયદો અને ન્યાય, ગૃહ વિકાસ, ઉર્જા, સિંચાઈ, ગ્રામીણ વિકાસ, પ્રવાસન, મહેસૂલ, કૌશલ્ય વિકાસ, સામાન્ય વહીવટ, આદિજાતિ વિભાગને પોતાની પાસે રાખવા માંગે છે. જ્યારે શિવસેના શિંદે જૂથને શહેરી વિકાસ, આબકારી, સામાજિક ન્યાય,



પર્યાવરણ, ખાણકામ, પાણી પુરવઠો, ઉદ્યોગ, આરોગ્ય, શિક્ષણ, PWD વિભાગો મળી શકે છે. જ્યારે NCP અજીત જૂથને નાણાં અને આયોજન, ખાદ્ય અને પુરવઠા, FDA, કૃષિ, મહિલા અને બાળ વિકાસ, રમતગમત અને યુવા કલ્યાણ, રાહત અને પુનર્વસન વિભાગો મળી શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ભાજપ ગૃહ વિભાગ પોતાની પાસે રાખી શકે છે. જ્યારે એકનાથ શિંદેને શહેરી વિકાસ વિભાગ આપવામાંઆવીશકેછે.અજિતપવાર નાણાવિભાગની માંગણી કરી રહ્યા છે, પરંતુ દેવેન્દ્ર ફડણવીસ ગૃહની સાથે સાથે નાણાં વિભાગ પણ પોતાની પાસે રાખવા માંગે છે. આ અંગે અજિત પવાર સાથે ચર્ચા કરવામાં આવી હતી. અને તેના બદલામાં ભાજપ અજિત પવારને ઉર્જા અથવા આવાસ વિભાગ આપી શકે છે. તો કેટલાક વિભાગોની અદલા-બદલી થઈ શકે છે.

આ સાથે ભાજપ શહેરી વિકાસ મંત્રાલયને પોતાની પાસે રાખવા માંગે છે. અને મહેસૂલ અને PWD શિવસેનાને આપવા માંગે છે. જો કે હજુ સુધી અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી. આ સિવાય ભાજપે વિધાનસભા અધ્યક્ષનું પદ તો પોતાની પાસે રાખ્યું છે, પરંતુ વિધાન પરિષદના ચેરમેનનું પદ પણ તે પોતાની પાસે રાખવા ઈચ્છે છે. આ સાથે અજિત પવારને વિધાનસભાના ઉપાધ્યક્ષનું પદ અને શિવસેનાને વિધાન પરિષદના ડેપ્યુટી ચેમેનનું પદ મળશે. ચંદ્રકાંત પાટીલ, ગિરીશ મહાજન, સુધીર મુનગંટીવાર, ચંદ્રશેખર બાવનકુલે, રવીન્દ્ર ચવ્હાણ, મંગલ પ્રભાત લોઢા, રાધાકૃષ્ણ વિખે પાટીલ, શિવેન્દ્ર રાજે ભોસલે, અતુલ સાવે, પંકજા મુંડે, માધુરી મિસાલ, દેવયાની ફરાંડે, સંજય કુટે, આશિષ શેલાર, ગણેશ નાઈક મંત્રી પદના શપથ લઈ શકે છે.

### પોલીસકર્મીઓ દ્વારા શિવલિંગની સફાઈ કરવામાં આવી

# ઉત્તર પ્રદેશના સંભલમાં ૪૬ વર્ષ પછી ખૂલ્યું મંદિર!



। (એજન્સી) સંભલ, તા.૧૪ ।

ઉત્તર પ્રદેશના સંભલમાં આજે શનિવારે પ્રશાસને મોટી કાર્યવાહી કરતા ૪૬ વર્ષ બાદ મંદિરના દરવાજા ખોલ્યા છે. આ મંદિર એ જ વિસ્તારમાં છે જ્યાં હિંસા થઈ હતી અને લાંબા સમયથી બંધ હતું. હવે જ્યારે પ્રશાસને મંદિરના દરવાજા ખોલ્યા તો અંદર ધૂળ જામી ગઈ હતી. આવી સ્થિતિમાં, પોલીસકર્મીઓએ જાતે જ પોતાના હાથે શિવલિંગ અને અન્ય દેવી-દેવતાઓની મૂર્તિઓની સફાઈ કરી. મંદિરનો વીડિયો પણ બહાર આવ્યો છે. આ વીડિયોમાં એક પોલીસકર્મી મંદિરની ઘંટડી વગાડતો જોઈ શકાય છે. નગર હિન્દુ સભાના આશ્રયદાતા વિષ્ણુ શરણ રસ્તોગી દાવો કરે છે કે, મંદિર ૧૯૭૮ બાદ પહેલી વખત ફરી ખોલવામાં આવ્યું છે. અમે ખગ્ગુ સરાઈ વિસ્તારમાં રહેતા હતા. અમારું નજીકમાં (ખગ્ગુ સરાઈ વિસ્તારમાં) એક ઘર છે. ૧૯૭૮ બાદ અમે ઘર વેચીને જગ્યા ખાલી કરી દીધી. આ ભગવાન શિવનું મંદિર છે. અમે આ જગ્યા છોડી દીધી અને અમે આ મંદિરની સાર-સંભાળ રાખી શક્યા નહીં. આ જગ્યાએ કોઈ પૂજારી રહેતા નથી. ૧૫-૨૦ પરિવાર આ વિસ્તાર છોડી ચૂક્યા છે. અમે મંદિર બંધ કરી દીધું હતું, કારણ કે પૂજારી અહીં રહી શકતા નહોતા. પૂજારીએ અહીં રોકાવાની હિંમત ન કરી. મંદિર ૧૯૭૮માં બંધ થયું હતું અને આજે તેને ખોલી દેવામાં આવ્યું છે. સંભલના SDM વંદના મિશ્રાએ કહ્યું કે, “જ્યારે અમે વીજળી ચોરી વિરુદ્ધ અભિયાન ચલાવી રહ્યા હતા, ત્યારે અમને એક મંદિર મળ્યું. વિસ્તારના લોકોએ જણાવ્યું કે મંદિર ૧૯૭૮થી બંધ હતું. મંદિરને ખોલીને સાફ કરવામાં આવ્યું છે. મંદિર પરનું અતિક્રમણ દૂર કરવામાં આવશે.” આ દરમિયાન, એડિશનલ SP શ્રીશ ચંદ્રાએ જણાવ્યું કે, “અમને મંદિરની સામે એક પ્રાચીન કૂવો હોવાની માહિતી મળી હતી. ખોદકામ કર્યા પછી, આ વિસ્તારમાં એક કૂવો મળ્યો હતો.” સંભલમાં હિન્દુ પક્ષે કોર્ટમાં અરજી દાખલ કરીને દાવો કર્યો હતો કે, શાહી મસ્જિદ જે જમીન પર બનેલી છે.

### નાના ભાઈ જેવો પ્રેમ આપ્યો : દોસાંઝ

# ચંદીગઢમાં કોન્સર્ટ પહેલા દિલજીત દોસાંઝ મુખ્યમંત્રી માનને મળ્યા

। (એજન્સી) ચાંદીગઢ, તા.૧૪ ।

સિંગર અને એક્ટર દિલજીત દોસાંઝનો આજે શનિવારે ચંદીગઢના સેક્ટર-૩૪માં એક્ઝિબિશન ગ્રાઉન્ડમાં કોન્સર્ટ છે. કોન્સર્ટ પહેલા પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન અને તેમના પરિવારના સભ્યો દિલજીત દોસાંઝને મળ્યા છે. દિલજીતે મુલાકાતની તસવીરો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર શેર કરી છે. કોન્સર્ટ માટે વહીવટીતંત્રે સંપૂર્ણ તૈયારી કરી લીધી છે. આ કાર્યક્રમમાં પંજાબ અને હરિયાણાના મુખ્યમંત્રીઓ પણ ભાગ લેશે. દિલજીત દોસાંઝે લખ્યું છે કે, “પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન તરફથી તેમને ઘણો પ્રેમ મળ્યો. આજે મોટા ભાઈએ નાના ભાઈ જેવો પ્રેમ આપ્યો.” ઉલ્લેખનીય છે કે, પંજાબના રાજ્યપાલ અને ચંદીગઢના પ્રશાસક ગુલાબચંદ કટારિયા,



પંજાબના CM ભગવંત માન અને હરિયાણાના મુખ્યમંત્રી નાયબ સિંહ સૈની પણ દિલજીત દોસાંઝના કોન્સર્ટમાં હાજરી આપશે. ચંદીગઢ પોલીસ અને પ્રશાસનના અધિકારીઓ આ અંગે વિશેષ વ્યવસ્થા કરવામાં વ્યસ્ત છે. DGP સુરેન્દ્ર સિંહ યાદવે પોતે ઘટના સ્થળની મુલાકાત લીધી છે. તેમની સાથે પોલીસ વિભાગના અન્ય વરિષ્ઠ અધિકારીઓ પણ હાજર હતા. હાઈકોર્ટે કેટલીક શરતો પર દિલજીતના કોન્સર્ટની પરવાનગી આપી છે.

### કેજરીવાલે અમિત શાહને લખ્યો પત્ર

# કાયદો-વ્યવસ્થાના મુદ્દા પર ચર્ચા કરવા માટે કેજરીવાલે સમય માંગ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

દિલ્હી વિધાનસભા ચૂંટણી પહેલા AAPના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે આજે શનિવારે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહને પત્ર લખ્યો છે. અરવિંદ કેજરીવાલે પોતાના પત્રમાં રાજધાનીમાં કાયદો અને વ્યવસ્થાની ખરાબ સ્થિતિનો ઉલ્લેખ કર્યો છે અને દિલ્હીના લોકોની સુરક્ષા અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે આ મુદ્દે અમિત શાહ સાથે મુલાકાત માટે કહ્યું છે. પૂર્વ CM અરવિંદ કેજરીવાલે કહ્યું કે, “દિલ્હીની કાયદો અને વ્યવસ્થા કેન્દ્ર સરકાર હેઠળ છે. તેમ છતાં, દિલ્હી હવે ગુનાઓની રાજધાની બની ગઈ છે.” અરવિંદ કેજરીવાલે કહ્યું કે, “ભારતના ૧૯ મેટ્રો શહેરોમાંથી દિલ્હી મહિલાઓ વિરુદ્ધના ગુનાઓમાં નંબર વન પર છે. હત્યાના મામલામાં દિલ્હી નંબર વન પર છે. દિલ્હીમાં



ખંડણી ગેંગ સક્રિય છે અને ખુલ્લેઆમ પૈસા વસુલવાનો ધંધો ચલાવી રહી છે.” અરવિંદ કેજરીવાલે પોતાના પત્રમાં આગળ લખ્યું છે કે, દિલ્હી એરપોર્ટ અને સ્કૂલોને ઈમેલ અને ફોન કોલ દ્વારા બોમ્બની ધમકીઓ મળી રહી છે. ડ્રગ સંબંધિત ગુનાઓમાં ૩૫૦ ટકા સુધીનો વધારો થયો છે. તેમણે પોતાના પત્રમાં એમ પણ કહ્યું કે, હું સમગ્ર દિલ્હીમાં લોકોની સુરક્ષાને લઈને ચિંતિત છું. આ દિશામાં અસરકારક પગલાં ભરવાની જરૂર છે.





ભારતીય પોસ્ટ અને ટેલિકોમ્યુનિકેશન એકાઉન્ટ્સ અને ફાઇનાન્સ સર્વિસના ૫૦મા સ્થાપના દિવસની ઉજવણી ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખર અને કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય એમ સિંધિયાએમાં હાજર રહ્યા હતા.

### ભારત સરકારે શરૂ કરી નવી યોજના

# હવે એરપોર્ટ પર ચા, કોફી, પાણીની ૧૦ ગણી કિંમત નહીં ચૂકવવી પડે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

એરપોર્ટ પર તમારી ફ્લાઈટની રાહ જોતી વખતે, તમને વેઈટિંગ લોન્જમાં તરસ લાગે છે. તરસ શાંત કરવા માટે પાણી અથવા કેટલાક ઠંડા પીણાનો સહારો લેતા હોય છે. કેટલીકવાર ભૂખની લાગણી પણ થાય છે. આવી સ્થિતિમાં સવારનો નાસ્તો કે હળવો નાસ્તો લેવાની પણ જરૂરિયાત અનુભવાય છે. પરંતુ, જ્યારે તમને ત્યાંના કાઉન્ટર પર કિંમતની ખબર પડે છે, તો તમે તે સાંભળીને ચોંકી જશો. દરેક વસ્તુની કિંમત બહાર કરતા લગભગ ૧૦ ગણી વધારે છે. જો તમે મધ્યમવર્ગીય પરિવારમાંથી છો તો તમને



આ પ્રકારની લાગણી કોઈને કોઈ સમયે આવી જ હશે. આ પરિસ્થિતિઓને દૂર કરવા માટે, ભારત સરકાર એક નવી યોજના લઈને આવી છે. કેન્દ્રીય ઉડ્ડયન મંત્રાલય વતી એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા તેના નિયંત્રણ હેઠળના તમામ એરપોર્ટ પર ઉડાન યાત્રી કાફે શરૂ કરવા જઈ રહી છે. અહીં તમને તમારી તરસ છીપાવવાથી લઈને પેટ ભરવા સુધીની વસ્તુઓ વ્યાજબી ભાવે મળશે.

## તંત્રી લેખ...

# ૧૮૦૦૦ ભારતીયો પર દેશનિકાલ થવાનો ખતરો

અમેરિકામાં યોજાયેલી રાષ્ટ્રપ્રમુખ ૨૦૨૪ની ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પે જંગી જીત મેળવી હતી. અને હવે તેઓ જાન્યુઆરીમાં રાષ્ટ્રપ્રમુખ પદના શપથ લેશે. પરંતુ તે પહેલા જ તેમના દ્વારા લેવામાં આવનાર સંભવિત નિર્ણયો અંગે ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. જેમાં એક નિર્ણય ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ પર કડક કાર્યવાહી કરવાનો છે. કારણ કે તેમણે ચૂંટણી દરમિયાન વચન આપ્યું હતું કે તેઓ ગેરકાયદે રહેતા ઈમિગ્રન્ટ્સ પર તરત જ કાર્યવાહી કરશે. આ વાતનો અંદાજ એ વાત પરથી પણ લગાવી શકાય છે કે, હાલમાં એક મીડિયા સંસ્થાના એક્ઝિટ પોલમાં ૮૭ ટકા ટ્રમ્પ સમર્થકોનું માનવું હતું કે ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને પાછા મોકલવા જોઈએ. આ મુદ્દા પર ચર્ચા એટલા માટે પણ મહત્ત્વપૂર્ણ છે. કારણ કે આ કાર્યવાહીની ભારતીયો પર પણ ઊંડી અસર પડશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, ૨૦ જાન્યુઆરીએ શપથ લીધા બાદ આ કાર્યવાહીને લાગુ કરવા માટે ડોનાલ્ડ ટ્રમ્પ સદીઓ જૂના કાયદાનો સહારો લઈ શકે છે. તે કાયદાનું નામ એલિયન અને સેડીશન એક્ટ્સ છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ડોનાલ્ડ ટ્રમ્પ આ કાયદા હેઠળ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ પર કાર્યવાહી કરી શકે છે. સન ૧૭૯૮ના એલિયન એન્ડ સેડીશન એક્ટ, ખાસ કરીને એલિયન ફ્રેન્ડ્સ એક્ટ અને એલિયન એનિમીઝ એક્ટમાં યુનાઈટેડ સ્ટેટ્સમાંથી ઈમિગ્રન્ટ્સને દેશનિકાલ આપવા માટેની સંબંધિત જોગવાઈઓનો સમાવેશ થાય છે. આ કાયદો અમેરિકાની સરકાર દ્વારા સંભવિત વિદેશી ધમકીઓ અને ટીકાઓને નિયંત્રિત કરવા માટે બનાવવામાં આવ્યો હતો. એલિયન એનિમીઝ એક્ટ લાગુ કરીને ટ્રમ્પ વહીવટીતંત્ર માટે કાયદાકીય પરવાનગી વિના અમેરિકામાં રહેતા ઈમિગ્રન્ટ્સને તરત જ પકડવા, અટકાયતમાં લેવા અને દેશનિકાલ કરવાનું ખૂબ જ સરળ બની શકે છે. કારણ કે આ કાયદો રાષ્ટ્રપ્રમુખોને ઈમિગ્રેશન કોર્ટને બાયપાસ કરવાની મંજૂરી આપે છે. સન ૧૭૯૮માં અમેરિકામાં પસાર કરવામાં આવેલો એલિયન એન્ડ સેડીશન એક્ટ એ ચાર કાયદાઓનો સમૂહ છે. આ કાયદાઓ રાષ્ટ્રપ્રમુખ જોન એડમ્સના કાર્યકાળ દરમિયાન પસાર કરવામાં આવ્યા હતા. આ કાયદાઓનો હેતુ રાષ્ટ્રીય સુરક્ષાના નામે વિદેશી નાગરિકોને અંકુશમાં લેવાનો અને યુએસ સરકાર સામેની ટીકાને રોકવાનો હતો. જો કે, એવું કહેવાય છે કે, આ કાયદાઓનો ઉપયોગ મોટાભાગે રાજકીય વિરોધીઓ અને ઈમિગ્રન્ટ્સને દબાવવા માટે કરવામાં આવે છે. જો કે આ કાયદાનો અત્યાર સુધીમાં ત્રણ વખત ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રથમ ૧૮૧૨ના યુદ્ધ દરમિયાન, પછી પ્રથમ વિશ્વ યુદ્ધ અને બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન. અમેરિકાએ ત્રણેય કેસોમાં યુદ્ધની ઘોષણા કરી હતી. નેચરલાઈઝેશન એક્ટ : આ કાયદો અમેરિકામાં નાગરિકતા મેળવવાની પ્રક્રિયાને પહેલા કરતા વધુ મુશ્કેલ બનાવે છે. જેમાં નાગરિકતા મેળવવા માટે જરૂરી રહેઠાણનો સમયગાળો ૫ વર્ષથી વધારીને ૧૪ વર્ષ કરવામાં આવ્યો હતો.

## સીરિયામાં અસદ સરકારના પતનની આંતરરાષ્ટ્રીય અસર

સીરિયામાં નાટકીય ઘટનાક્રમ દરમ્યાન બશર અલ-અસદ સરકારનું પતન થયું. ત્યાં વર્ષોથી અસદની શિયા પ્રભુત્વવાળી સરકાર અને વિભિન્ન સુન્ની ચરમપંથી જૂથો વચ્ચે સંઘર્ષ ચાલતો હતો. પરંતુ ૨૦૧૯માં ઈસ્લામિક સ્ટેટના પતન અને તેના સ્વઘોષિત ખલીફા અબુ બકર અલ બગદાદીના માર્યા ગયા બાદ તેઓ પ્રચાર-પ્રસારના માધ્યમોથી દૂર હતા. ૨૦૧૫-૧૬માં અસદ સરકારના સમર્થનમાં રુસી વાયુસેનાએ અભિયાન હાથ ધરીને સુન્ની ચરમપંથીઓને ભગાડયા બાદ એવું માનવામાં આવતું હતું કે, સીરિયામાં અસદ સરકારનું પતન સંભવ નથી. પરંતુ છેલ્લા કેટલાક દિવસોમાં આ પણ બન્યું. છેલ્લા પખવાડિયામાં સુન્ની ચરમપંથી જૂથ હયાત તહરીર અલ શામના અભિયાને એકાએક ગતિ પકડી અને સીરિયાની ફૌજ લડયા વિના જ પાછળ હટતી ગઈ. બાદના ઘટનાક્રમમાં બશર અલ અસદને દેશ છોડીને રશિયા જવું પડયું. જો કે આ વખતે રશિયા અને ઈરાન બંનેએ અસદ સરકારના સમર્થનમાં હસ્તક્ષેપ કરવાની ઉતાવળ ન દાખવી. અસદ સરકાર યુક્રેનથી લઈને ફલસ્તીન સુધી બિછાયેલ ભૂ રાજનીતિક શતરંજમાં બલિનો બકરો બની ગઈ. ઈરાને અસદને બચાવવા માટે કોઈ નકકર પગલાં ન ભર્યા. કારણ કે તેની પર ઈઝરાયલ અને અમેરિકા તરફી હૂમલાનો અંદેશો છે. તે પોતાના સીમિત સૈન્ય અને આર્થિક સંસાધનોને જાળવી રાખવા ઈચ્છે છે. બીજી તરફ ડોનાલ્ડ ટ્રમ્પના કારણે રશિયા પોતાના સૈન્ય-સંસાધનોને યુક્રેન મોરચે કેન્દ્રિત રાખવા ઈચ્છે છે. જેથી ત્યાંની વધુમાં વધુ જમીન પર કબજો કરી શકે અને સંઘર્ષ વિરામની સ્થિતિમાં તેના કબજા હેઠળની જમીન તેની પાસે રહે. ઈરાન અને રશિયાના આ વલણનો સૌથી મોટો લાભ ઈઝરાયેલ અને તુર્કિયેને થયો. હમાસ અને હિઝબુલલા કમજોર પડયા બાદ અસદ સરકારનું પતન ઈરાનના નેતૃત્વવાળા શિયા ગઠબંધન માટે એક ઝટકા સમાન છે, જયારે ઈઝરાયલ માટે તાત્કાલિકમાં મળેલી મોટી સફળતા. અસદ સરકારના પતન બાદ તુરંત ઈઝરાયલી સેનાઓએ ગોલાનની પહાડીઓથી આગળ વધીને સીરિયાની અંદર ઓપરેશન હાથ ધર્યુ હતું. જેનો ઉદ્દેશ ઈઝરાયલની સીમાઓનો વિસ્તાર, એક બફર ઝોનનું નિર્માણ અને સીરિયાની સૈન્ય ક્ષમતાને ક્ષીણ કરવાનો હતો. જો કે આવામાં સવાલ થાય કે સીરિયાઈ સેનાથી લડવાની મનાઈ કરવાની પાછળ ઈઝરાયલ અને તેના સમર્થક પશ્ચિમી દેશોનો ગુપ્ત એજન્સીઓનો તો હાથ નથીને? ઈઝરાયલી પીએમ બેન્ઝામિન નેતન્યાહૂએ અસદ સરકારના પતનને ઐતિહાસિક અવસર ગણાવ્યો હતો, પરંતુ સાથોસાથ આ ઘટનાક્રમના ભયાનક પરિણામ આવી શકે છે તેવી ચેતવણી પણ ઉચ્ચારી હતી. નેતન્યાહૂ આવું કહેવા માટે એટલા માટે મજબૂર છે કે જે હયાત તહરીર અલ શામ જૂથને પશ્ચિમી મીડિયા સીરિયાનું વિદ્રોહી સંગઠન ગણાવી રહયું છે, તેમાં અલકાયદા અને ઈસ્લામિક સ્ટેટના પૂર્વ આતંકીઓ જોડાયેલા છે. અફઘાનિસ્તાનમાં સોવિયેત સંઘની હાર બાદ અમેરિકાએ ઉછેરેલા ઓસામા બિન લાદેને પણ આવું જ કર્યુ હતું. હયાત તહરીર અલ શામ જૂથનો સાચો આકા કોઈ અન્ય નહીં પરંતુ તુર્કિયેના રાષ્ટ્રપતિ એર્દોગન છે, જેમ જૈશ અને લશ્કરનો આકા પાકિસ્તાન છે. પ્રથમ વિશ્વ યુદ્ઘમાં તુર્કિયેની હાર પહેલા સીરિયામાં વિભિન્ન વિસ્તારો આટોમન તુર્ક સામ્રાજયનો ભાગ હતા. સઉદી અરબ પણ તે સામ્રાજયનો ભાગ હતું. હાલના સીરિયા અને ઈરાક જેવા દેશોની સીમાઓ પ્રથમ વિશ્વ યુદ્ઘના વિજેતા દેશો ફ્રાન્સ અને બ્રિટને પોતાની ઈચ્છા મુજબ ખેંચી હતી. એર્દોગન ઓટોમન સામ્રાજયની પુનઃસ્થાપનાનું સ્વપ્ર જોઈ રહ્યો હતો. તે સીરિયા પર હાવી થયેલા તત્વોનો ઉપયોગ સીરિયાના કેટલાક વિસ્તારમાં કબજો જમાવેલા અને તુર્કિયેમાં પણ સક્રિય એવા કુર્દોને હટાવવામાં કરી શકતા હતા. જો કે તુર્કિયે સમર્થિત લડાયકોના હાથમાં સીરિયા જવાના કારણે કતર-તુર્કિયે ગેસ પાઈપ લાઈનના પ્રસ્તાવને નવજીવન મળી શકે છે. જેનાથી કતર અને સઉદી અરબની ગેસ સીરિયા અને તુર્કિયે થઈને યૂરોપ પહોંચી શકે છે.

---

### આપણે સૌ પણ આપણી વિસરાતી સંસ્કૃતિ તરફ ધ્યાન કેન્દ્રિત કરી, આધુનિકતાની દોડમાં જે વગર વિચાર્યે અપનાવ્યું છે

# ૨૧/૧૨/૨૦૨૪થી નરેન્દ્ર મોદીજી તરફથી વિશ્વ આખાને મળી "મેડિટેશન ડે"ની અનોખી ભેટ



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**અહીં વિચાર યાત્રાનો થોડોક હિસ્સો હોવાથી, જે ઘટના ઘટી હોય તે દેખાવાની સંભાવના વધી જાય છે, એટલે કે શરીર એ અનુભવેલ સુખ દુઃખ, ગ્લાની, હર્ષ, શોક, ગુસ્સો વગેરે ભાવની થોડીક પડછાઇ અહીં પડી શકે, પણ ત્યાં અટકી જવાનું નથી, ધારણાને વધુને વધુ હિંદુ સનાતન ધારા પ્રમાણે પ્રબળ બનાવવાની છે.**

આ અઠવાડિયામાં ઘણા એવા સમાચાર હતાં, જેમ કે જાજરમાન વ્યક્તિત્વ ધરાવતાં નીતા અંબાણી બ્રાન્ડ ઈન્ડિયા બન્યા, યુદ્ધ વિરામના બણગાં વચ્ચે ઈઝરાઈલ એ સિરિયામાં ઘૂસણખોરી કરી. ઘણા એવા ડે પણ આવ્યાં જેમ કે ૧૦ ડીસેમ્બર માનવ અધિકાર દિવસ, અને ૧૧ ડિસેમ્બર ઓશો નો જન્મ દિવસ! પણ માનવી પોતાના અધિકાર માટે હવે પૂર્ણ જાગૃત છે! બસ ખાલી ફરજ પ્રત્યે જ બેખબર છે,! એટલે એની વિશે લખવું જરૂરી ન લાગ્યું, જ્યારે ઓશો વીષે આપણી ખાસ રુચિ નહીં! પણ એક સમાચાર એવા હતાં કે એ ખરેખર બધાંજ ભારતીયો ને ગર્વ કરાવશે અને એ છે હવેથી ૨૧ ડિસેમ્બર એ ધ્યાન દિવસ તરીકે ઉજવવામાં આવશે! આમ સમગ્ર વિશ્વને આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદી તરફથી ૨૧ જૂન યોગ દિવસ અને ૨૧ ડિસેમ્બર ધ્યાન દિવસ ની ભેટ મળી, જે ખરેખર આવકારવા લાયક છે, કારણ કે જે રીતે અત્યારે સમગ્ર વિશ્વમાં અરાજકતા ફેલાઈ રહી છે એમાં યોગ અને ધ્યાન થી જ શાંતિ આવી શકે એમ છે, હાલાકી ધ્યાન એ યોગનું જ એક અંગ છે. પણ બંનેમાં અભ્યાસથી નિપુણતા પ્રાપ્ત થાય છે. આપણે જ્યારે ધ્યાન દિવસ ઉજવવા જઈ રહ્યા છીએ ત્યારે સામાન્યમાં સામાન્ય માનવી પણ ધ્યાનનો અર્થ સમજી અને એને જીવનમાં સમાવી શકે એ રીતે એનો અર્થ કરવો પડે અથવા એટલું સુક્ષ્મ ચિંતન કરવું પડે. ધ્યાનનો ત્રી પરિમાણિય અર્થ જોઈએ, તો સ્થૂળ, સૂક્ષ્મ, અને કારણ. સ્થૂળ શરીર જ્યારે સત્ય અસત્યનું ધ્યાન રાખે, એટલે કે પોતાની જાતે પોતાનું નિરીક્ષણ કરી, અને ધ્યાનપૂર્વક કરવામાં આવતી તેની દિનચર્યા, એ ધ્યાનનું પ્રથમ ચરણ છે. જીવમાંથી સાધક બને અને આત્મ દર્શનથી જ તેને ઈશ્વર તત્વ પ્રાપ્ત કરવાની ઈચ્છા થાય, તેને જાણવા માણવા, અને અનુભૂતિના એ પ્રદેશમાં યાત્રા કરવાની ઈચ્છા કે જિજ્ઞાસાને કારણે તે કોઈ એક નિશ્ચિત સમયે, અને નિશ્ચિત જગ્યાએ, આસન પાથરી, પદ્માસન અથવા સહજ આસનમાં, પલાઠી વાળીને આંખ બંધ કરીને બેસે એ ધ્યાનનું બીજું ચરણ છે. જેમાં શરૂઆતમાં અંતર માનસમાં આત્મદર્શન થયું ન્હોય, એટલે અંધારા દેખાય છે. નિત્ય અભ્યાસ અને દ્રઢ સંકલ્પ તેમજ નીતિ પૂર્વકનું જીવન અને હરિસ્મરણ આ બધાનો જો સતત અભ્યાસ હોય તો, ધીરે ધીરે એને ધ્યાનની ધરાએ અથવા બે આંખની વચ્ચે જ્યાં અધિષ્ઠાન ચક્ર કે આજ્ઞા ચક્ર આગળ આછો પ્રકાશ દેખાય છે. એ પ્રકાશમાં ધ્યાનની મુદ્રાઓની અનુભૂતિ થાય છે. એટલે કે ત્યાં આગળ શરૂઆતમાં જુદા જુદા ચિત્રો, છબીઓ, આકૃતિઓ, પ્રકૃતિના સ્વરૂપો, વગેરેના દર્શન થાય છે. અહીં વિચાર યાત્રાનો થોડોક હિસ્સો હોવાથી, જે ઘટના ઘટી હોય તે દેખાવાની સંભાવના વધી જાય છે. એટલે કે શરીર એ અનુભવેલ સુખ દુઃખ,ગ્લાની, હર્ષ, શોક, ગુસ્સો વગેરે ભાવની થોડીક પડછાઈ અહીં પડી શકે. પણ ત્યાં અટકી જવાનું નથી, ધારણાને વધુને વધુ હિંદુ સનાતન ધારા પ્રમાણે પ્રબળ બનાવવાની છે, નીરાકાર ઈશ્વરની જો પરિકલ્પના હોય, પ્રકૃતિ સતત તમને સ્પર્શી રહી છે, તેવી ધારણા કરવાની છે. પવન અહીં સ્પર્શી અને એના શીતલ આલ્હાદક સ્પર્શથી જાણે અખંડ ચેતના રૂપ કાયત્વને જગાડી રહ્યો છે, સૂર્ય તેના પરમ તેજથી જીવન પ્રકાશિત કરી રહ્યો છે, આકાશ તેની વિશાળતાનુ દર્શન કરાવે છે, એટલે કે બે ભુજાઓ પ્રસારી તેને સ્તકારી રહ્યો છે, હૃદયમાં મંદાકિની સત્ય પ્રેમ અને કરુણા રૂપે હિલોળા લઈ રહી છે, અને પૃથ્વી અચલ ભરોસાના સંકલ્પ સાથે પોતાના આ ભારને ઉપાડી રહી છે. સાકાર બ્રહ્મની પરિકલ્પના હોય તો જે રૂપ સ્વરૂપને આપણે માનતા હોઈએ, અથવા જેમાં શ્રદ્ધા હોય તેની છબી આ ધ્યાન ધરા પર દેખાય, અને આપણી આ યાત્રા સફળ થતી અનુભવાય. શિવ, દુર્ગા, કૃષ્ણ, વિષ્ણુ, કે રામ, સ્વરૂપની આરાધના હોય તો તે સ્વરૂપે તે આપણને ધ્યાનની ધરાએ દેખાય છે. અને આ ધ્યાનનો સૂક્ષ્મ અર્થ છે. જ્યાં આગળ કોઈ બીજો વિકાર નથી, પણ ફક્ત વિશ્વાસ છે, સદગુરૂ વચનનાં ભરોસાથી આ કક્ષાએ જીવ પહોંચી શકે છે. હવે કારણ શરીરનો ધ્યાનનો અર્થ કરીએ તો, સ્થૂળ રૂપે ધ્યાન રાખતા રાખતા એટલે કે દિનચર્યામાં ફેરફાર કરીને બિલકુલ પ્રમાણિક બનીએ, એટલે નીતિ ઈમાનદારી અને પ્રમાણિકતા એ ત્રણ ગુણ ઉદ્ભવે, અને તેની પાછળ ક્ષમા, વીરતા, સહનશીલતા, જેવા બીજા પણ અન્ય ગુણો વિકસે, ત્યારે ધ્યાન સિવાયના બાકીના સમયમાં પણ જીવથી સદભાવનાથી કર્મો થાય, એટલે કારણ શરીર ધ્યાનમાં વધુ ઝડપથી ગતિ કરી શકે. કારણ શરીર એટલે કે આપણી જ ઉર્જાના વલયોને આપણે સ્પષ્ટ પણે અનુભવીએ, અને આ આભાનું વર્તુળ, વધુ ને વધુ મોટું થતું જાય તેમ, કારણ શરીરનો વ્યાપ વધુ છે. અને જેમ વ્યાપ વધુ તેમ, અસ્તિત્વમાં તેની ગતિ પણ વધુ એટલે કે, એકબીજાની વચ્ચેનું અંતર ઘટતું જાય ત્યારે આ કારણ શરીરથી અસ્તિત્વમાં એકાકાર થઈ અને, આત્માને પરમાત્મા રૂપે અનુભવવાની ધ્યાનની આ સ્થિત! જે હવે તેની આગળ પોતાની માટે ઈશ્વરને સાકાર કે નિરાકાર સ્વરૂપે જોવો છે, એવો પણ કોઈ જ આગ્રહ નહીં! ફક્ત તે પંચ ભુત સ્વરૂપે છે, અને અસ્તિત્વમાં એકાકાર છે. પવન, પાણી, અગ્નિ, આકાશ, અને પૃથ્વી, પાંચે તત્વોમાં તે તલ્લીન છે. સાધક આ કક્ષામાં આવે તે ધ્યાનનો કારણ શરીરનો અર્થ છે. પણ સાધક સંસારી પણ છે,એટલે કર્તવ્ય કર્મ, વ્યવહાર કર્મ, અને શારીરિક અવસ્થા આ બધા જ ધર્મો તેની સાથે ક્ષણે ક્ષણે જોડાયેલા હોય છે. એટલે અનુભૂતિના પ્રદેશમાં તે લાંબો સમય રહી ન શકે, એટલે સ્થૂળ શરીરથી સતત ધ્યાન રાખી અને ધ્યાનની ધારણાને પ્રબળ બનાવવાની છે. ધ્યાન એ અધ્યાત્મ યાત્રાનો સૌથી વધુ અનુભૂતિ કરાવનારો, રસપ્રદ પ્રદેશ કહી શકાય. જ્યાં તમારી ઈશ્વર પ્રત્યેની ધારણાની કલ્પનામાં જેટલી વિવિધતા તમે લાવી શકો, એટલી આ પ્રદેશમાં આનંદની અનુભૂતિ ઉદ્ભવે. એટલે સ્વરૂપ બદલવાના નથી, આજે રામ, કાલે સીતા, પરમદિવસે શંકર એવું નહીં, એક જ સ્વરૂપમાં કલ્પનની વિવિધતા એ પરમ શક્તિની સમર્થતા અને તેની સાથેનુ અદમ્ય સાનિધ્ય. પણ જીવનનો હેતુ માત્ર કલ્પના જ રહી જાય નહીં, એ જાગૃતિ પણ એટલી જ જરૂરી છે. સ્થૂળનું જાગવું એ ક્રિયાનાં સંદર્ભમાં છે, એટલે કે સૂર્ય ઊગ્યો અને સ્થૂળ શરીર જાગ્યું, પણ સુક્ષ્મનું જાગવું તો આત્મ દર્શન કરવું તે છે, અને આત્મ દર્શન પછી આત્મા પરમાત્માનાં અલગ અલગ અસ્તિત્વનો એકાકાર થવો, ત્યારે જીવમાં શિવનો નિત્ય નિવાસ થાય અને એ ઈશ્વરીય શક્તિ એટલે જ આભા વલય! આભા વલય ની શક્તિ અપરંપાર છે અને શબ્દાતીત છે. વિદેશની સંસ્કૃતિને કારણે આપણે ઘણા જ આવાં 'ડે' ઉજવતા થયાં છીએ, જેમ કે "વીમન્સ ડે" "મેન ડે" મધર્સ ડે ફાધર્સ ડે બ્રધર્સ ડે સિસ્ટર ડે ડોટર ડે, ફ્રેન્ડશીપ ડે, ડોક્ટર ડે, એ ઉપરાંત "નેચર ડે" "પોલ્યુશન ડે" બુક ડે અને આવાં તો ઘણાં! પણ ભારતીય ને કારણે આખું વિશ્વ 'ડે'ઉજવશે એવું બહું ઓછું બન્યું છે! પણ હવે આયુર્વેદ અને યોગ તરફ જે રીતે પાશ્ચાત્ય સંસ્કૃતિના લોકો વળી રહ્યા છે એના પરથી કહી શકાય કે પૂર્વ સંસ્કૃતિ નો સૂરજ ધીરેધીરે ઉદય પામી રહ્યો અને એનાં દિવ્ય અજવાળાં જ વિશ્વમાં શાંતિની સ્થાપના કરશે! વસુધૈવ કુટુંબની ઉચ્ચ ભાવના વિશ્વમાં વ્યાપે એ માટે માત્ર શારીરિક નહીં પણ દરેક લોકોનું માનસિક ઉત્થાન પણ જરૂરી છે અને એ માત્ર ને માત્ર યોગ તેમજ ધ્યાનથી શક્ય છે. તો આપણે સૌ પણ આપણી વિસરાતી સંસ્કૃતિ તરફ ધ્યાન કેન્દ્રિત કરી, આધુનિકતાની દોડમાં જે વગર વિચાર્યે અપનાવ્યું છે, એને છોડી અને આપણી મૂળ સંસ્કૃતિને દીપાવીએ! જેથી કરીને આવનારી પેઢીમાં પણ આપણા ઉચ્ચ સંસ્કારનું સિંચન થાય ! જય હિન્દ.

---

### જીવ જ્યારે ચારેબાજુથી નિરાધાર બને છે ત્યારે તે પ્રભુને શરણે જાય છે, પૂર્વજન્મોના સંસ્કારો અને સત્કર્મો હોય તો પ્રભુનું શરણ સૂઝે છે


# સંસાર સમુદ્રનું મંથન કરી જ્ઞાન રૂપી-ભક્તિ રૂપી અમૃત મેળવવાનું છે, જીવને ખરેખર અમર બનાવે તેવું તે એ એક જ અમૃત છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**દ્રૌપદીએ મોઢાથી સાડીનો છેડો પકડેલો ત્યાં સુધી દ્વારિકાનાથ વ્હારે ધાતા નથી પણ જે ઘડીએ દ્રૌપદીએ છેડો છોડી દીધોને શ્રી કૃષ્ણને બોલાવ્યા તે જ ઘડીએ પ્રભુ વહારે ધાય છે, જીવ મૃત્યુ પથારીમાં એકલો પડે છે ત્યારે તેની દશા ગજેન્દ્ર જેવી થાય છે, અંતકાળે મનુષ્ય ગભરાય છે કે મારું શું થશે? જ્યાં ગયા પછી પાછું આવવાનું છે, તેવી મુસાફરી ની મનુષ્ય પારાવાર તૈયારી કરે છે, પણ જ્યાં ગયા પછી પાછું આવવાનું જ નથી.**

આપણે ભગવદ્ ગીતા જ્ઞાન થકી અનોખું ચિંતન કરી હૃદય મનને એકાગ્ર શાંત કરવા પ્રયત્ન કરીએ છીએ. એટલે જ કહયું છે કે ધર્મ એ જીવન જીવવાની ઉમદા કળા છે.જે સંસાર સરોવરમાં મનુષ્ય ક્રિડા કરે છે ત્યાં જ કાળ રહે છે જન્મની સાથે જ માણસ કાળને લઈને આવેલો છે. કાળ આવે છે ત્યારે પગને પહેલાં પકડે છે. પગની શક્તિ ક્ષીણ થાય ત્યારે માનજો કે કાળે પકડયા છે.પરંતુ ગભરાશો નહીં.એનો પણ ઉપાય છે.ગજેન્દ્રે બતાવ્યો છેતે ભાગવત સ્મરણમાં લાગી જવું. કાળ જ્યારે પકડે ત્યારેકાળની પકડમાંથી સ્ત્રી કે પુત્ર કોઈ છોડાવી શકે નહીં સ્ત્રી પુત્રની સાથે સંસાર સમુદ્રમાં રમવા રહ્યાને ભાન ભૂલ્યા એટલે તોકાળ મગરે પગ પકડ્યો. હવે એ સ્ત્રી-પુત્ર કેમ કરી છોડાવી શકે? એ તો ઊલટા દૂર ભાગી જાય છે.હાથીનું સંકટ જોઈ હાથણીઓ ભયથી આઘી ખસી ગઈ. હાથી એકલપંડે લડે છે. હાથી-મગરનું આ યુદ્ધ કેવુંચાલ્યું! એટલે કે ખૂબ લાંબું ચાલ્યું. આ બતાવે છે કે, વાસના જીતવી બહુ અઘરી છે તે એકદમ હરિના શરણે મનને જવા દેતી નથી. પોતાના જોરે તે જીતવા માગે છે, પણ તે તો હવે ગજેન્દ્ર એકલો પડયો. એકલો પડે ત્યારે જ્ઞાન જાગ્રત થાય છે.હવે એને ભાન થયું કે, વાસના કેવળ ફસાવે છે. તેના ટેકે રહેવાય નહીં. જીવ નિર્બળ બને છે ત્યારે તે ઈશ્વરને શરણે જાય છે. નિર્બળ કે બળ રામ છે. દ્રૌપદીએ મોઢાથી સાડીનો છેડો પકડેલો ત્યાં સુધી દ્વારિકાનાથ વ્હારે ધાતા નથી પણ જે ઘડીએ દ્રૌપદીએ છેડો છોડી દીધોને શ્રી કૃષ્ણને બોલાવ્યા તે જ ઘડીએ પ્રભુ વહારે ધાય છે. જીવ મૃત્યુ પથારીમાં એકલો પડે છે ત્યારે તેની દશા ગજેન્દ્ર જેવી થાય છે. અંતકાળે મનુષ્ય ગભરાય છે કે મારું શું થશે? જ્યાં ગયા પછી પાછું આવવાનું છે,તેવી મુસાફરી ની મનુષ્ય પારાવાર તૈયારી કરે છે. પણ જ્યાં ગયા પછી પાછું આવવાનું જ નથી, તેવી મોટી મુસાફરીની કોઈ અગાઉથીતૈયારી કરતું નથી. એ પરમ આશ્ચર્યની વાત છે. મૃત્યુ પથારી ઉપર પડેલો મનુષ્ય હાય હાય કરે છે.હાયહાય કરે હવે શું વળવાનું? હરિ હરિ કરો તો કાંઈ વળે? કાંઈ શું, બધું વળે! ખરા દિલથી હરિ હરિ કરો તો! ગજેન્દ્ર એકલો પડયો ત્યારે તેને ખાતરી થઈ કે, ઈશ્વર વિના મારું કોઈ નથી સગાંસંબંધી બધાં કહેવાનાં છે.જે બધાને માટે આખી જિંદગી ભોગ આપ્યો તે સર્વ છોડીને ચાલ્યા જાય છે. એટલે હવે ગજેન્દ્ર ઈશ્વરની સ્તુતિ કરે છે.આ ગજેન્દ્ર સ્તુતિ અને ગજેન્દ્ર મોક્ષનો પાઠ રોજ કરવા જેવો છે, જેથી અજ્ઞાનનો નાશ થાય અને મરણ સુધરે. કાળ-મગર મને પકડવા ટાંપી રહ્યો છે એમ સમજી આ સ્તુતિ કરવી. જીવ જ્યારે ચારેબાજુથી નિરાધાર બને છે ત્યારે તે પ્રભુને શરણે જાય છે. પૂર્વજન્મોના સંસ્કારો અને સત્કર્મો હોય તો પ્રભુનું શરણ સૂઝે છે. ગજેન્દ્ર પ્રાર્થના કરે છે કે, હે વિવિધ રૂપવાળા, અજ્ઞેય ચરિત્ર વાળા પ્રભુ, મારી રક્ષા કરો! હે પ્રભુ, તમે અવિદ્યાના ફાંસામાં



ફસાયેલ જીવને જો તે શરણે આવે તો ફાંસો કાપી નાખી બચાવો છો. તમે અત્યંત દયાળુ છો ને દયા કરવામાં કદી આળસ કરતા નથી. જીવમાત્રના તમે અંતર્યામી છો. તમે સર્વના નિયંતા છો. તમને હું પ્રણામ કરું છું.હું પશુ છું. કાળના પાશમાં ફસાયો છું મને કાળથી બચાવો.જ્યાંકાળ ન હોય ત્યાં મને લઈ જાવ.જ્યાં કાળનો પ્રવેશ નથી એવા તમારા ધામમાં મને લઈ જાઓ. હે પ્રભુ,હું જાણું છું કે,આપની કૃપા અને આપનું શરણ એ જ બચવાનો એક માત્ર ઉપાય છે. હે નાથ, મારી ઉપર કૃપા કરો. તમે શરણાગતનું રક્ષણ કરનાર છો. તમે મારી રક્ષા કરો!હું તમારે શરણે છું.ગજેન્દ્ર આ પ્રમાણે દુઃખથી આદ્ર બનીને શ્રીહરિની સ્તુતિ કરે છે.આ સ્તુતિનો પાઠ મનુષ્યને સંકટ માંથી મુક્ત કરે છે. તમે જ ગજેન્દ્ર છો, ને કાળ-મગરના જડબામાં પડ્યા છો એમ સમજી પાઠ કરશો તો તેનો ચમત્કાર તરત દેખાશે.આ સ્તુતિનો પાઠ કરનારને ખરાબ વિચારો નહીં આવે.ગજેન્દ્ર પ્રાર્થના કરે છે કે,હવે નાશ ન થાય તેવું દિવ્ય શરીર મને આપો. કારણ કે આ નાશવંત -લૌકિક શરીર કેવળ બોજારૂપ છે ને વ્યર્થ છે. માટે કૃપા કરી મને અવિનાશી તેજોમય શરીર આપો.હે ગોવિંદ, હે નારાયણ,હું દીન તમારી પ્રાર્થના કરું છું.કાળના મુખમાંથી મને છોડાવો. હવે પરમાત્માને ઉતાવળ થઈ. તે દોડતા આવ્યા.ગજરાજને બચાવવાની ભગવાન સિવાય કોઈની તાકાત નથી.દેવો ત્યાં લાચાર છે. નિરાધારનો આધાર ભગવાન છે. ગજેન્દ્રે જોયું કે, ભગવાન દોડતા આવ્યા છે. ગજેન્દ્રે સરોવરમાંથી એક કમળ ઊંચકી તે ભગવાનને અર્પણ કર્યું. તુલસી અને કમળ પરમાત્માને પ્રિય છે. પરમાત્માની નાભિમાંથી કમળ નીકળ્યું છે. કમળ બ્રહ્માજી ની સૃષ્ટિનું નથી.તે કમળનો પ્રભુ એ સ્વીકાર કર્યો.સુદર્શન ચક્રથી ભગવાને મગરને માર્યો. સુદર્શન ચક્ર એટલે જ્ઞાનચક્ર. કાળનો નાશ જ્ઞાનચક્રથી જ થાય છે.એવું જ્ઞાન કે સર્વમાં ભગવાન દેખાય. જેને બ્રહ્મદષ્ટિ પ્રાપ્ત થાય છે તે જ્યાં જાય ત્યાં તેને પરમાત્માનાં દર્શન થાય છે. બ્રહ્મજ્ઞાની ઘણા મળશે, પણ શુકદેવજી જેવી બ્રહ્મદષ્ટિ રાખનાર ઓછા મળશે. આવા જ્ઞાનીને સંસાર બાધક થતો નથી. અજ્ઞાનીને સંસાર બાધક થાય છે. આ જ્ઞાન એટલે ચોપડીનું જ્ઞાન નહીં પણ અંતરમાં ઊગેલું જ્ઞાન. આ જ્ઞાન તમને અજ્ઞાનમાંથી છોડાવશે. અજ્ઞાનની પકડમાંથી છૂટવાનું છે. સર્વમાં ભગવદ્દર્શન તેજ સુદર્શન. ભગવાન સિવાય જગતમાં જેના દર્શન કરવા-પ્રિય થાવું એવું સુદર્શન કોણ છે? એનો બીજો અર્થએ પણ થાય કે, તમારી દૃષ્ટિ સુદર્શન થશે; સારી થશે એટલે સર્વમાં તમને ભગવાન દેખાશે, તો તમે કાળના મુખમાંથી છૂટી જશો. સર્વમાં શ્રીકૃષ્ણનાં દર્શન કરો તો કાળ મારી શકશે નહીં.ભગવાને ગજેન્દ્રનો ઉદ્ધાર કર્યો, તેમ જે જીવ ભગવાનને શરણે જશે તેનો ઉદ્ધાર થશે. પૂર્વ જન્મમાં આ ગજેન્દ્ર ઈન્દ્રધુમ્ન નામનો રાજા હતો. રાજા ધ્યાનમાં બેઠો હતો. ત્યાં અગસ્ત્ય મુનિ આવ્યા.ઊભા થઈ રાજાએ મુનિ નો સત્કાર કર્યો નહીં.તેથી મુનિને લાગ્યું કે, રાજા મારું અપમાન કરે છે.ભગવાન કરતાં પણ ભગવાન ના ભક્તોનું વધારે માન રાખજો. પથ્થરની મૂર્તિમાં સદભાવ રાખવા થી ચેતન થાય છે તો ચેતનમાં સદ્ભાવ રાખવાથી ઈશ્વરની પ્રાપ્તિ કેમ ન થાય?અગસ્ત્ય મહારાજને ખોટું લાગ્યું. તેમણે શ્રાપ આપ્યો કે,તું જડ જેમ બેસી રહ્યો તેથી તને પશુનો જડ અવતાર મળો! પૂર્વજન્મમાં ગજેન્દ્રે ખૂબ ભજન કરેલું એટલે ગજેન્દ્રયોનિમાં તેને પ્રભુ યાદ આવ્યા. એક જન્મમાં જે સંસ્કાર મનમાં દઢ થાય તે બીજા જન્મમાં સ્વભાવ બની પ્રગટ થાય છે. ગજેન્દ્રની ગત જન્મની ભક્તિ આ જન્મે શ્રદ્ધા રૂપે પ્રગટ થઈ. શુકદેવજી હવે સમુદ્રમંથનની કથા કહે છે,હે રાજન!એક સમયે ઈન્દ્ર ને દુર્વાસા ઋષિ સામે મળ્યા. દુર્વાસાએ પુષ્પમાળા ઈન્દ્રને અર્પણ કરી, પરંતુ ઈન્દ્ર સંપત્તિમાં સાનભાન ભૂલ્યો હતો. એટલે સંતે મળેલી માળા તેણે હાથીની સૂંઢ ઉપર ફેંકી. હાથી તે પગ તળે કચડવા લાગ્યો. દુર્વાસાને લાગ્યું કે, ઈન્દ્ર મારું અપમાન કરે છે. મારું એકલાનું નહીં, પણ પુષ્પમાં રહેલાનું અપમાન કરે છે.તેથી તેમણે ઈન્દ્રને શ્રાપ આપ્યો કે, તું દરિદ્ર થઈશ. સંપત્તિમાં સાનભાન ભૂલ્યો છે તે દરિદ્ર ન થાય ત્યાં સુધી તેને સાનભાન આવતું નથી. તે પછી સ્વર્ગનું રાજ્ય દૈત્યોને મળે છે. દેવો ભગવાનને શરણે ગયા. અમને અમારું રાજ્ય પાછું મળે તેવું કરો. ભગવાને આજ્ઞા આપી કે, તમે સમુદ્રમંથન કરો. તેમાંથી અમૃત નીકળશે તે હું તમને પીવડાવીશ.તમે અમર થશો પરંતુ આ મોટું કામ કરે છે. તેમાં દૈત્યોનો પણ સાથ લેજો. દૈત્યો આમ તો દેવોની મદદમાં ન આવે, પણ એક તો દેવો એ તેમનાં વખાણ કર્યા તેથી ફુલાયાને બીજું અમૃતની લાલચ લાગી એટલે દેવો ની સાથે જોડાયા હવે દેવો અને દૈત્યો અમૃત મેળવવા સમુદ્રનું મંથન કરવા લાગ્યા. મંદરાચળ પર્વતની રવઈ બનાવવામાં આવી અને વાસુકી નાગનું દોરડું બનાવ્યું ને મંથન શરૂ કર્યું.સંસાર એ જ સમુદ્ર છે.સંસાર સમુદ્રનું મંથન કરી જ્ઞાન રૂપી અને ભક્તિ રૂપી અમૃત મેળવવાનું છે.જીવને ખરેખર અમર બનાવે તેવું તે એ એક જ અમૃત છે.

### પુષ્પા-૨ ધ રૂલ (પુષ્પા ૨) સફળતાનો ધ્વજ લહેરાવી રહ્યો છે

# અદિતિ રાવ હૈદરીના પતિ સિદ્ધાર્થએ પુષ્પા ૨ માટેના ક્રેઝને સામાન્ય ગણાવ્યો

૨૦૨૪ની સૌથી મોટી ફ્લોપ ફિલ્મ આપનાર એક એક્ટરે પુષ્પા ૨ ની મજાક ઉડાવી હતી, જે બીજું કોઈ નહી પરંતુ અદિતિ રાવ હૈદરીના પતિ સિદ્ધાર્થ છે. જેમને કહ્યું કે આટલી ભીડ તો જેસીબી એસ્કેવેટરચાલતું હોય ત્યાં પણ હોય. ફિલ્મ ટ્રેડ એનાલિસ્ટ કોમલ નાહટાએ પણ કહ્યું છે કે પુષ્પાના કારણે જ આ વર્ષ બોક્સ ઓફિસ માટે શાનદાર સાબિત થયું.પુષ્પા ૨ ધ રૂલ (પુષ્પા ૨) સફળતાનો ધ્વજ લહેરાવી રહ્યો છે. બોક્સ ઓફિસ પર પુષ્પા ૨ ની સફળતા જબરદસ્ત છે અને ચાહકોમાં ઘણો ક્રેઝ જોવા મળી રહ્યો છે. ફિલ્મ ટ્રેડ એનાલિસ્ટ કોમલ નાહટાએ પણ કહ્યું હતું કે પુષ્પા ૨ ધ રૂલને કારણે આ વર્ષ બોક્સ ઓફિસ માટે શાનદાર સાબિત થયું છે. તમને ભાગ્યે જ કોઈ એવું મળશે જે પુષ્પા ૨ ધ રૂલના વખાણ ન કરતું હોય. અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદાન્નાના ચાહકો પણ ફિલ્મના વખાણ કરવામાં પાછળ નથી. પરંતુ એક અભિનેતાએ ચાહકોના આ ગાંડપણને સામાન્ય ભીડ ગણાવ્યું છે. આ અભિનેતા પણ એવો છે જેણે આ વર્ષે માત્ર એક જ ફિલ્મ રિલીઝ કરી છે અને તે પણ ખરાબ રીતે ફ્લોપ થઈ છે.અમે જે અભિનેતાની વાત કરી રહ્યા છીએ તે છે સિદ્ધાર્થ. હિન્દી ફિલ્મોના દર્શકો ફિલ્મ રંગ દે બસંતીથી અભિનેતા સિદ્ધાર્થને ઓળખી શકે છે. એક્ટર સિદ્ધાર્થ અદિતિ રાવ હૈદરીના પતિ પણ છે. બંનેએ આ વર્ષે સપ્ટેમ્બર મહિનામાં લગ્ન કર્યા હતા. સિદ્ધાર્થની આ વર્ષે માત્ર એક જ ફિલ્મ રિલીઝ થઈ છે, જેનું નામ છે ઈન્ડિયન ૨. ઈન્ડિયન ૨ એ થોડા વર્ષો પહેલા રિલીઝ થયેલી ફિલ્મ ઈન્ડિયનની સિક્વલ છે. ભારતીય મૂવી જોરદાર હિટ રહી હતી પરંતુ ભારતીય ૨ ખરાબ રીતે ફ્લોપ થઈ હતી. સિદ્ધાર્થની મિસ યુ નામની ફિલ્મ પણ ટૂંક સમયમાં રિલીઝ થવા જઈ રહી છે.વર્ષની સૌથી મોટી ફ્લોપ ફિલ્મનો હિસ્સો બનેલા સિદ્ધાર્થને તાજેતરમાં પુષ્પા ૨ ધ રૂલની પટના ઈવેન્ટ વિશે પૂછવામાં આવ્યું હતું. મનોબાલા વિજયબાલને તેના ટ્વિટર એકાઉન્ટ પર તેની ક્લિપિંગ પોસ્ટ કરી છે. તેણે લખ્યું કે સિદ્ધાર્થે પુષ્પા-૨ની પટના ઈવેન્ટમાં આવેલા ચાહકોને એક ભીડ તરીકે વર્ણવ્યું છે જે ફક્ત જેસીબી બાંધકામ જોવા માટે એકઠા થાય છે. તેણે એમ પણ લખ્યું કે આ ચોંકાવનારું છે.આ વખતે અલ્લુ અર્જુન પણ પોતાની ફિલ્મના પ્રમોશન માટે પટના ગયો હતો. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.



### શાહરૂખ ખાનના ગીત પર ડાન્સ કરીને બધાને ચોંકાવી દીધા હતા

# બાદશાહ અને ગૌરીના ઘરમાં થશે તોડફોડ

**થોડા સમય પહેલા શાહરૂખ ખાન હોલીવુડ સિંગર દુઆ લિપાના કોન્સર્ટના કારણે ચર્ચામાં આવ્યો હતા**

થોડા સમય પહેલા શાહરૂખ ખાન હોલીવુડ સિંગર દુઆ લિપના કોન્સર્ટના કારણે ચર્ચામાં આવ્યો હતો. લિપ દુઆએ શાહરૂખ ખાનના ગીત પર ડાન્સ કરીને બધાને ચોંકાવી દીધા હતા. જે બાદ શાહરૂખ ખાન દુઆ લિપાને મળ્યો હતો. આ વાતની સાથે જ બોલિવૂડ સિંગર અભિજીત ભટ્ટાચાર્યએ શાહરૂખ ખાન પર નિશાન સાધવાનું શરૂ કરી દીધું હતું. આ દરમિયાન શાહરૂખ ખાને ફરી એકવાર હેડલાઈન્સમાં આવવાનું શરૂ કર્યું છે. તેનું કારણ છે શાહરૂખ ખાનનું ઘર મન્નત. જેના પર ટૂંક જ સમયમાં બુલડોઝર ફરશે . એવા સમાચાર છે કે શાહરૂખ ખાન પોતાના ઘર મન્નતને વધુ વૈભવી બનાવવાની યોજના બનાવી રહ્યો છે.મન્નત બોલિવૂડના કિંગ તરીકે પ્રખ્યાત શાહરૂખ ખાનનું નિવાસસ્થાન છે. મન્નતની લોકપ્રિયતા શાહરૂખ ખાન સાથે જોડાયેલી છે. શાહરૂખ ખાનની એક ઝલક મેળવવા માટે હજારો લોકો મન્નતની બહાર એકઠા થાય છે. શાહરૂખ પણ મન્નત સાથે તેના ચાહકોને સલામ કરે છે. શાહરૂખ ખાનનું સ્ટારડમ ભલે વચ્ચે વચ્ચે પડી ગયું હોય, પરંતુ વર્ષ ૨૦૨૩માં તેની ૩ ફિલ્મોએ ન માત્ર તેનું ગુમાવેલું સ્ટારડમ પાછું મેળવ્યું પણ તેને એક મોટો સ્ટાર પણ બની ગયો. હવે એવા અહેવાલો સામે આવી રહ્યા છે કે શાહરૂખ ખાન તેના ઘર મન્નતને વિસ્તારી રહ્યો છેઅહેવાલો અનુસાર, શાહરૂખ ખાનની પત્ની અને ઈન્ટિરિયર ડિઝાઈનર ગૌરી ખાને મહારાષ્ટ્ર કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટી ને સત્તાવાર નિવેદન આપ્યું હતું. જેમાં તેણે વિનંતી કરી હતી કે ખાન પરિવાર મન્નતમાં વધુ ૨ માળ ઉમેરવા માંગે છે. આ સંબંધમાંમહારાષ્ટ્ર કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટીએ ૧૦-૧૧ ડિસેમ્બરે એક બેઠકનું આયોજન કર્યું હતું. તેની સમીક્ષા કરવામાં આવી છે પરંતુ હજુ સુધી કોઈ અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી. જો બધું બરાબર રહેશે તો શાહરૂખ ખાનની મન્નતમાં ૮ માળ હશે અને આ બે માળ ઉમેરવાથી લગભગ ૨૫ કરોડ રૂપિયાનો ખર્ચ થઈ શકે છે. શાહરૂખ ખાનના ઘર મન્નતની વાત કરીએ તો તે મુંબઈના પોશ વિસ્તાર બાંદ્રામાં છે. તે ૨૦૯૧.૩૮ ચોરસ મીટરમાં ફેલાયેલું છે અને તેમાં કુલ ૬ માળ છે. શાહરૂખ ખાને આ બંગલો નરીમાન દુબાશ પાસેથી ખરીદ્યો હતો. આ બંગલો બાંદ્રા, મુંબઈના ટોચના આકર્ષણોમાંથી એક છે. તેને હેરિટેજ તરીકે ઓળખવામાં આવે છે કારણ કે આ ઈમારત વર્ષ ૧૯૧૪માં બનાવવામાં આવી હતી.મન્નતનો ઈતિહાસ શાહરૂખ ખાનની સફળતા સાથે જોડાયેલો છે. બિન-ફિલ્મી પૃષ્ઠભૂમિમાંથી હોવા છતાં, શાહરૂખ ખાને મન્નતને ખરીદી અને વિશ્વભરમાં પોતાની ઓળખ બનાવી. મન્નત શાહરૂખના દિલની ખૂબ જ નજીક છે અને તેને વિસ્તારવામાં તેની પત્ની અને ઈન્ટિરિયર ડિઝાઈનર મહત્વની ભૂમિકા ભજવશે.




# માત્ર છ દિવસમાં પુષ્પા ૨ને રૂપિયા ૧૦૦૦ કરોડનું કલેક્શન કર્યું

## ફિલ્મ બીજા વીકમાં પ્રવેશી ચૂકી છે ત્યારે ભારતીય ફિલ્મોની કમાણીના નવા રેકોર્ડ બનવાની શક્યતા છે




અલ્લુ અર્જુન-રશ્મિકા મંદાનાની 'પુષ્પા ૨' માટે પહેલું વીક 'વાઈલ્ડ ફાયર' જેવું રહ્યું છે. રિલીઝના છ દિવસમાં જ આ ફિલ્મે વર્લ્ડવાઈડ બોક્સ ઓફિસ પર રૂ.૧૦૦૦ કરોડનું કલેક્શન મેળવી લીધું છે. આ સાથે સૌથી વધુ ઝડપથી ૧૦૦૦ કરોડે પહોંચનારી પહેલી ફિલ્મ બની છે. વર્લ્ડવાઈડ બોક્સઓફિસ પર રૂ.૨૯૪ કરોડના કલેક્શન સાથે 'પુષ્પા ૨'ના પ્રથમ દિવસની શરૂઆત થઈ હતી. રિલીઝના ત્રણ દિવસમાં જ પુષ્પાએ રૂ.૫૦૦ કરોડનું કલેક્શન પાર કરી લીધું હતું. માત્ર ૩ જ દિવસમાં આ ફિલ્મ ૬૦૦ કરોડની ક્લબમાં આવી ગઈ હતી. તેમાંથી રૂ.૪૬૭.૫૭ કરોડ ભારતમાં અને રૂ.૧૩૫ કરોડ અન્ય દેશોમાં મળ્યા હતા. રિલીઝના ત્રણ જ દિવસમાં પુષ્પાએ 'જવાન', 'બાહુબલિ ૨' અને RRR જેવી ફિલ્મોના રેકોર્ડ તોડ્યા હતા. ફિલ્મ માટે ઊભા થયેલા હાઈપ ઉપરાંત માઉથ પબ્લિસિટીના કારણે પુષ્પા નોનસ્ટોપ આગળ વધી રહી છે. ફિલ્મના મેકર્સે રૂ.૧૦૦૦ કરોડના મેજિક ફિગરને પાર કરવાની ખુશીને વ્યક્ત કરતાં પોસ્ટર શેર કર્યુ હતું. રિલીઝના પાંચ જ દિવસમાં રૂ.૯૨૨ કરોડનું કલેક્શન મેળવનારી પ્રથમ ભારતીય ફિલ્મ બની હોવાનો દાવો પણ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, બાહુબલિ ૨ને ૧૦ દિવસમાં અને રાજામૌલિની RRR કેજીએફ-૨ અને કલ્કિ ૨૮૯૮ એડીને ૧૬ દિવસમાં રૂ.૧૦૦૦ કરોડનું કલેક્શન મળ્યું હતું. જવાન અને પઠાણને અનુક્રમે ૧૮ અને ૨૭ દિવસ લાગ્યા હતા. ફિલ્મ બીજા વીકમાં પ્રવેશી ચૂકી છે ત્યારે ભારતીય ફિલ્મોની કમાણીના નવા રેકોર્ડ બનવાની શક્યતા છે.

### પુષ્પા વિના પણ શ્રીવલ્લીનું કોઈ અસ્તિત્વ ન હોત

# રશ્મિકાનો હરખ શ્રીવલ્લી મારી ઓળખ બની

રશ્મિકા મંદાના હાલ 'પુષ્પા ૨ -ધ રુલ'ની સફળતાની મજા લઈ રહી છે. તાજેતરમાં તેણે પોતાના ઈન્સ્ટાગ્રામ પર ફિલ્મના સેટ પરથી કેટલીક તસવીરો શેર કરી હતી. સાથે તેણે ફિલ્મના ડિરેક્ટર સુકુમાર, અલ્લુ અર્જુન અને તેના ફેન્સ માટે એક ખાસ પોસ્ટ પણ લખી છે.રશ્મિકાની આ તસવીરોમાંથી એકમાં તે શ્રીવલ્લીના લૂકમાં સેટ પર એક સોફા પર બેઠી છે. જ્યારે બીજી તસવીરમાં તેણે લાલ સાડી પહેરી છે અને પાલવથી તે પોતાનો ચહેરો છુપાવી રહી છે. ત્યાર પછીની તેની તસવીર સૌથી વધુ વાયરલ થઈ છે, જેમાં તે આરામથી ઊંઘી રહી છે અને સુકુમાર તેને ધ્યાનથી જોઈ રહ્યા છે. તે ઉપરાંત કેટલાક વીડિયો પણ છે જેમાં સુકુમાર તેને સીન સમજાવી રહ્યા છે અને તે શાંતિથી તે શીખી રહી છે. જ્યારે અન્ય એક વીડિયોમાં તે અલ્લુ અર્જુન સાથે કોઈ વિષયે ચર્ચા કરી રહી છે અને તે સુકુમારને ખુશીથી ભેટી પડે છે.આ પોસ્ટની કેપ્શનમાં તેણે પોતાનો રોલ યાદગાર બનાવવા માટે સુકુમાર અને અલ્લુ અર્જુનનો અભાર માન્યો છે. તેણે એવું પણ લખ્યું છે, કે આ ફિલ્મ પછી શ્રીવલ્લી તેની બીજી ઓળખ બની ગઈ છે. તેણે લખ્યું,"ઘણો સમય થયો કે હું શ્રીવલ્લીના પાત્રમાં વણાઈ ગઈ છું. આજે જ્યારે તમને બધાને શ્રીવલ્લી શેના માટે લડે છે, ખડી થાય છે અને માને છે તેના માટે માનથી જોતાં જોઉં છું, ત્યારે અલગ અનુભૂતિ થાય છે. એવું લગા છે જાણે તમે પુષ્પાનો શ્રીવલ્લીની નજરે અનુભવ કરતા હોય તેનાથી મને ખૂબ આનંદ થાય છે. તમને ગમે તે રીતે શ્રીવલ્લીને જીવંત કરવી એ મારા માટે ઘણું ખાસ છે." આગળ તેણે લખ્યું, "એ મારા માટે બીજી ઓળખ બની ગઈ છે, જેના પર મને ખૂબ માન છે.શ્રીવલ્લીએ મારી સફરને આકાર આપ્યો છે, આજે હું જ્યાં છું ત્યાં મને પહોંચાડી છે તેના માટે મારું બધું જ સુકુમાર સરને સમર્પિત છે- એ જિનીયસ છે, જેમણે આ બધું જ શક્ય બનાવ્યું. પુષ્પા વિના પણ શ્રીવલ્લીનું કોઈ અસ્તિત્વ ન હોત. તે જે છે તે પુષ્પાના કારણે જ છે અને તેના માટે હું દિલથી અલ્લુ અર્જુન સરની આભારી છું. હંમેશા. મારા માટે શ્રીવલ્લી માત્ર એક પાત્ર નથી, એ હકીકત છે, જે હંમેશા મારા દિલની નજીક રહેશે. હંમેશા તેની ઋણી રહીશ. શ્રીવલ્લી પુષ્પરાજ મોલેટ્ટી."પુષ્પા ૨ ૫ ડિસેમ્બરે રિલીઝ થઈ છે અને એક જ અઠવાડિયામાં ત્રણ દિવસની અંદર વર્લ્ડ વાઈડ લગભગ ૬૨૧ કરોડની કમાણી કરી ચૂકી છે. ફિલ્મે પહેલા જ દિવસે ૨૯૪ કરોડની કામાણી કરીને ઘણા રેકોર્ડ તોડી નાંખ્યા છે.



# કંગુવાને OTT પર રિલીઝ કરતા પહેલાં ટૂંકાવી દેવાઈ

કન્નડ સ્ટાર સૂરિયાની ફિલ્મ 'કંગુવા' ખૂબ મોટા બજેટમાં બનેલો એક ખૂબ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ હતો. બોક્સ ઓફિસ પર ઊંધા માથે પછડાયેલી આ ફિલ્મ ઓટીટી પર આવી ચૂકી છે. ડિરેક્ટર સિવાની આ ફિલ્મને વિવેચકો અને ફિલ્મર સિકોએ લાગણી કે ભાવનાઓ વિનાની માત્ર મશીનની જેમ ચાલતી ફિલ્મ સાથે સરખાવી હતી. આ ફિલ્મ અંગે રિલીઝ પહેલાં ખૂબ હાઈપ ઊભી કરવામાં આવી હતી.તેથી આ ફિલ્મ બોક્સ ઓફિસ પર બિલકુલ ન ચાલી હોવા છતાં તેના ઓટીટી રિલીઝની પણ ઘણી રાહ જોવાતી હતી. કન્નડ સ્ટાર સૂરિયાની ફિલ્મ 'કંગુવા' ખૂબ મોટા બજેટમાં બનેલો એક ખૂબ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ હતો. ત્યારે અંતે સોમવારે આ ફિલ્મ એમેઝોન પ્રાઈમ વીડિયો પર સ્ટ્રીમ થવાની શરૂ થઈ છે. તેમાં રસપ્રદ વાત એ છે કે લોકો તરફથી મળેલા પ્રતિસાદ અને ટીકાઓને ધ્યાનમાં રાખીને મેકર્સ દ્વારા આ ફિલ્મમાં ઘણા ફેરફાર કરવામાં આવ્યા છે અને ફિલ્મ ઘણી ટૂંકાવી દેવામાં આવી છે. કન્નડ સ્ટાર સૂરિયાની ફિલ્મ 'કંગુવા' ખૂબ મોટા બજેટમાં બનેલો એક ખૂબ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ હતો. ડિજીટલ પ્લેટફર્મ પર આવેલી ફિલ્મમાં ૧૨ મિનિટના દૃશ્ય કાપી નાખવામાં આવ્યા છે. થોડાં દિવસોમાં ખ્યાલ આવશે કે દર્શકોને આ ટૂંકી ફિલ્મ થિએટરમાં આવેલી ફિલ્મની સરખામણીએ કેટલી પસંદ પડે છે. આ ફિલ્મથી બૉબી દેઓલે સાઉથની ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યુ કર્યું છે. જ્યારે દિશા પટાણી આ ફિલ્મમાં લીડ રોલમાં છે. બૉબી દેઓલ આ ફિલ્મમાં વિલનના રોલમાં છે. જ્યારે સૂરિયાએ આ ફિલ્મમાં ડબલ રોલ કર્યા છે. દેવી શ્રી પ્રસાદે આ ફિલ્મનું સંગીત આપ્યું છે.



# 'શ્રીવલ્લી' બોલિવૂડમાં હોરર કોમેડી ફિલ્મ કરશે

## લોકોએ હોરર કોમેડી ફિલ્મ સ્ત્રી ૨ના પણ ખૂબ જ વખાણ કર્યા છે



હોરર કોમેડી ફિલ્મને લઈને દર્શકોમાં જબરદસ્ત ઉત્સાહ જોવા મળી રહ્યો છે. તાજેતરની મુંજાની અપાર સફળતા બાદ, લોકોએ હોરર કોમેડી ફિલ્મ સ્ત્રી ૨ના પણખૂબજવખાણકર્યાછે.આદરમિયાન,આદિત્યસતપોદાર અને દિનેશ વિજન 'વેમ્પાયર્સ ઓફ વિજય નગર' નામની વધુ એક અનોખી હોરર કોમેડી બનાવવા આતુર છે. આ ફિલ્મમાં મુખ્ય ભૂમિકા ભજવવા માટે આયુષ્માન ખુરાના અને રશ્મિકા મંદાનાની પસંદગી કરવામાં આવી છે. આયુષ્માન આ પહેલા પણ દિનેશ વિજાન સાથે ફિલ્મ 'બાલા'માં કામ કરી ચૂક્યો છે. આ બંને વચ્ચે એક સુંદર ક્રિએટિવ બોન્ડ છે. આયુષ્માન ખુરાના અને દિનેશ વિજાન છેલ્લા ઘણા સમયથી 'વેમ્પાયર્સ ઓફ વિજય નગર' વિશે ચર્ચા કરી રહ્યા છે અને વર્ષ ૨૦૨૫ના અંત સુધીમાં ફિલ્મને ફ્લોર પર લઈ જવા માટે તૈયાર થઈ જશે. સૂત્રોના જણાવ્યા અનુસાર એવું કહેવામાં આવી રહ્યું છે કે ફિલ્મમાં આયુષ્માન અને રશ્મિકાના પાત્રો ખૂબ જ અનોખા હશે. હાલમાં, ફિલ્મની સ્ક્રિપ્ટ પૂર્ણ થઈ રહી છે અને ટૂંક સમયમાં જ પ્રિ-પ્રોડક્શન સ્ટેજ પર પહોંચશે. આ ફિલ્મનું શૂટિંગ શરૂ કરતા પહેલા, આયુષ્માન કરણ જોહરની અનટાઈટલ્ડ સ્પાય-થ્રિલર ફિલ્મનું અને અનુરાગ સિંહ દિગ્દર્શિત 'બોર્ડર ૨'નું શૂટિંગ પૂરું કરશે. આ દરમિયાન રશ્મિકા સલમાન ખાન સાથે ફિલ્મ 'સિકંદર'નું શૂટિંગ પૂર્ણ કરશે. આ હોરર કોમેડી ફિલ્મમાં આયુષ્માન ખુરાના અને રશ્મિકા મંદાના પહેલીવાર સિલ્વર સ્ક્રીન પર રોમાન્સ કરતા જોવા મળશે. ફિલ્મ સાથે જોડાયેલી વધુ માહિતી હાલમાં સામે આવી નથી. મેકર્સ ટૂંક સમયમાં તેની જાહેરાત કરી શકે છે. આ ફિલ્મ આવતા વર્ષે ૨૦૨૫માં સિનેમાઘરોમાં આવી શકે છે.

### આ ફિલ્મ તેની જાહેરાત બાદથી જ ચર્ચામાં છે

# રજનીકાંત સાથે કામ કરશે આમિર ખાન

**તામિલ સિનેમાના દિગ્ગજ કલાકાર રજનીકાંત સ્ટાર્સ સ્ટડેડ 'કુલી'માં મુખ્ય ભૂમિકામાં જોવા મળશે**

અભિનેત્રી શ્રુતિ હાસન અને બોલિવૂડ સુપરસ્ટાર આમિર ખાને તેમની આગામી ફિલ્મ 'કુલી'નું શૂટિંગ શરૂ કરી દીધું છે. શ્રુતિ અને આમિર ફિલ્મના શૂટિંગ માટે પિંક સિટી જયપુરમાં છે. તામિલ સિનેમાના દિગ્ગજ કલાકાર રજનીકાંત સ્ટાર્સ સ્ટડેડ 'કુલી'માં મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. આ ફિલ્મ તેની જાહેરાત બાદથી જ ચર્ચામાં છે.આ પ્રોજેક્ટ દ્વારા શ્રુતિ હાસન અને આમિર ખાન પહેલીવાર સ્ક્રીન પર સાથે કામ કરતા જોવા મળશે. બંનેની ઓન-સ્ક્રીન કેમેસ્ટ્રી જોવા માટે ચાહકોમાં ભારે ઉત્તેજના છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, શ્રુતિ હાસને ગુરુવારે જયપુરમાં આમિર ખાન સાથે શૂટિંગ શરૂ કર્યું હતું. ફિલ્મનું શૂટિંગ વિઝાગ અને ચેન્નાઈ તેમજ દેશના અન્ય ભાગોમાં કરવામાં આવ્યું છે. કુલીના કેટલાક ભાગોનું શૂટિંગ કરનાર શ્રુતિ આ પ્રોજેક્ટને લઈને ખૂબ જ ખુશ અને ઉત્સાહિત છે. આ ફિલ્મનું નિર્દેશન લોકેશ કનાગરાજ કરી રહ્યા છે. કનાગરાજે 'વિક્રમ', 'કૈથી' અને 'લિયો' જેવી શાનદાર અને સુપરહિટ ફિલ્મોનું નિર્દેશન કર્યું છે. મળતી માહિતી મુજબ, 'કુલી'ની ટીમ હાલમાં જયપુરમાં ૧૦ દિવસનું શૂટિંગ કરશે, જેમાં ફિલ્મના મહત્વના દ્રશ્યો શૂટ કરવામાં આવશે. 'કુલી'માં રજનીકાંત, શ્રુતિ હાસન અને આમિર ખાનની સાથે નાગાર્જુન, ઉપેન્દ્ર, સૌબિન શાહીર, સત્યરાજ, રેબા મોનિકા જ્હોન સહિતના અન્ય સ્ટાર્સ જોવા મળશે. સન પિક્ચર્સ દ્વારા નિર્મિત 'કુલી' માટે અનિરુદ્ધ રવિચંદરે સંગીત આપ્યું હતું. મલ્ટિસ્ટારર 'કુલી' આવતા વર્ષે સિનેમા ઘરોમાં રિલીઝ થશે. આમિર ખાનના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો તે છેલ્લે ફિલ્મ લાલ સિંહ ચઢ્ઢામાં જોવા મળ્યો હતો. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ફ્લોપ સાબિત થઈ હતી. હવે તે સ્ટાર્સ ઝિનીત પાર સાથે કમબેક કરી રહ્યા છે. જો રિપોર્ટ્સનું માનીએ તો આ ફિલ્મ શરૂઆતમાં ૨૫ ડિસેમ્બરે રિલીઝ થવાની હતી, પરંતુ આમિરે હજુ સુધી આ ફિલ્મને લઈને કોઈ જાહેરાત કરી નથી.



### અલ્લુ અર્જુને ધરપકડની રીત પર સવાલ ઉઠાવ્યા

# 'મને નાસ્તો પણ ન કરવા દીધો, સીધા બેડરૂમમાંથી લઈ ગયા': અલ્લુ અર્જુન

ફિલ્મ 'પુષ્પા ૨'નો સ્ટાર અલ્લુ અર્જુન મોટી મુશ્કેલીમાં છે. સંધ્યા થિયેટરમાં નાસભાગને કારણે એક મહિલાના જીવ ગુમાવવાના કેસમાં હૈદરાબાદ પોલીસે તેની ધરપકડ કરી છે. તેની ધરપકડ બાદ પોલીસ તેને હૈદરાબાદના ચિક્કડપલ્લી પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી. આ દરમિયાન કહેવામાં આવી રહ્યું છે કે પોલીસે જે રીતે અલ્લુ અર્જુનની તેના ઘરેથી ધરપકડ કરી તેના પર અભિનેતાએ વાંધો વ્યક્ત કર્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર અલ્લુ અર્જુને તેની ધરપકડની રીત પર વાંધો વ્યક્ત કર્યો છે. અભિનેતાએ દાવો કર્યો છે કે પોલીસે તેને નાસ્તો પૂરો કરવા દીધો ન હતો. અભિનેતાનું એમ પણ કહેવું છે કે પોલીસે તેને સીધો તેના બેડરૂમમાંથી ઝડપી લીધો હતો. તેને કપડાં બદલવાની તક પણ આપવામાં આવી ન હતી. જોકે એક વીડિયો સામે આવ્યો છે જેમાં અભિનેતા લિફ્ટમાં જતો જોવા મળી રહ્યો છે. જ્યારે પહેલા અલ્લુએ સાદો ટી-શર્ટ પહેર્યો હતો, બાદમાં તે હૂડી પહેરીને બહાર આવ્યો હતો. જેના પર લખ્યું હતું - તે ફ્લાવર નથી, ફાયર છે.અલ્લુ અર્જુનની ધરપકડનો વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં તે લોકોથી ઘેરાયેલો જોઈ શકાય છે. અલ્લુ અર્જુને આ વીડિયોમાં સફેદ ટી-શર્ટ પહેરી છે. આ ટી-શર્ટ પર હિન્દીમાં લખેલું છે - હું ફ્લાવર નથી, ફાયર છું. વીડિયોમાં અભિનેતાને ચા પીતા પણ જોઈ શકાય છે. તેમની પત્ની સ્નેહા રેડ્ડી પરેશાન જોવા મળી રહી છે. આવી સ્થિતિમાં અલ્લુ અર્જુન તેની પત્નીને સમજાવી રહ્યો છે. ચા પુરી કર્યા પછી અભિનેતા પોલીસ સાથે તેમની કારમાં ચાલ્યો ગયો. પોલીસે અલ્લુ અર્જુનના બોડીગાર્ડ સંતોષની પણ ધરપકડ કરી છે. અભિનેતાની ધરપકડ કર્યા બાદ પોલીસ તેને હૈદરાબાદના ચિક્કડપલ્લી પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી. આ મામલે અભિનેતાની અહીં પૂછપરછ કરવામાં આવશે. અભિનેતાના સસરા પણ અહીં પહોંચી ગયા હતા. પોલીસ અલ્લુ અર્જુનને પણ મેડિકલ ટેસ્ટ માટે લઈ ગઈ છે. ફરિયાદના આધારે અભિનેતા અલ્લુ અર્જુન તેની સુરક્ષા ટીમ અને થિયેટર મેનેજમેન્ટ વિરુદ્ધ ચિક્કડપલ્લી પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ ૧૦૫ અને ૧૧૮ (૧) હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે.



# અંબાજીમાં પોષી પૂનમની ભવ્ય ઉજવણીને લઈને ઉત્સવ સેવા સમિતિની બેઠક યોજાઈ

### દર્શન વ્યવસ્થા, ભોજન, મહાશક્તિ યજ્ઞ જેવી બાબતોને લઈને ચર્ચા થઈ

। (એજન્સી) બનાસકાંઠા, તા.૧૪ ।



બનાસકાંઠામાં આવેલ અંબાજી મંદિરમાં માતાજીના પ્રાગટ્ય દિવસ પોષી પૂનમની ભવ્ય ઉજવણી થશે. બનાસકાંઠામાં આવેલ અંબાજી મંદિરમાં માતાજીના પ્રાગટ્ય દિવસ પોષી પૂનમની ભવ્ય ઉજવણી થશે. પોષી પૂનમ ગુજરાતમાં એક ખાસ દિવસ તરીકે મહત્વ ધરાવે છે. આ દિવસે ગુજરાતના તમામ મા જગદંબાના મંદિરોને શણગારવામાં આવે છે. અંબાજી મંદિરનો શક્તિપીઠમાં સમાવેશ થાય છે.

ઉત્સવ સેવા સમિતિની બેઠક અંબાજી મંદિરમાં આ વિશેષ દિવસની ઉજવણીને લઈને ઉત્સવ સેવા સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં શ્રદ્ધાળુના ધસારાને ધ્યાનમાં રાખી દર્શન વ્યવસ્થા, ભોજન, શોભાયાત્રા અને મહાશક્તિ યજ્ઞ જેવી બાબતોને લઈને ચર્ચા થઈ હતી. વહીવટદાર અને અધિક કલેક્ટર કૌશિક મોદીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ ઉત્સવ સમિતિની બેઠકમાં પોષી પૂનમ એટલે કે પોષ સુદ પૂનમના દિવસે શ્રદ્ધાળુઓ અને દર્શનાર્થીઓની સુવિધા અને સલામતી મુદ્દે ભાર મૂકવામાં આવ્યો.

આ દિવસે અંબાજી મંદિરના ચાચર ચોકમાં મહાયજ્ઞનું આયોજન પણ કરાયું છે. માતાજીના પ્રાગટ્ય દિવસે યોજાનાર મહાયજ્ઞમાં ભાગ લેવા ઇચ્છુક યજમાનોની નોંધણી શરૂ થઈ ગઈ છે. મંદિર ટ્રસ્ટની ટેમ્પલ ઈન્સ્પેક્ટર કચેરી દ્વારા સંપર્ક કરી યજમાન બનવા નોંધણી કરાવી શકે છે. આ દિવસે ગબ્બર ટોચ પરથી જ્યોતને અંબાજી મંદિરમાં લાવવામાં આવે છે અને ત્યારબાદ આરતી ઉતારી જ્યોતને અંબાજી ગામમાં જ્યોત યાત્રા કરવામાં આવે છે. આ વર્ષે પણ આ ક્રમ જળવાશે અને ગ્રામજનોને જ્યોત યાત્રાનો દર્શનનો લાભ મળશે. ખાસ દિવસે મહાઆયોજનો ઉત્સવ સમિતિ દ્વારા અંબાજી મંદિરમાં પોષી પૂનમના દિવસે સવારે ૧૦.૩૦ કલાકે શક્તિદ્વારથી હાથી ઉપર ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવશે. આ શોભાયાત્રામાં અંદાજે ૩૫ કરતા વધુ ઝાંખીઓ રજૂ કરાશે. આ ઉપરાંત મંદિરમાં શાકોત્સવ અને સુખડીના પ્રસાદનું પણ વિતરણ કરાશે. જયારે રાત્રે ૮ વાગ્યાની આસપાસ મંદિરના ચાચરચોકમાં બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ધાર્મિક માન્યતા હિંદુ પરંપરામાં અનેક ધાર્મિક ઉત્સવો તથા પરંપરાઓ છે. ધાર્મિક માન્યતા મુજબ પ્રતિ માસ આવતી પૂનમનું ખાસ માહાત્મ્ય હોય છે. અનેક શ્રદ્ધાળુઓ પૂનમનું વ્રત રાખતા હોય છે તેમજ માતાજીના દર્શન કરવા જાય છે. ગુજરાતમાં ભાદરવી પૂનમ અને પોષી પૂનમનું વિશેષ મહત્વ છે. ખાસ કરીને માતાજીના મંદિરોમાં પૂનમના દિવસે શ્રદ્ધાળુઓ પોતાની બાધા પૂર્ણ કરવા તેમજ ધજા ચઢાવવા જાય છે. આગામી જાન્યુઆરી મહિનામાં આવતી પોષી પૂનમ માં અંબાનો પ્રાગટ્ય દિવસ છે. આ પૂનમને શાકંભરી પૂનમ પણ કહેવામાં આવે છે. ધાર્મિક માન્યતા મુજબ પોષી પૂનમના દિવસે માં નો હૃદયનો ભાગ ગબ્બર ઉપર પડ્યો હતો અને આ દિવસે પૂનમ હોવાથી તેને માં જગદંબાનો પ્રાગટ્યોત્સવ પણ મનાય છે. ગુજરાતના બનાસકાંઠામાં આવેલ અંબાજી મંદિરમાં પોષી પૂનમની ઉજવણીને લઈને ખાસ તૈયારીઓ કરવામાં આવી છે.

# નર્મદા વિસ્તારમાં બાળક ઉપર હુમલો કરનાર દીપડો પાંજરે પુરવામાં આવતા સ્થાનિક રહેવાસીઓએ રાહતનો શ્વાસ લીધો



। નર્મદા, તા.૧૪ ।

તિલકવાડા તાલુકાના ખાટા આસીત્રા ગામના ૫ વર્ષીય બાળક ઉપર દીપડાએ કર્યો હતો હુમલો નર્મદા વિસ્તારમાં બાળક ઉપર હુમલો કરનાર દીપડાને અંતે પાંજરામાં પુરવામાં આવતા સ્થાનિક રહેવાસીઓએ રાહતનો શ્વાસ લીધો છે. આ બનાવની વિગત મુજબ તિલકવાડા તાલુકાના ખાટા આસીત્રા ગામના ૫ વર્ષીય બાળક ઉપર દીપડાએ હૂમલો કર્યો હતો. ખાટા આસીત્રા ગામમાં રહેતચા સ્મિત બારીયા નામના પાંચ વર્ષના બાળક પર દીપડાએ હૂમલો કર્યો હતો. બાળક ખાટા આસીત્રા ગામ નજીકના ખેતરે ગયો હતો ત્યારે દીપડાએ તેની પર હૂમલો કર્યો હતો. જેમાં દીપડો બાળકને ગળાના ભાગેથી દબોચીને નજીકના કપાસના ખેતરમાં ૫૦ ફૂટ દૂર સુધી ખેંચી ગયો હતો. આ દ્રશ્ય જોઈને બાળકના પિતાએ બહાદુરીપુર્વક દીપડાનો સામનો કર્યો હતો.જેમાં તેમણે બાળકને બચાવી લીધો હતો. દીપડાના હૂમલાના પગલે બાળકના ગળાના ભાગં ગંભીર ઈજા પહોંચી હતી. આ બનાવની જાણ થતા ફોરેસ્ટ અધિકારી ક્રિપાલસિંહ તેમની ટીમ સાથે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. બાદમાં તાત્કાલિક આ વિસ્તારમાં પાંજરા મુકી દેવાયા હતા અને સીસીટીવી કેમેરા લગાવી દેવામાં આવ્યા હતા.અંતે ફોરેસ્ટ વિભાગને લાંબી જહેમત બાદ આજે વહેલી સવારે ખાટા આસિત્રા ગામ નજીક ગોઠવેલા પીંજરામાં દીપડો પુરાઈ ગયો હતો. હાલમાં દીપડાને સલામત સ્થળે ખસેડવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ઊંઝામાં સૂકી વરિયાળીને લીલો કલર કરી વેચવાનું કૌભાંડ, લાખોનો મુદ્દામાલ જપ્ત

। (માહિતી) મહેસાણા, તા.૧૪ ।

મહેસાણા જિલ્લામાં ઊંઝા ખાલે વરિયાળીનો વેપલો કરતી પેઢીમાં ગુરૂવારે મહેસાણા ફૂડ ખાતાની ટીમે દરોડા પાડ્યા હતાં. આ દરમિયાન કીર્તિ ટ્રેડિંગ નામની પેઢીમાં નકલી વરિયાળીનો જથ્થો પકડવામાં આવ્યો હતો. પેઢી દ્વારા વરિયાળીને લીલો કલર કરાતા હોવાનો ભાંડો ફૂટ્યો હતો. જિલ્લા ફૂડ અધિકારીના જણાવ્યા અનુસાર, નકલી વરિયાળીનો ધંધો કરતી પેઢી સામે જરૂરી કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. સમગ્ર દરોડા દરમિયાન મહેસાણા ફૂડ વિભાગે કલર, વરિયાળી સહિત ૧.૨૭ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ફૂડ ખાતાની ટીમને મળેલી બાતમીના આધારે, ટીમે ફેક્ટરીમાં દરોડા પાડ્યા હતાં. દરોડા દરમિયાન જાણવા મળ્યું કે, ભૂખરી વરિયાળી પર લીલો રંગ ચઢાવી આકર્ષક બનાવવામાં આવતી હતી. ફૂડ ઈન્સ્પેક્ટર જે. જે પ્રજાપતિ દ્વારા વરિયાળી અને લીલા રંગના નમૂના લઈ અંદાજિત ૧.૨૭ લાખનો ૧૯૫૫ કિલો વજનનો જથ્થો ઝડપી લીધો હતો. આ તમામ જથ્થો માનવ આરોગ્ય માટે જોખમી હોવાથી તેને સ્થળ પર જ સીઝ કરી દેવામાં આવ્યો હતો. હાલ, આ પેઢી કલરવાળી વરિયાળીનું વેચાણ ક્યાં-ક્યાં કરતી હતી તે વિશે વધુ તપાસ હાથ કરવામાં આવી રહી છે. આ સિવાય સ્થળ પર હાજર વ્યક્તિ હેમારામ ચારણ અને પેઢીના માલિક રામગોપાલ બાજોરિયા વુરૂદ્ધ કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ પણ વાંચોઃ વડોદરા પાસેથી ગેસ રિફિલિંગ કૌભાંડ ઝડપાયું, સુપરવાઈઝર અને માલિક સહિત ૧૦ની ધરપકડ મહેસાણા ફૂડ એન્ડ ડ્રગ્સ તંત્ર દ્વારા જિલ્લામાં ધમધમતી જીરૂ, વરિયાળીની ફેક્ટરીઓમાં ભેળસેળ અટકાવવા માટે પગલાં લેવાયા હતાં. જે માટે આરોગ્ય સાથે ચેડાં કરતી ભેળસેળ કરતી પેઢીઓને ઝડપી કડક કાર્યવાહી કરવા માટે સ્થાનિક કક્ષાએ ટાસ્ક ફોર્સ બનાવવામાં આવી હતી. જો કે, ટાસ્ક ફોર્સના ખાઈબદેલાં કર્મચારીઓને ગોબાચારી કરતી ફેક્ટરીઓમાં દરોડા પાડવામાં લાજ-શરમ આવતી હોય તેમ નિષ્ક્રિય બની ગયા હતાં.

# ટ્રાફિક મામલે ઇડર પ્રાંત કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું

। (એજન્સી) સાબરકાંઠા, તા.૧૪ ।

સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ઈડર શહેરમાં છેલ્લા કેટલાય સમયથી પ્રાણ પ્રશ્ન બની રહેલા ટ્રાફિક મામલે ઈડર પ્રાંત કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું છે તેમજ સ્થાનિક ધારાસભ્ય સહિત વહીવટી તંત્ર અને સરકારને ઈડરના ટ્રાફિક માંથી છુટકારો મેળવવા માટે રજૂઆત કરાઈ છે. સાબરકાંઠાના ઈડર શહેરમાં છેલ્લા કેટલાય સમયથી ટ્રાફિકનો પ્રશ્ન શરદર્દ બની રહ્યો છે. ગુજરાત સહિત સાબરકાંઠા જિલ્લામાં ધારાસભ્ય પદ માટેની ચૂંટણી વખતે સ્થાનિક વહીવટી તંત્ર સહિત ઈડરના હાલના ધારાસભ્ય સમગ્ર શહેરને ટ્રાફિકમાંથી છુટકારો અપાવવાની વાત કરી હતી. તેમજ છેલ્લા ૩૦ વર્ષથી ઈડર શહેર ટ્રાફિકની ભીંસથી પીડાઈ રહ્યો છે જેમાં કેટલાય લોકો માટે ટ્રાફિકનો પ્રશ્ન પ્રાણ પ્રશ્ન બની રહ્યો છે એક તરફ અમદાવાદથી ખેડબ્રહ્મા રેલ લાઈનના પગલે ઈડર શહેરમાં મુખ્ય રસ્તાઓ ઉપર આરસીસી કામ શરૂ હોવાના પગલે ટ્રાફિક વધી રહ્યો છે તો બીજી તરફ ઈડર નગરપાલિકા દ્વારા શહેરના મુખ્ય રસ્તાઓને આરસીસી બનાવવાના હોવાથી સવારથી જ સમગ્ર શહેર માં ટ્રાફિકનો પ્રશ્ન મહત્વનો બની રહે છે જોકે ઈડર સહિત સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ઈડર પ્રાંત કચેરીએ આવેદનપત્ર આપવામાં આવ્યું છે જેમાં ઈડર શહેરને ટ્રાફિક માંથી મુક્તિ આપવાના વચનો આપ્યા હતા.

તે સદંતર ખોટા પડી રહ્યા છે જોકે હાલના તબક્કે સાબરકાંઠા જિલ્લામાં ઈડર શહેરમાંથી પસાર થવું તે દુષ્કર બની રહ્યું છે જોકે આ મામલે ઈડર વિધાનસભાના કોંગ્રેસના પૂર્વ ઉમેદવાર રામભાઈ સોલંકી એ નિવેદન આપતા જણાવ્યું હતું કે ઈડર સહિત ગુજરાત ભરમાં ભાજપનું છેલ્લા ૩૦ વર્ષથી શાસન છે ત્યારે આજેપણ પ્રજાને ખોટા વચનો આપી ચૂંટણી વખતે ભ્રમિત કરવામાં આવે છે ત્યારે આગામી સમયમાં ટ્રાફિક મામલે જો ચોક્કસ પરિણામ નહીં લેવાય તો ઈડર શહેર આગામી સમયમાં પણ ટ્રાફિકની સમસ્યાથી પીડિત બની રહેશે તે નક્કી છેપ..

ઈડર શહેર વચ્ચેથી પસાર થતાં સ્ટેટ હાઈવે રોડ પર દિવસ રાત હજારો વાહન ચાલકો તેમજ રાહદારીઓ પસાર થતા હોય છે ત્યારે શહેર વચ્ચેથી પસાર થતાં સ્ટેટ હાઈવે રોડ પર દબાણો સહીત ખાનગી સટલિયા ઓને લઈ ટ્રાફીક સમસ્યા સર્જાતી હોય છે. શહેરના મુખ્ય સ્ટેટ હાઈવે રોડ પર ટ્રાફિકને લઈ અવારનવાર ઈમરજન્સી એમ્બ્યુલન્સ તેમજ વાહન ચાલકો કલાકો સુધી ટ્રાફિકમાં ફસાઈ રહેવા માટે મજબૂર બનતા હોય છે. ત્યારે ત્રણથી ચાર કિલોમીટર સુધીના ટ્રાફીકમાં હેરાન પરેશાન થતા વાહન ચાલકો સહીત રાહદારીઓને ટ્રાફીક સમસ્યા માંથી છુટકારો મળે તે હેતુથી કોંગ્રેસ પક્ષ દ્વારા પ્રાંત અધિકારીને આવેદન પત્ર આપી ભાજપ દ્વારા ચૂંટણી ટાણે કરેલા વચનો પૂરા કરવા માંગ કરી છે.

આગામી સમયમાં તંત્ર દ્વારા બાયપાસ રોડની મંજૂરી આપી ટ્રાફિકની સમસ્યાનો ઉકેલ લાવવામાં આવે તે ખૂબ મહત્વનું બની રહે છે. જોકે હાલના સમયે સ્થાનીક ઈડર પાલીકા છેલ્લા બે વર્ષથી વહીવટદાર શાસન ચાલી રહ્યું છે જેની ચૂંટણી જાહેરાત થાય તે પહેલાં વિરોધ પક્ષ પણ આક્રમક મૂળમાં પ્રજાજનોના પ્રશ્નને વાચા આપી સરકાર સામે લડતનાં શ્રીગણેશ કર્યા છે. જો આગામી સમયમાં તંત્ર દ્વારા બાયપાસ રોડની માંગણી સ્વીકારવામાં નહિ તો ચોક્કસ પણે પાલિકામાં ચૂંટણી ટાણે ભાજપને મુશ્કેલ બનશે તે બાબત નક્કી છે.

# નારોલ ખાતે એક યુવકને ગે એપ્લિકેશન દ્વારા મિત્રતા કરીને લૂંટી લીધો

### આરોપી કરણ શર્મા અને વિશાલ તિવારી વિરુદ્ધ અગાઉ આનંદનગરમાં પણ લૂંટનો ગુનો નોંધાયો છે

। (માહિતી) અમદાવાદ, તા.૧૪ ।



અમદાવાદમાં ગે એપ્લિકેશનના મધ્યમથી ગુનાનો ભોગ બન્યાનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. નારોલ પોલીસ કસ્ટડીમાં જોવા મળતા આરોપી નામ છે કરણ શર્મા અને વિશાલ તિવારીએ નારોલના એક યુવકને ગે એપ્લિકેશન દ્વારા મિત્રતા કરીને લૂંટી લીધો હતો.

સમગ્ર ઘટનાની વાત કરીએ તો નારોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે કે એક યુવક છેલ્લા બે વર્ષથી ગે ડર્ટી નામની એપ્લિકેશનનો ઉપયોગ કરે છે. હાર્ડ સેક્સ નામના આઈ ડી ધારકે યુવકને મેસેજ કર્યો! ૨૩મી નવેમ્બરના દિવસે આ એપ્લિકેશન પર હાર્ડ સેક્સ નામના આઈ ડી ધારકે યુવકને મેસેજ કર્યો હતો. બાદમાં બંન્ને વચ્ચે વાતચીત થતી હતી અને મોબાઈલ નંબર ની આપલે કર્યા બાદ ૨૫મી નવેમ્બરના દિવસે સામે વાળી વ્યક્તિએ મળવા માટે બોલાવતા આ યુવક સીટીએમ ચાર રસ્તા તેને મળવા માટે ગયો હતો. જ્યાં તેને કરણ ઉર્ફે કાનો શર્મા અને યુવરાજ દરબાર નામના બે યુવકો મળવા માટે આવ્યા હતાં.

બાદમાં આરોપીઓ યુવકને એક્ટિવા પર બેસાડીને નારોલ રંગોલી નગર ખાતે એક મકાનમાં લઈ ગયા હતાં. જ્યાં રૂમના દરવાજા પાસે પહોંચતા જ કરણે તેને રૂમમાં ધક્કો માર્યો અને બળજબરીથી શારીરિક સંબંધ બાંધવા દબાણ કર્યું. યુવકે ઈન્કાર કર્યો તો ૩ આરોપીઓ કરણ, વિશાલ અને યુવરાજે છરી બતાવીને ધમકી આપીને ૨ મોબાઈલ અને ૩૦૦ રૂપિયા રોકડની લૂંટ કરી તેમજ બેંકના એકાઉન્ટમાંથી રૂ ૨૦ હજાર ટ્રાન્સફર કરાવીને લૂંટ કરી હતી. નારોલ પોલીસે લૂંટનો ગુનો નોંધીને ૨ આરોપીની ધરપકડ કરી છે. પોલીસ તપાસમાં સામે આવ્યું કે ગે એપ્લિકેશનથી લૂંટ કરવાના ષડ્યંત્રનો મુખ્યસૂત્રધાર કરણ શર્મા છે. જે ઘરમાં આરોપીને માર મારીને લૂંટ કરવામાં આવી તે પણ કરણનું જ ઘર છે. આ ત્રણેય આરોપીઓ મિત્રો છે અને ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. આરોપી કરણ શર્મા અને વિશાલ તિવારી વિરુદ્ધ અગાઉ આનંદનગરમાં પણ લૂંટનો ગુનો નોંધાયો છે. ગુનાખોરી ની માનસિક ધરાવતા આ આરોપીએ ગે એપ્લિકેશનમાં આવતા યુવકોને ટ્રાગેટ કરવાનું શરૂ કર્યું હતું.

છેલ્લા ૨ વર્ષથી આ એપ્લિકેશનનો ઉપયોગ કરનાર ઈલેક્ટ્રિક એન્જીનીયરનો અભ્યાસ કરતા યુવકને આરોપીએ ટાર્ગેટ કરીને લૂંટ કરી. આ ત્રિપુટી ગેંગએ આ પ્રકારે અનેક યુવકોને ટ્રાગેટ કર્યા હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યુ છે. પરંતુ ગે એપ્લિકેશન હોવાથી કોઈ ફરિયાદ નોંધાવી નથી.. આ કેસમાં પણ યુવકને માર મારતા તેને ફેક્ચર થઈ ગયું હોવાથી પરિવારને ઘટનાની જાણ થતાં સમગ્ર મામલો પોલીસ સ્ટેશનમા પહોંચ્યો હતો. અને પોલીસે બાતમી ના આધારે બે આરોપીને ઝડપી લીધા છે અને ત્રીજા આરોપી ની શોધખોળ શરૂ કરી છે. ગે એપ્લિકેશન દ્વારા લૂંટ કેસમાં પોલીસે બંને આરોપીની ધરપકડ કરીને રિમાન્ડની કાર્યવાહી હાથ ધરી છે.. આ ઉપરાંત આ કેસમાં હજુ યુવરાજ દરબાર નામનો આરોપી ફરાર હોવાથી જુદી જુદી ટીમો બનાવીને આરોપીની શોધખોળ શરૂ કરી છે.

### બે સગીર સામેલ : ૬ ગુના ખુલ્યા

# વડોદરામાં ચોરેલી બાઈક લઈ અછોડા તોડતી મધ્યપ્રદેશની ગેંગ પકડાઈ

### પોલીસે સીસીટીવી ફૂટેજ ચેક કરતા મોટરસાયકલની નંબર પ્લેટ ઉપર કાદવ લગાડી અછોડા તોડવામાં આવ્યા હોવાની વિગતો ખુલી હતી

। (એજન્સી) વડોદરા, તા.૧૪ ।

વડોદરા શહેરમાં છેલ્લા ત્રણ દિવસમાં અછોડા તૂટવાના ઉપરા છાપરી ચાર બનાવ બનતા શહેર પોલીસ દ્વારા દોડધામ કરવામાં આવી હતી. પોલીસે સીસીટીવી ફૂટેજ ચેક કરતા મોટરસાયકલની નંબર પ્લેટ ઉપર કાદવ લગાડી અછોડા તોડવામાં આવ્યા હોવાની વિગતો ખુલી હતી. ન્યુ વીઆઈપી રોડના ખોડીયાર નગર વિસ્તારમાં ક્રાઈમ બ્રાન્ચની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન નંબર પ્લેટ પર કાદવ લગાડેલી મોટર સાયકલ જોઈ શંકા ગઈ હતી. પોલીસને જોતા જ ચાર યુવકો મોટરસાયકલ પર ભાગવા માંડ્યા હતા. પરંતુ પોલીસે તેઓને ઝડપી પાડ્યા હતા. પોલીસની તપાસ દરમિયાન પકડાયેલા ચાર જણા પૈકી બે શખ્સ સગીર વયના હતા. જ્યારે, બાકીના બે જણાના નામ વિકાસ ઉર્ફે શંકી રમેશભાઈ ગજ્જર (ગોકુલ નગર, ખોડીયાર નગર પાસે, મૂળ ભિંડ-મધ્ય પ્રદેશ) અને વિનિકેતસિંગ ઉર્ફે અંશ અનિલ સિંગ ભદોરીયા(ભીંડ, મધ્યપ્રદેશ) હોવાનું ખૂલ્યું હતું. ભીંડનો યુવક વડોદરામાં કેટરીંગનું કામ કરતો હોવાથી બાકીના ત્રણ મિત્રો તેને મળવા માટે આવ્યા હતા અને ત્યારબાદ સૂજિત રાઈડર સહિત બીજા બે મિત્રોને વડોદરા બોલાવી કુલ ટોળકીના પાંચ સાગરીતોએ સયાજીગંજ વિસ્તારમાંથી મોટરસાયકલ ચોરી કારેલીબાગ, હરણી અને ગોરવા સહિતના વિસ્તારોમાં ચોરેલી મોટરસાયકલ ઉપર ચાર ચાર અછોડા તોડ્યા હોવાની તેમજ એક મોબાઈલ ફોનની લૂંટ પણ કરી હોવાની વિગત ખુલતા તેમને કેવી રીતે પોલીસ સ્ટેશનમાં સોંપવાની તજવીજ કરાવી છે.

# ગાંધીનગર સ્ટેટ સાયબર ક્રાઈમ સેલની ટીમે આરોપી પાસેથી એટીએમ, ક્રેડિટ કાર્ડ અને મોબાઈલ કબજે કર્યા

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૪ ।

ડિજીટલ એરેસ્ટ કરીને ૩.૯૯ કરોડની છેતરપિંડી કરતી ચાઈનીઝ, કંબોડિયન ગેગના શખ્સની ધરપકડ કરવામાં આવી, જેમાં ગાંધીનગર સ્ટેટ સાયબર ક્રાઈમ સેલની ટીમે આરોપી પાસેથી એટીએમ, ક્રેડિટ કાર્ડ અને મોબાઈલ કબજે કર્યા ફેડેક્સ કુરિયર કંપનીના કર્મચારી તરીકેની ખોટી ઓળખ આપીને એક વ્યક્તિને કોલ કરીને સ્કાઈપ એપ્લિકેશન મારફતે ડીજીટલ એરેસ્ટ કરવામાં આવ્યો હતો. બાદમાંતેની પાસેથી રૂ.૩,૯૯,૨૨,૫૭૮ પડાવી લઈને છેતરપિંડી કરવામાં આવી હતી.આ બનાવની વિગત મુજબ ભોગ બનનારા ફરિયાદીને ફેડેક્સ કંપનીમાંથી બોલું છું કહીને ખોટી ઓળખ આપીને બુક કરાવેલા પાર્સલને ડિટેન કરવામાં આવ્યું છે તથા પાર્સલમાં પાંચ પાસપોર્ટ, ૨ ક્રેડિટ કાર્ડ, ૧ લેપટોપ, ૫ કિલો કપડા અને ૭૫૦ ગ્રામ એમડી ડ્રગ્સ હોવાનું જણાવ્યું હતું. બાદમાં ફરિદીને PCC સર્ટિફિકેટ મેળવવું પડશે તેમ કહીને ફરિયાદીનો કોલ સાયબર ક્રાઈમ બ્રાંચ મુંબઈ સાથે કનેક્ટ કરીને જે તે વ્યક્તિએ પોતાની ઓળક આનંદ રાણા કરીકેની ખોટી ઓળખ આપી હતી. બાદમાં ફરિયાદીને ખોટા ગુનામાં ફસાવી દેવાનો ભય બતાવીને સ્કાઈન એપ્લિકેશન મારફતે જીડીટલ એરેસ્ટ કરી દસથી વધુ દિવસ ગોંધી રાખ્યો હતો. આમ કરીને તેની પાસેથી રૂ. ૩,૯૯,૨૨,૫૭૮ પડાવી લીધા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમે તમારી લાંબા ગાળાની બીમારી સામે લડી રહ્યા હો ત્યારે એ વાત સમજો કે પોતાની જાત પર વિશ્વાસ વીરત્વનો સાર છે. પરિવાર ના કોઈ સભ્ય ના માંદા પાડવા થી તમને આર્થિક મુશ્કેલી આવી શકે છે, જોકે આ સમયે તમને ધન કરતા પોતાન સ્વાસ્થ્ય પર વધારે ધ્યાન આપવું જોઈએ? નવો દેખાવ-નવાં કપડાં-નવા મિત્રો આજે તમારા થશે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે ભીડભરી બસમાં પ્રવાસ કરતી વખતે બ્લ્ડ પ્રૅશરના દરદીઓએ વધારે તકેદારી રાખવી. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. તમારા ઘરનું દ્દશ્ય કેટલીક હદે અણધાર્યું રહેશે. આજે તમે પ્રેમાળ મૂડમા હશો-આથી તમારા અને તમારા પ્રિયપાત્ર માટે ખાસ યોજના ચોક્કસ બનાવજો.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે ભાગ્ય પર આધાર ન રાખો અને તમારૂં સ્વાસ્થ્ય સુધારવાના પ્રાયાસ કરો કેમ કે નસીબ એવી આળસું દેવી છે જે ક્યારેય તમારી પાસે નહીં આવે. સમય આવી ગયો છે જ્યારે તમારે તમારા વધતા વજન પર અંકુશ મુકીને સ્વાસ્થ પાછું મેળવવા કસરત પાછી શરૂ કરવી જોઈએ. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો? આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે? જે લોકો અત્યાર સુધી પૈસા વગર વિચારે ઉડાડી રહ્યા હતા તેમને પૈસા ની આજે ઘણી જરૂર પડી શકે છે અને તેમને સમજણ આવી શકે છે કે પૈસા નું શું મહત્વ હોય છે. બાળકો સાથે તમારો કઠોર વ્યવહાર તેમને નારાજ કરશે.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે વધુ પડતી ચિંતા માનસિક શાંતિને ખલેલ પહોંચાડી શકે છે. તેને ટાળો કેમ કે બેચેની ભય તથા ચિંતાનો દરેક કણ તમારા મગજ પર વિપરિત અસર કરી શકે છે. આજે મિત્રો સાથે પાર્ટી માં તમે કહું પૈસા લૂંટાવી શકો છો છતાંય તમારો આર્થિક પક્ષ મજબૂત રહેશે? કોઈક નવા-સવા પરિચયમાં આવેલા સાથે તમારી અંગત બાબતો શૅર કરતા નહીં.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે નફરતની લાગણી મોંઘી પુરવાર થઈ શકે છે.તે ન માત્ર તમારી સહનશક્તિનો ગુપ્ત રીતે નાશ કરે છે બલ્કે તમારી વિવેકબુદ્ધિને પણ મંદ કરે છે તથા સંબંધમાં કાયમી તિરાડ ઊભી કરે છે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. છેલ્લા થોડા સમયથી તમારૂં અંગત જીવન તમારા ધ્યાનનું મુખ્ય કેન્દ્ર રહ્યું છે.



**તુલા (ર,ત) :**

આજના દિવસે આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. આ રાશિ ના વેપારીઓ ને આજે પોતાના ઘર ના તે સભ્યો થી દૂર રહેવું જોઈએ જે લોકો ઉધારી પૈસા માંગે તો છે પણ પાછા નથી આપતા? આજના તમારા વર્તનને કારણે તમારી સાથે રહેતી વ્યક્તિ તમારાથી અત્યંત નારાજ થશે. તમારા પ્રિયપાત્રની વફાદારી પર શંકા ન કરતા.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે કોઈક બિનજરૂરી બાબતને લઈને દલીલબાજી કરવામાં તમારી શક્તિ વેડફશો નહીં. હંમેશાં તમારી જાતને યાદ દેવડાવો કે દલીલબાજીથી કશું મળતું નથી પણ તમે કશુંક ચોક્કસ જ ગુમાવો છો. જો તમે યાત્રા પર જવાવાળા હો તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે ચોરી થવા ની શક્યતા છે, ખાસ કરીને પર્સ નું ધ્યાન રાખો?



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. નોકરીપેશા લોકો ને આજે ધન ની ઘણી આવશ્યકતા પડશે પરંતુ ગત દિવસો માં કરેલા ફિજૂલખર્ચી ના લીધે તમારી જોડે પર્યાપ્ત ધન નહિ હોય



**મકર (ખ,જ) :**

આજના દિવસે વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. આજે તમે તમારું ધન ધાર્મિક કાર્યો માં લગાવી શકો છો જેથી તમને માનસિક શાંતિ મળવા ની પુરી શક્યતા છે. તમારા ઉદાર વર્તનનો લાભ તમારા મિત્રોને ન લેવા દો. રૉમાન્સ માટેની તકો દેખીતી છે-પણ તેનું આયુષ્ય ટૂંકું હશે. સહ-કમર્મચારીઓ તથા વરિષ્ઠાનો સંપૂર્ણ સહકારને કારણે ઑફિસમાં કામ ગતિ પકડશે.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે શારીરિક તથા માનસિક રીતે તમે તમારી જાતને આજે થાકેલા મહેસૂસ કરશો-થોડો આરમ તથા પોષચ આહાર તમારી ઉર્જાનું સ્તર ઉપર લાવવામાં ખૂબ જ મદદ કરશે. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે. તમારી ખાનગી માહિતી તમારા જીવનસાથી સાથે શૅર કરતા પહેલા વિચારજો. શક્ય હોય તો.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે ગુસ્સાની લહેર આજે વાદ-વિવાદ તથા ઘર્ષણ ભણી દોરી જશે. જે લોકોએ લોન લીધું હતું તે લોકો ને લોન ની રાશિ ચૂકવવા માં સમસ્યાઓ આવી શકે છે. તમારા માતા-પિતાની તબિયત ચિંતા તથા બેચેની જન્માવશે. આંખો કદી જૂઠું બોલતી નથી અને તમારા સાથીની આંખો તમને આજે કશું બહુ ખાસ કહી જશે. સાતત્યપૂર્વક તમે કરેલી સખત મહેનત આજે તમને સારો ફાયદો આપશે.







પટનાઃ યુથ કોંગ્રેસના કાર્યકરોએ કથિત પેપર લીકના વિરોધમાં બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમારનું પૂતળું બાળ્યું.

## મોટા ભાગના વિપ્લવીઓ અલકાયદા ISIS સાથે સંલગ્ન

। (એજન્સી) દમાસ્કસ, તા.૧૪ ।

વરિષ્ઠ પત્રકાર કમર આગાએ સીરિયા ઉપર આક્રોશ ઠાલવતાં કહ્યું હતું કે, અહીં હવે તેવા લોકોનું રાજ ચાલે છે કે, જેઓ અફઘાનિસ્તાનમાં હતા અને છે પણ ખરા. અમેરિકા સાથે હાથ મેળવી તેઓ બાગી બની ગયા છે.તેમણે બસ નામ જ બદલ્યું છે. બાકી તાલિબાનો જેવા જ રહ્યા છે. પેન્ટ-શર્ટ પહેરેલા તાલિબાનો છે. પહેલાં પશ્ચિમના દેશો અને અમેરિકા તેઓને આતંકી કહેતા હતા, હવે વિપ્લવી કહે છે. તેઓના લીડર સારી સારી વાતો કરે છે પરંતુ સીરિયા ઉપર કબજો જમાવી તેમણે જે ઉત્પાત મચાવ્યો છે તે સીરિયા ઉપર ઘેરાતાં સંકટની નિશાની છે. હવે સીરિયા કોઈના કાબુમાં નથી. અહીં કેટલાંયે જૂથો બની ગયા છે. એક અલ કાયદા જૂથ, બીજું મુસ્લિમ બ્રધરહૂડ જૂથ, આવાં ડઝનબંધ જૂથો છે. અસદ સરકારના આર્મીએ તેમનું પોતાનું જૂથ બનાવ્યું છે. આ બધાં જૂથો હવે એકબીજા સાથે લડશે અને સીરિયા ઉપર કબજો જમાવવાનો જંગ લડશે. આઈ.એસ.આઈ.એસ. મજબૂત થશે સીરિયાના એક વિસ્તારમાં કેટલાયે સમયથી તેમનો કબજો છે. હવે તેઓ આગળ વધશે.આ જોતાં એમ કહી શકાય કે સીરિયા બીજા ગૃહયુદ્ધ તરફ આગળ વધી રહ્યું છે. તેમાં સૌથી ખરાબ સ્થિતિ મહિલાઓની થવાની છે. ભલે વિપ્લવીઓના કમાન્ડર અબુ મોહમ્મદ અલ જુલાનીએ કહ્યું હતું કે તેઓ મહિલાઓને હિજાબ કે અન્ય ડ્રેસ કોડ માટે ફરજ નહીં પાડે. પરંતુ આ તો અત્યારની વાત છે. આગળ શું થશે તે કોઈ જાણતું નથી.કમર આગા કહે છે કે, તુર્કીએ નાટોનું સભ્ય છે, અમેરિકા પર ઘણું આશ્રિત છે. તે ૨૦ કિ.મી.ના કુર્દ વિસ્તાર પર કબજો કરવા માગે છે. પરંતુ અમેરિકા તેને તેમ નહીં કરવા દે. તેથી તુર્કીઓની ઈચ્છા પૂરી થતી દેખાતી નથી.કમર આગાએ કહ્યું ઈરાન પર ખરેખરું સંકટ તોળાઈ રહ્યું છે. અમેરિકા અને ઈઝરાયલ બંને માને છે કે જ્યાં સુધી ઈરાન હશે ત્યાં સુધી આતંકીઓ રહેશે.આગાએ વધુમાં કહ્યું કે ઈરાન હવે પરમાણુ શસ્ત્ર બનાવી રહ્યું છે.

### વિદેશ મંત્રાલયે કહ્યું, 'વંશીય ગુનાથી સાવધ રહો'

## કેનેડામાં થયેલી ત્રણ ભારતીય વિદ્યાર્થીની હત્યાથી ભારત ભડક્યું

### અમારા માટે ભારતીયોની સુરક્ષા મહત્ત્વપૂર્ણ : રણધીર જયસ્વાલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

ભારત અને કેનડા વચ્ચે ઘણાં સમયથી વિવાદ ચાલી રહ્યો છે. કેનેડામાં ખાલિસ્તાની આતંકી હરદીપસિંહ નિજ્જરની હત્યા થયા બાદ કેનેડાએ ભારત પર સતત ગંભીર આક્ષેપો કરતી રહે છે, તો બીજીતરફ ભારત પણ તેના આક્ષેપોને પાયાવિહોણા ગણાવી જડબાતોડ જવાબ આપતી રહી છે. આ તમામ ઘટનાક્રમ વચ્ચે કેનેડામાં એક સપ્તાહમાં ત્રણ ભારતીય વિદ્યાર્થીઓની હત્યા થઈ છે, જેના કારણે ભારતે રોષ ઠાલવ્યો છે. ભારતીય વિદેશ મંત્રાલયે કહ્યું કે, આ ઘટના બાદ ઓટાવા સ્થિત ભારતીય હાઈ કમિશને કેનેડા અધિકારીઓ સમક્ષ ભારતીયોની સુરક્ષાનો મુદ્દો ઉઠાવ્યો છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસવાલે કહ્યું કે, કેનેડામાં ભારતીય નાગિરકોની સલામતી, સુરક્ષા અને કલ્યાણ અમારા માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. કનેડામાં છેલ્લા એક સપ્તાહમાં ત્રણ ભારતીયોની હત્યા કરવામાં આવી છે, જે એક કમનસીબ દુર્ઘટના છે. કેનેડામાં આપણા નાગિરકો સાથે થયેલી ભયાનક દુર્ઘટનાથી અમે દુઃખી છીએ.તેમણે કહ્યું કે, 'અમે મૃતકના પરિવારજનો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરીએ છે. આ ઘટના મુદ્દે આપણા ટોરોન્ટો અને વેનકુવરના ઉચ્ચ કમિશન અને કોન્સ્યુલેટ્સ સંભવ તમામ મદદ કરી રહ્યા છે. અમે આ ઘટનાની ઊંડાણપૂર્વક તપાસ કરાવીશું. અમે કેનેડામાં ભારતીયો વિરુદ્ધની આ ઘટનાઓની ઊંડાણપૂર્વક તપાસ કરાવવા માટે સ્થાનીક અધિકારીઓના સંપર્કમાં છીએ.'

સત્તાવાર આંકડા મુજબ કેનેડામાં ચાર લાખથી વધુ ભારતીય વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. કેનેડા સ્થિત ભારતીય હાઈ કમિશન દ્વારા વિઝા ન આપવાની ઘટનાના રિપોર્ટ અંગે પૂછવામાં આવતા જયસવાલે 'રિપોર્ટોને ખોટી માહિતી ફેલાવવાનું અભિયાન ગણાવ્યું છે.' તેમણે કહ્યું કે, કેનેડાની મીડિયા દ્વારા ભારતને બદનામ કરવા માટેનું આ એક ઉદાહરણ છે.'

### પાકિસ્તાન-ચીનનો પસીનો છૂટી જશે

## રશિય સાથે મળીને ભારત ૨૦૨૫માં ધડાકો કરશે

### બ્રહ્મોસ-એનજી પર ભારત અને રશિયા સાથે મળીને કામ કરી રહ્યા છે : ૨૦૨૫ના અંતમાં લોન્ચ કરવામાં આવી શકે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

વર્ષ ૨૦૨૫ ભારતની સૈન્ય તાકાત વધારવાની દ્રષ્ટિએ ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. ભારતની નેક્સ્ટ જનરેશન ક્રૂઝ મિસાઈલ ક્ષમતા ૨૦૨૫માં વધવાની છે. વાસ્તવમાં, ભારત ૨૦૨૫ના અંત સુધીમાં રશિયા સાથે બ્રહ્મોસ-એનજી ઈન્ડો-રશિયન ક્રૂઝ મિસાઈલનું ફ્લાઈટ ટેસ્ટિંગ શરૂ કરવા જઈ રહ્યું છે.

બ્રહ્મોસના નિકાસ નિર્દેશક પ્રવીણ પાઠકે ૮ ફેબ્રુઆરીએ પૂરા થયેલા વર્લ્ડ ડિફેન્સ શોમાં આ માહિતી આપી હતી. પાઠકે જણાવ્યું કે નવા બ્રહ્મોસ-એનજી રોકેટના સેમ્પલ ફ્લાઈટ ટેસ્ટ માટે લેવામાં આવશે. તેમણે કહ્યું કે તેને ૨૦૨૫ના અંતમાં અથવા ૨૦૨૬ની શરૂઆતમાં લોન્ચ કરવામાં આવશે.

આ જાહેરાત એવા સમયે કરવામાં આવી છે જ્યારે ભારત અને રશિયા વચ્ચે $7 બિલિયનની ડીલ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે અને આ મિસાઈલ ભારત અને રશિયા વચ્ચેનું સંયુક્ત સાહસ છે. પાઠકે જણાવ્યું હતું કે, બ્રહ્મોસનો ઓર્ડર પોર્ટફોલિયો પહેલેથી જ ઈ૭ બિલિયન સુધી પહોંચી ગયો છે, જેમાં ભારતીય અને નિકાસ બંને ઓર્ડરનો સમાવેશ થાય છે.

બામહોસ ભારતની સૌથી શક્તિશાળી મિસાઈલોમાંથી એક છે અને ભારતીય સેના લાંબા સમયથી તેનો ઉપયોગ કરી રહી છે. તેનું નામ ભારતની બ્રહ્મપુત્રા નદી અને રશિયાની મોસ્કવા નદીના જોડાણ પરથી પડ્યું છે. બામહોસને ભારત અને રશિયાએ સંયુક્ત રીતે વિકસાવ્યું હતું. ચીન અને પાકિસ્તાનના ખતરાને ધ્યાનમાં રાખીને ભારત રોકેટનું કોમ્પેક્ટ વર્ઝન વિકસાવવાની દિશામાં કામ કરી રહ્યું છે. હવે ભારત અને રશિયાએ મળીને બ્રહ્મોસ એનસી પર કામ શરૂ કર્યું છે. તેની સૌથી મોટી ખાસિયત એ છે કે તે દુશ્મનના રડારમાં નહીં આવે. તેનો અર્થ એ છે કે આ હાલની મિસાઈલનું ગુપ્ત અને હળવા પ્રકાર છે.

### હથિયારો સાથે બેની ધરપકડ

## યુ એન મહેતા હોસ્પિટલમાં ગુજરાત ATSનું ઓપરેશાન

। નવી દિલ્હી, તા.૧૪ ।

અમદાવાદના અસારવા વિસ્તારમાં આવેલી યુ એન મહેતા હોસ્પિટલમાં શુક્રવારે ગુજરાત ATSએ હથિયારો સાથે બે શખ્સોની ધરપકડ કરી છે. ATSના એક સિનિયર અધિકારીના જણાવ્યા અનુસાર ગુપ્ત માહિતીના આધારે હોસ્પિટલમાં ખાસ ઓપ રેશન ચલાવવામાં આવ્યું હતું. નોંધનીય છે કે ATSના સૂત્રો દ્વારા જણાવ્યા અનુસાર ગુજરાત છ્જીને સૂચના મળી હતી કે બે વ્યક્તિઓ હથિયાર અલીને યુ એન મહેતા હોસ્પિટલ આવી રહ્યા છે. જે બાદ તાત્કાલિક આસપાસના વિસ્તારમાં એક વિશેષ ટીમ તૈનાત કરી દેવામાં આવી હતી.

આશરે બપોરના સવા ચાર વાગ્યે ATSની ટીમે હોસ્પિટલના ગેટ પર બે શકમંદોને રોક્યા અને બે બંદૂક સાથે ઝડપી પ ાડ્યા. પ્રત્યક્ષદર્શીએ સમગ્ર ઘટના વિશે જણાવતા કહ્યું હતું, કે 'અધિકારીઓ સાદા કપડાંમાં તૈનાત હતા અને કોઈ જ હોબાળો મચાવ્યાં વિના અચાનક જ તેમણે બે લોકોને ઝડપી પાડયા, અમને તો પછી ખબર પડી કે તેમની પાસે હથિયાર હતા.'

### રશિયાએ તેના નાગરિકોને કેમ ચેતવણી આપી?

## 'અમેરિકા-યુરોપની યાત્રા જોખમી સાબિત થશે'

### આ રીતે અમેરિકાએ પણ પોતાના નાગરિકોને રશિયામાં યાત્રાથી બચવા માટે એક નોટિસ જાહેર કરી છે

। (એજન્સી) રશિયા, તા.૧૪ ।

વિશ્વના ઘણા દેશો અત્યારે મોટા સંકટથી પસાર થઈ રહ્યાં છે. તેમાં એક રશિયા પણ છે જે યુક્રેનની સાથે યુદ્ધમાં છે. યુક્રેનને અમેરિકા સતત મદદ કરી રહ્યું છે. રશિયાએ પોતાના નાગરિકોને ચેતવણી આપી છે કે તે અમેરિકાનો પ્રવાસ ન કરે કેમ કે વોશિંગ્ટનની સાથે સંબંધ ટકરાવપૂર્ણ છે. રશિયાએ દાવો કર્યો કે તેમને અમેરિકી અધિકારીઓથી જોખમ થઈ શકે છે. વિદેશ મંત્રાલયની પ્રવક્તા મારિયા જખારોવાએ બુધવારે એક સમાચાર બ્રીફિંગના માધ્યમથી ચેતવણી જારી કરી છે.રશિયા-અમેરિકા સંબંધ અત્યાર સુધીના સૌથી નીચલા સ્તર પરરશિયા-અમેરિકા સંબંધ અત્યાર સુધીના સૌથી નીચલા સ્તરે છે. અમુક નિષ્ણાત તો એ માને છે કે રશિયા-અમેરિકા સંબંધ ૧૯૬૨ના ક્યૂબા મિસાઈલ સંકટ બાદના સમયથી પણ વણસેલા છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા મારિયાએ કહ્યું કે 'ખાનગીરીતે કે સત્તાવાર જરૂરિયાતથી સંયુક્ત રાજ્ય અમેરિકાની યાત્રાઓ ગંભીર જોખમોથી ભરેલી હોઈ શકે છે. તેમણે અમેરિકા-રશિયા સંબંધોને તૂટવાના કગાર પર ગણાવ્યા. જોકે ટ્રમ્પના આવ્યા બાદ જોવાનું એ રહેશે કે તે રશિયાને કઈ દ્રષ્ટિથી જુએ છે.વિદેશ મંત્રાલયના પ્રવક્તા મારિયા જખારોવાએ આગળ કેનેડા અને યુરોપીય સંઘમાં અમેરિકી સહયોગી દેશોની યાત્રાથી બચવાની પોતાના નાગરિકોને ચેતવણી જારી કરતાં કહ્યું કે અમે તમને આગ્રહ કરીએ છીએ કે તમારે રજાઓ દરમિયાન સંયુક્ત રાજ્ય અમેરિકા અને તેના સહયોગી રાજ્યોની યાત્રા ટાળવી, જેમાં સૌથી પહેલા કેનેડા સામેલ છે.આ રીતે અમેરિકાએ પણ પોતાના નાગરિકોને રશિયામાં યાત્રાથી બચવા માટે એક નોટિસ જાહેર કરી છે, જેમાં કહેવામાં આવ્યું છે કે તેમને રશિયન સુરક્ષા અધિકારીઓ દ્વારા ઉત્પીડન કે કસ્ટડીનો સામનો કરવો પડી શકે છે.

## મથુરામાં એક સાથે ૪૦ ગાયો મૃત હાલતમાં મળી

। (એજન્સી) મથુરા, તા.૧૪ ।

મથુરાના જૈન પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગાયોના અવશેષો મળ્યા બાદ લોકોમાં ગુસ્સો છે. ગાયોના અવશેષો જોઈને રોષે ભરાયેલા લોકોએ મથુરા-વૃંદાવન રોડ બ્લોક કરી દીધો હતો. રોડ જામની માહિતી મળતાની સાથે જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને રસ્તો રોકી રહેલા લોકોને સમજાવવાનો પ્રયાસ શરૂ કર્યો હતો.સવારે જ્યારે કેટલાક લોકો મથુરા વૃંદાવન રોડ પર સ્થિત પીએમવી કોલેજના જંગલો તરફ ગયા ત્યારે કેટલીક ગાયો મૃત હાલતમાં પડી હતી અને તેમના અવશેષો ત્યાં પડ્યા હતા. ઢોરના અવશેષો જોઈ લોકોમાં રોષ ફેલાયો હતો. જે બાદ ગૌ રક્ષકો સિવાય તમામ હિન્દુ સંગઠનોને આ અંગે જાણ કરવામાં આવી હતી.ગાયોના મૃતદેહો અને અવશેષો મળવાની માહિતી મળતાની સાથે જ ગૌરક્ષકો અને હિન્દુ પક્ષો સાથે જોડાયેલા સેંકડો અધિકારીઓ અને કાર્યકરો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ગુસ્સે ભરાયેલા લોકોએ મથુરા વૃંદાવન રોડ બ્લોક કરી દીધો હતો. જેના કારણે બંને તરફ વાહનોની કતારો લાગી ગઈ હતી.

## ઇટાલીનાં વડાં પ્રધાન જ્યોર્જિયા મેલોની 'યુરોપનાં સૌથી શક્તિશાળી વ્યક્તિ'

। (એજન્સી) રોમ, તા.૧૪ ।

ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીને 'પોલિટિકો' દ્વારા 'યુરોપના સૌથી શક્તિશાળી વ્યક્તિ' જાહેર કરવામાં આવ્યા છે. મેલોની 'બ્રધર્સ ઓફ ઈટાલી' પાર્ટીના નેતા છે. તેમણે દેશમાં મોટી રાજકીય ક્રાંતિ સર્જી છે. એક સમયે કટ્ટર રાષ્ટ્રવાદી ગણાતા મેલોનીને ઈટાલીના પ્રથમ મહિલા વડાપ્રધાન બનવામાં સફળતા મળી છે. ઉપરાંત, બીજા વિશ્વયુદ્ધ પછી તે પહેલી રાઈટ વિંગ સરકારના વડા બન્યા છે. તેમણે ૨૦૨૨માં સુકાન સંભાળ્યું હતું. તેમની પ્રગતિને કારણે યુરોપના રાજકારણમાં મેલોની મહત્વની હસ્તી તરીકે ઉપસ્યા છે. આંતરરાષ્ટ્રીય ચર્ચામાં તે નોંધપાત્ર પ્રભાવ ધરાવે છે. મેલોની મધ્યમવર્ગના પરિવારમાંથી આવ્યા છે. તે વાકછટા માટે જાણીતા છે. ઉપરાંત, તેમણે ઈમિગ્રેશન તેમજ એલજીબીટીક્યુના અધિકારો સહિત વિવિધ મુદ્દા પર નિર્ભય રીતે વિચારો વ્યક્ત કર્યા છે. તેમણે આ વિવાદાસ્પદ મુદ્દાને ધ્યાનમાં રાખીને પોલિસી પણ બનાવી છે, જેને લીધે તેમની છબી એક નિર્ણાયક નેતા તરીકે ઉભરી છે. ટીનએજ ચળવળકાર તરીકે રાજકીય કારકિર્દી શરૂ કરનારા મેલોની ૧૯૯૮થી ૨૦૦૨ના ગાળામાં રોમના કાઉન્સિલર બન્યા હતા. ત્યાર પછી ૨૦૦૮માં સિલ્વિયો બર્લુસ્કોનીની કેબિનેટમાં યુવા મંત્રી બનતા પહેલાં તેમણે 'યુથ એક્શન'ની આગેવાની કરી હતી.

**વિશેષ** પૂ. અનુબેનની પુણ્યતિથિના દિવસે કાર – ટી સેલ થેરાપીનો થશે પ્રારંભ, રૂ. ૧૨ કરોડના ખર્ચથી તૈયાર કરાઇ લેબોરેટરી

## ગુજરાતમાં સૌ પ્રથમ વખત વડોદરાના મૂની સેવાશ્રમમાં કેન્સરના દર્દીઓને મળશે કાર – ટી સેલ થેરાપી



। (માહિતી) ગાંધીનગર ।

વડોદરાના જાણીતા આધ્યાત્મિક વિભૂતિ અને સમાજ સેવિકા પૂ. અનુબેનની પ્રેરણાથી સેવારત ગોરજ સ્થિત મૂની સેવાશ્રમની કેન્સર હોસ્પિટલમાં કર્કરોગગ્રસ્ત દર્દીઓ માટે ગુજરાતમાં પ્રથમ કાર – ટી સેલ થેરાપીની સુવિધા શરૂ થવા જઈ રહી છે. ભારતમાં માત્ર આંગળીના વેઢે ગણી શકાય એટલી જ હોસ્પિટલમાં આ પ્રકારની સારવાર મળે છે અને તે પણ રૂ. ૪૦ લાખના ખર્ચથી ! તેની સામે મૂની સેવાશ્રમમાં કાર – ટી સેલ થેરાપીની તેના અડધા ખર્ચથી કેન્સરગ્રસ્ત દર્દીની સારવાર કરવામાં આવશે.

મૂની સેવાશ્રમમાં કાર્યરત કૈલાસ કેન્સર હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટરમાં કર્કરોગથી પીડાતા દર્દીઓની નજીવા દરે સારવાર કરવામાં આવે છે અને આ સેવા અનેક ગરીબ તથા મધ્યમ વર્ગીય દર્દીઓ માટે આશીર્વાદરૂપ બની છે. હવે અહીં ગુજરાતની પ્રથમ કાર – ટી લેબોરેટરી બનવા જઈ રહી છે. જેની માટે મૂની સેવાશ્રમ દ્વારા અંદાજે રૂ. ૧૨ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. જેનો પ્રારંભ આગામી ૧૮મી ડિસેમ્બરના રોજ પૂ. અનુબેનના પુણ્યતિથિ નિમિત્તે કરવામાં આવશે.

**CAR-T** સેલ થેરાપી શું છે ? એના વિશે જાણવું રસપ્રદ રહેશે. જીવંત દવા તરીકે ઓળખાતી કાર – ટી સેલ થેરાપી એ ચાઈમેરિક એન્ટિજન રીસેપ્ટર ટી સેલનું મિતાક્ષર છે. કર્કરોગ સામે હાલમાં જે દવાઓ અને સારવાર ઉપલબ્ધ છે, તે કારગત ના નીવડે ત્યારે કાર – ટી પદ્ધતિથી સારવાર કરવામાં આવે છે. હાલમાં ઉપલબ્ધ સારવાર દરમિયાન બી – સેલ લ્યુકેમિયા અને બી – સેલ નોન હોજકિન લિંફોમા કેન્સરના કણો સામે પ્રતિકાર ના કરતા હોય તેવા દર્દીઓ માટે કાર – ટી સેલ થેરાપી આશાનું કિરણ બની છે.

કાર – ટી સેલ થેરાપી કેવી રીતે કામ કરે છે, એ જોઈએ તો કેન્સરગ્રસ્ત દર્દીનું રક્ત મેળવવામાં આવે છે. તેના પર ક્લિનિકલ પ્રોસેસ કરી રક્તમાંથી ટી – સેલને તારવવામાં આવે છે. એક ખાસ પ્રકારની કિટમાં દર્દીના ટી – સેલને વેક્ટર થકી કેન્સરના કણો સામે લડતા શીખવવામાં આવે છે. ટી – સેલ એટલા માટે પસંદ કરવામાં આવે છે કે તે જીનેટકલી રોગકારક તત્વો સામે લડી શકવા માટે સક્ષમ હોય છે.

કેન્સરના કોષો ઘણી વખત શરીરની રોગપ્રતિકારક શક્તિથી બચી જતા હોય છે. એથી દર્દીના ટી સેલને કાર – ટી થેરાપીની જીનેટકલી રિપ્રોગ્રામિંગ કરી કર્કરોગના કોષ સામે લડવા સક્ષમ બનાવવામાં આવે છે અને ફરીથી દર્દીના શરીરમાં દાખલ કરવામાં આવે છે. અમેરિકા અને યુરોપિયન દેશોના તબીબી જગતમાં કાર – ટી સેલ થેરાપી બહુ ચર્ચા સાથે આશા જગાવી છે. આ દેશોમાં કાર – ટી સેલ થેરાપી માટે રૂ. ત્રણથી ચાર કરોડનો ખર્ચ થાય છે. ભારતની જૂજ હોસ્પિટલમાં આ થેરાપી ઉપલબ્ધ છે. જેમાં રૂ. ૪૦ લાખ જેટલો ખર્ચ થાય છે. તેની સામે મૂનીસેવા આશ્રમ અડધા ખર્ચે સેવા આપવાનું આયોજન કરી રહી છે.

અમદાવાદ મેડિસિટીમાં કાર્યરત રાજ્ય સરકારની ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટિટ્યુટમાં આગામી દિવસોમાં કાર – ટી સેલ થેરાપીની ક્લિનિકલ ટ્રાયલ શરૂ કરવાનું આયોજન છે.

सत्यमेव जयते
ગુજરાત સરકાર



**શ્રી નરેન્દ્ર મોદી**
માનનીય વડાપ્રધાન, ભારત

“ હું ખરેખર રોમાંચિત છું કે કચ્છનું ધોરડો ગામ, તેના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા અને પ્રાકૃતિક સૌંદર્ય માટે પ્રસિદ્ધ થઈ રહ્યું છે. આ સન્માન ભારતીય પ્રવાસનની ક્ષમતાનું જ નહીં, પરંતુ કચ્છના લોકોના સમર્પણને પણ પ્રદર્શિત કરે છે.

ધોરડો હંમેશા ઝગમગતું રહે અને વિશ્વભરના પ્રવાસીઓને આકર્ષતું રહે! ”



**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

# rann utsav

01st DEC, 2024 to 28th FEB, 2025


# રણ એક રંગ અનેક

કલ્પના કરો એક એવા સ્થળની, જ્યાં ધરતી રાત્રે ચાંદનીના પ્રકાશથી ઝળહળી ઉઠે છે અને સૂર્યોદયની સાથે સોનેરી રંગમાં રંગાઈ જાય છે. આ કચ્છનો જાદુ છે અને રણ ઉત્સવનો અવિસ્મરણિય અનુભવ છે, જે તમારી યાદોમાં જીવનભર શાશ્વત રહેશે.









| વૈભવી ટેન્ટ્સ અથવા કચ્છી ભુંગામાં રહેવાનો અનુભવ | ગાઇડેડ ટૂર સાથે કચ્છ જોવાનો અનુભવ | ઝિપલાઇન, એટીવી રાઇડ્સ અને બીજી ઘણી બધી રોમાંચક પ્રવૃત્તિઓ | સંસ્કૃતિ, ભોજન અને હસ્તકલાનો સમન્વય |
|---|---|---|---|

કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા

**ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ**
ઉદ્યોગ ભવન, બ્લૉક નંબર 16, ચોથો માળ, સેક્ટર - 11, ગાંધીનગર - 382 010, ગુજરાત
**www.gujarattourism.com** • ટોલ ફ્રી નંબર: **1800 203 1111**

DHORDO BEST TOURISM VILLAGE 2023 BY UNWTO
UNWTO World Tourism Organization